# જીવન સંધ્યા

ગુ. ૪૧૨૮

★★★

મહીપતરાય જાદવજી દાઢ.

# જીવનસંધ્યા.

( સામાજિક નવલકથા )

લેખક :

મહીપતરાય જાદવજી શાહ.

પ્રકાશક :

નગીનદાસ જાદવજી શાહ.

વિ. સં. ૧૯૯૭ ∴ વી. સં. ૨૪૬૭ ∴ ઈ. સ. ૧૯૪૦

કિંમત : અમૂલ્ય.

પ્રથમાવૃત્તિ
નકલ ૬૦૦

: મુદ્રક :
શાહ ગુલાબચંદ લલ્લુભાઇ,
શ્રી મહોદય પ્રી. પ્રેસ–ભાવનગર.




સ્વ. શેઠ નરસીદાસ જગજીવનદાસ

શ્રી મહોદય પ્રી. પ્રેસ-ભાવનગર.

# સ્વર્ગસ્થ દાદાજીને અંજલિ.

હરિગીત છંદ.

૧

નરસિંહ  નામ ધરાવીને નરસિંહ સમ કામો કર્યાં,
નિજશકિત સમ ભકિતવડે દીનજનતણાં દુ:ખો હર્યાં;
જીવન હતું નિશદિન અહા ! ઉપકાર કરવામાં બલી,
સ્વર્ગસ્થ દાદાજી ! તમે આજે સ્વીકારો અંજલિ.

૨

ગુરુદેવ પર ભક્તિ અનુકરણીય તમ જોઈ હતી,
વાત્સલ્યકેરી ભાવના અમ પર સદા વિકસી હતી;
છે ધન્ય પરિજન વર્ગને મૂકી ગયા પાછળ વલિ,
સ્વર્ગસ્થ દાદાજી ! તમે આજે સ્વીકારો અંજલિ.

૩

સિત્તેર પર બે (૭૨) વર્ષ જીવી દીર્ઘજીવી તમે થયા,
કલ્યાણકેરી ભાવનાનાં પૂર જીવનમાં ભર્યાં;
સંવત્સરીકેરા દિને અર્પે બધા આજે મળી,
સ્વર્ગસ્થ દાદાજી ! તમે આજે સ્વીકારો અંજલિ.

સં ૧૯૯૭ માગશર શુદ ૮
શનિવાર,
પ્રથમ સંવત્સર દિન

લિ૦
સ્વર્ગસ્થ દાદાજીના
ચરણકિંકરો.

# સ્વ૦ શેઠ નરસીદાસ જગજીવનદાસ શાહનું સંક્ષિપ્ત જીવનવૃતાન્ત.

આ સામાજિક પ્રશ્ન ચર્ચતો ગ્રન્થ જે પુણ્યપુરુષને અર્પણ કરવામાં આવ્યો છે તેમના જીવનની રૂપરેખા જનતા સમક્ષ રજૂ કરવી એ આવશ્યક બીના છે.

જનતા જેને રામરાજ્ય એવું બીજું ઉપનામ આપે છે તે ભાવનગર શહેરના પ્રતિષ્ઠિત જૈન વીસાશ્રીમાળી કુટુંબમાં શ્રી નરસીદાસનો જન્મ વિ. સં. ૧૯૨૪ ની સાલમાં થયો હતો.

શ્રી નરસીદાસને લગભગ આઠ વર્ષની વયના મૂકીને તેમના પિતાશ્રી શેઠ જગજીવનદાસ સ્વર્ગવાસી થયા હતા, જ્યારે તેમના મોટાભાઈ શ્રી જીવરાજભાઇને શિરે તેમના ઉછેર તેમજ કેળવવાનું કાર્ય આવી પડ્યું હતું જે તેમણે પિતાતુલ્ય બજાવ્યું હતું.

શાન્તમૂર્તિ મુનિવર્ય શ્રી વૃદ્ધિચંદ્રજી જેવા સદ્ગુરુના યોગે બાલ્ય-કાળમાંથી શ્રી નરસીદાસમાં ધાર્મિક સંસ્કારો પડ્યા હતા, જે તેમના જીવનના અંતપર્યંત જેવા ને તેવા સ્વરૂપમાં નજરે પડતા હતા.

સં. ૧૯૩૯ ની સાલમાં શ્રીમતી પાર્વતીબાઈ સાથે લગ્નગ્રંથીથી જોડાયા હતા અને તેમનાથી સંતતિમાં બે પુત્રો* અને બે પુત્રીઓ થયાં હતાં.

ભાવનગરમાં ચાલતી પેઢીનો વહીવટ તેમણે પોતાની ભરજુવાનીમાં જ હાથ ધર્યો હતો અને કુશળતાથી આગળ ધપાવી સારી નામના સંપાદન કરી હતી.

---

*પુત્રો—શ્રી. જાદવજીભાઇ અને શ્રી. પરમાણંદદાસ

પુત્રીઓ—શ્રીમતી પુનીબહેન અને ચંપાબહેન

શ્રી. નરસીદાસની વૃદ્ધાવસ્થામાં પેઢીનો સઘળો કારભાર તેમના પુત્રો શ્રી. જાદવજીભાઈ તેમ જ શ્રી. પરમાણંદાસભાઇએ સંભાળી લઈ પિતાશ્રીને નિવૃત્તજીવન ગાળવામાં વધુ અનુકૂળતા કરી આપી હતી.

પોતાના નિવૃત્તજીવનમાં સામાયિક, પ્રતિક્રમણ, દેવપૂજન વગેરે ધર્મ-કૃત્યો યથાશક્તિ ચાલુ જ રાખતા હતા એવામાં યોગાનુયોગે સં. ૧૯૮૮ની સાલમાં શ્રી સમ્મેતશિખરજી જેવાં દૂરનાં તીર્થની યાત્રાઓનો લાભ પણ પોતાના જીવનમાં લઈ શક્યા હતા.

શ્રી. નરસીદાસ મુંબઇખાતે સં. ૧૯૪૯ માં પહેલીજ વાર આવ્યા હતા એમ નહિ, પરન્તુ સં. ૧૯૯૩ માં પણ આવ્યા હતા. પુનઃ ભાવનગર ગયા; પરન્તુ તબિયત નાદુરસ્ત રહેવા લાગી, તેથી મુંબઈના સારા વૈદ્ય અને ડૉક્ટરોનો લાભ મળે એવા હેતુથી સં. ૧૯૯૬ ના માગશર શુદ ૫ ને રોજ તેમને તેમના મોટા પુત્ર શ્રી. જાદવજીભાઇ પોતાની સાથે મુંબઇ લાવ્યા.

વિધિનું નિર્માણ કાંઇ જુદું જ હશે તેથી સં. ૧૯૯૬ ના માગશર શુદ ૮ ની રાત્રે જી. આઈ. પી. ના માટુંગામાં ભોજનિવાસમાં તેઓ સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા.

પરમાત્મા સદ્ગતના આત્માને અમર શાન્તિ અર્પો !

એ જ ભાવના.

× × ×

"I heartily wish good blessing to his soul. Such is my pray to God."

M. J. Shah.

# આભાર

મારી પાસે હતો એક દેહ અને તેને સજવાના આભૂષણો. અને તે આભૂષણો યોગ્ય રીતે સજવામાં મેં બનતો પ્રયાસ કર્યો અને તેમાં મને સહાય કરી શ્રીયુત્ કીશોરચંદ નવલચંદ શાહે સુધારા કરવામાં, શ્રીયુત્ માવજીભાઈ દામજીભાઈ શાહે કાવ્ય કરવામાં, શ્રીયુત્ શાન્તિલાલ ભાઈ ઝવેરીએ મુખપૃષ્ઠ માટે સુંદર સુશોભિત કલામય ફોટોગ્રાફ આપવા માટે

અને હું તેઓની સહાય માટે માનું છું તેમનો આભાર !

લિ૦

મહીપત શાહ.

# અનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| ૧ ઉષા ... ... ... ... ... ... | ૧ |
| ૨ ઊરનાં સ્મરણ ... ... ... ... ... | ૯ |
| ૩ દવાખાનામાં ... ... ... ... ... | ૧૮ |
| ૪ દુઃખદ મૌન ... ... ... ... ... | ૨૮ |
| ૫ હૃદય ... ... ... ... ... ... | ૩૭ |
| ૬ નવવધૂ ... ... ... ... ... | ૪૭ |
| ૭ દારિદ્ર... ... ... ... ... ... | ૫૬ |
| ૮ કોની ખાતર ?... ... ... ... ... | ૬૬ |
| ૯ માતાની શય્યા ... ... ... ... ... | ૭૩ |
| ૧૦ મૃત્યુના કાંઠે... ... ... ... ... | ૮૧ |
| ૧૧ અંધકાર પાછળ... ... ... ... ... | ૮૮ |
| ૧૨ આછાં અજવાળાં ... ... ... ... | ૯૪ |
| ૧૩ વ્યર્થ આશા ... ... ... ... ... | ૧૦૩ |
| ૧૪ સમાજનાં બંધન ... ... ... ... | ૧૧૧ |
| ૧૫ સડતી ભીતરમાં... ... ... ... ... | ૧૧૭ |

# જીવન સંધ્યા



લેખક : મહીપતરાય જાદવજી શાહ.

# ઉષા

વિશ્વનું વિરાટ કલેવર ઉષા અને સંધ્યાનાં સોનેરી વસ્ત્રોથી આવૃત ન બન્યું હોત તો? સંસારવાડીની વિશાળ કુંજોમાં ઉષા અને સંધ્યાનાં લલિત નૃત્ય ન થતાં હોત તો? જગતના મંડપ તળે એ રસમય કાવ્યો ન રોળાતાં હોત તો? આ વિરાટ વિશ્વ આજના પશુ જેવા રાજાઓના રસહીન હૃદય જેવું વેરાન અને ભયંકર હોત.

પંખીઓએ સાયંગાન પૂર્ણ કર્યું. સંધ્યાનો શરમાળ દેહ અદૃશ્ય થયો. ઉષાએ માતૃવંદન કરીને સંધ્યાપ્રદીપ પ્રગટાવ્યો. રમતા કાવ્ય જેવી ઉષા આજે કંઇ નિસ્તેજ હતી. તેના મન વચ્ચે રહેલી એક અદૃશ્ય વ્યથા મસ્તક ઉન્નત કરીને આજે જાગૃત થઇ છે. એ વ્યથાના
૧ કમ્પાવનારા તારો તેના હૃદયમાં પ્રબળવેગે ઉત્પાત મચાવી રહ્યા છે. આજ તેનું મન એકાંત ઇચ્છે છે. સંધ્યાપ્રદીપ પ્રગટાવીને ઉષા પોતાના ખંડમાં ચાલી ગઇ અને બારી પાસેના એક સોફા પર દેહ ઢાળીને પડી.

ઉષાને એકાંતમાં વિચાર કરવાનો સમય જોઇએ છે!

સંસારનાં કાર્ય-કલરવ વચ્ચે ઉષાએ પોતાના જીવનને આજ-સુધી ડૂબાડી દીધું હતું. ડૂબવામાં નહોતો થાક જોયો, નહોતી વેદના અનુભવી. તે તો ઊર્મિભર્યા હૈયે ભરપૂર હતી, પરન્તુ આજે તેનો આનંદ ઘવાયો છે. ન સહી શકાય એવું દર્દ તેના હ્રદયને ચૂર્ણ-વિચૂર્ણ કરી રહ્યું છે. તેથી જ એકાંત જોઇએ છે. નિરવતામાં વિચારમાળાઓ ગુંથીને તે પોતાના મનનો ભાર હળવો કરવા લલચાણી છે. પણ વિશ્વમાં એકાંત છે જ કયાં?

ઉષા વેદનાનાં કરુણ કાવ્યો વચ્ચે અથડાણી.

"ભાભી...?" મીઠા શબ્દોથી ભાભીને હંમેશા ભીંજવતો દિયર સુરેશ ઉષાના ખંડમાં દાખલ થયો. ઉષાએ ચિંતાના ભારથી ઢળેલાં નયનોવડે સુરેશ સામે નજર કરી.

સુરેશે એ તરફ લક્ષ્ય ન કરતાં કહ્યું: "ભાભી, સિનેમા જોવા આવો છો ને? ટિકિટો મળી ગઈ છે."

ઉષાએ મૃદુ સ્વરે કહ્યું: "આજ તો હું નહી આવું."

"શું? સિનેમા જોવા નથી આવવું? સાચું કહો છો? ફિલ્મ બહુ સારી છે." સુરેશ વિસ્મયભરી નજરે ઉષા સામે જોઇ રહ્યો. ભાભીને આજે સિનેમા પ્રત્યે અરુચિ થઇ છે એવું સાંભળવા છતાં સુરેશ વિશ્વાસ કરી શકયો નહી, કારણ કે હંમેશની સ્ફુર્તિમય ઉષા આમ એકાએક કહેશે એવું તેણે ધાર્યું જ નહોતું. સિનેમાનું નામ સાંભળતાં જ ઉષા નાચી ઊઠતી. ફિલ્મ સારી છે કે ખરાબ એ પ્રશ્ન પણ નહોતો ઊઠતો. ઉષાએ મ્લાન

હાસ્ય વેરતાં કહ્યું: " સુરેશભાઇ ! આજે મારું શરીર સ્વસ્થ નથી, નહિ તો ...... "

એ જ પળે સુરેશ સચિંત થઇ ગયો, અને કહ્યું: " શું શરીર સ્વસ્થ નથી ? તો બાને કેમ ન કહ્યું ? હું કહું છું .... "

ઉષા અસ્ફુટ સ્વરે પ્રતિવાદ કરવા ગઇ પરન્તુ એ પહેલાં જ સુરેશ ખંડ બહાર નીકળી ગયો. ઉષાએ સુરેશના ગમન-પંથ પ્રત્યે દૃષ્ટિ કરીને કરુણ નિ:શ્વાસ નાખ્યો અને નયનો મીંચી દીધાં.

સુરેશ પુરુષ છે માટે જ બાનું પરિવર્તન આટલા દિવસે પણ જોઇ શક્યો નથી. સુરેશને ખબર નહોતી કે ગઇ કાલની બા અને આજની બા એક નથી. આજે ઉષાનું શરીર અસ્વસ્થ છે એવું સાંભળીને બા દોડી નહી આવે. વ્યાકુળ સ્વરે એમ નહિ પૂછે કે: " ઉષા તને શું થયું છે ? "

કેવા વિપુલ સ્નેહથી ઉષાનો સત્કાર આ આંગણે થયો હતો ? સાસુ અને શ્વસુરના પ્રેમાળભાવ જોઇને તે આત્મ-વિસ્મૃત બની ગઇ હતી. જન્મથી જ ઉષા પિતૃહીન હતી. તેણે જીવનમાં વાત્સલ્ય ઝીલ્યું નહોતું. ' પિતાને ભરખી જનારી અભાગણી ' કહીને જ કુટુંબીજનો તેને સંબોધતા. સગી માતાએ કદી મીઠી નજર નહોતી કરી.

ઉષાના નયનપલ્લવ આંસુથી ઉભરાયાં. શિથિલ હાથવડે નયનો લુંછીને ઉદાસ નેત્રે તેણે બારીદ્વારા ઉદાર પ્રકૃતિના ચરણો સામું જોયું.

આ ગૃહમાં ઉષાએ પગ મૂક્યો ત્યારે આ લોકોની સ્થિતિ આજના જેવી સારી નહોતી. ઉષાનો સત્કાર અપરૂપ સૌંદર્યના

પ્રતાપે જ થયો હતો. ગૃહસંસારનાં પ્રત્યેક કાર્યો ઉષાને કરવાં પડતાં, છતાં ય એ દિવસો કેટલા સુખમય હતા...... ? સ્મરણોમાં ઝુલતી ઉષાના હૃદયમાં અનિમની એ સ્મૃતિએ આજે દૂર દૂર વિખરાયેલા કોઇ સ્વપ્ન સમી ભાસવા લાગી.

પહેલાં ગૃહકામ કરતી ત્યારે તેની સાસુ કમળાના હૃદયમાં વ્યથા થતી. બને ત્યાંસુધી કમળા વહુને કશું કામ કરવા દેતી નહી. ઉષાના શ્વસુર મોતીલાલ તો એમ જ કહેતા કે " સોનાની પ્રતિમાને આંગણે લાવીને અમે એવું કષ્ટ આપીએ છીએ કે પ્રભુ પણ અમને માફ નહિ કરે. " આ શબ્દો સાંભળીને ઉષા શરમ અને સંકોચથી અપ્રસન્ન બની જતી. પોતે તો ગરીબ ઘરની કન્યા હતી. કામકાજ કરીને તો આટલાં વર્ષો વિતાવ્યાં હતાં ...એ બધું આ લોકો જાણતા હતા, છતાં આમ શા માટે શરમાવી રહ્યાં હશે ?

ત્યાર પછી...... ?

દર્દભર્યો એક નિઃશ્વાસ નાખીને ઉષાએ પોતાના મૂલ્યવાન ઉપાદાનોથી શણગારેલા સુંદર ઓરડામાં ચારે ય તરફ એક નજર કરી. એ ઓરડામાં હસી રહેલાં પ્રત્યેક ઉપાદાનો પાછળ ઉષાએ પોતાના સ્વામી અરુણની છાયા નિહાળી. એ આવી ત્યારે ભવ્ય મકાન હતું જ નહિ. આ સમૃદ્ધિ પણ નહોતી. પણ આજે તો અરુણ પ્રતિષ્ઠાના શિખર પર ઉન્નત મસ્તકે ખડો છે. કર્મનિષ્ઠ સ્વામીના બાહુબળથી દરેક પ્રકારનો અભાવ દૂર દૂર ઘસડાઇ ગયો છે.

પણ ઉષાના મનને અહીં જ ધક્કો લાગ્યો. શું આભાવ દૂર થયો છે ? કશો અભિયોગ નથી રહ્યો ? ના...ના...આભાવ દૂર

નથી થયો. પોતાના બન્ને હાથ વચ્ચે મસ્તક દબાવી ઉષા ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી.

આભાવ દૂર નથી થયો. અભિયોગ ઊભો જ છે.

બહારનો આભાવ દૂર થતાંની સાથે જ તેણે અંતરની સંપત્તિ ગુમાવી દીધી છે. એ આભાવ કોણ દૂર કરશે ? કોણ અવલોકશે ? સાસુ, સસરાનો અસિમ પ્રેમ, પરિજનવર્ગની પ્રીતિ આજે ઉષાએ ગુમાવી દીધેલ છે. અને સ્વામી... ?

ઉષા ચમકી ઊઠી. એ જ તો દર્દ છે. ત્યાં પણ કલાન્તિનાં દર્શન છે. સ્વામીના પ્રેમને પણ તે સાર્થક ન કરી શકી. એ નિરાશાથી સ્વામીનું હ્રદય પણ ભગ્ન બની ગયું છે. પરન્તુ ઉષાના ચિરાયેલા હ્રદય તરફ નજર કરીને કોઈના પ્રાણમાં સહાનુભૂતિ કાં નથી જન્મતી ? જે અભાગી નારી જીવનમાં માતૃત્વનું ગૌરવ નથી પામી શકી તે નારીના અંતરની દુઃસહ વેદના સાથે વિશ્વની કોઇ પણ વ્યથાની તુલના નહિ થઇ શકે.

હા... પરન્તુ અરુણને એનો વિચાર જ ક્યાં આવે છે ? એ પણ ઉષાનો અપરાધ ? ઉષા પ્રબળ વેગે નિરવ રડવા લાગી. કલકત્તાની રાત્રિ, ચારે ય દિશાનું વાતાવરણ જાણે ઉષાના અંતરની વિપુલ વ્યથાના સ્પર્શથી મ્લાન બની ગયું ! કોઇપણ દિશા ઉષાના પ્રાણને સાંત્વન આપવા જાણે તૈયાર નથી !

અનેક ક્ષણો રડીને ઉષા શાન્ત થઇ. આટલા વિચાર પછી તેને કંઇક ઠીક લાગ્યું.

“ ઉષા... ! ”

સાસુના સાદથી ચમકીને ઉષા સોફા પરથી ઊભી થઇ ગઈ.

ઉષા સામે કડવી નજરે જોતાં કમળાએ કહ્યું: " ક્યારની રસોઇ થઈ ગઇ છે. મહારાજે કેટલી બૂમો મારી ? "

બીજું કશું સાંભળતાં પહેલાં ઉષાએ બહાર જવા પગ ઉપાડ્યો. " સાંભળ... " કમળાએ કહ્યું. કેવો મમતાહીન અવાજ ! રૂક્ષસ્વર !

ઉષાએ ચમકીને સાસુ સામે જોઇને નયનો નીચાં ઢાળ્યાં.

કમળાએ એવા જ અવાજે કહ્યું: " આજે સુરેશ ઉપર અરુણનો કાગળ આવ્યો છે. સુરેશ ઘેર નહોતો એટલે એમણે ફોડ્યો છે. " સાસુએ જરા વિસામો લીધો. ઉષા ચકિત નેત્રે સાસુ સામે નજર કરીને કંપી ઊઠી. કેવી વિપુલ વિરક્તિ કમળાના વદન પર પ્રગટી ઊઠી છે !

આશ્ચર્યભર્યા સ્વરે કમળાએ કહ્યું : " એમાં શું લખ્યું છે એ જાણો છો ? "

આ વળી: કેવો પ્રશ્ન ? અરુણનો પત્ર આવ્યાની ખબર અત્યારે જ પડે અને તેમાં શું લખ્યું એ કેવી રીતે કહી શકાય ? ઉષા નમેલા વદને ઊભી રહી. ચિરદિન મસ્તક નીચું રાખેલી ઉષામાં આજે નયનો ઊંચા કરવાનું પણ સાહસ નથી રહ્યું. આવા પ્રશ્નોનો પ્રતિવાદ તો થાય જ કેમ ?

કમળાના કંઠમાં આ વખતે સ્પષ્ટભાવે વ્યંગ વ્યક્ત થયો. કહ્યું: " તને ડૉક્ટર પાસે લઇ જવાનું લખે છે. "

ઉષા નિરવ ભાવે નીચા મસ્તકે ઊભી રહી. કમળા વધુ વખત ન ઊભી રહી. ક્રોધ અને ક્ષોભથી તેનું હૃદય સળગી રહ્યું હતું.

જે નારી વંધ્યત્વનું દુર્ભાગ્ય લઇને વિશ્વમાં જન્મે તેને ડૉક્ટરો શું કરી શકે ? કમળા કશું સમજવા તૈયાર નહોતી. તેની ચૌદ

પેઢીમાં કોઇ વહુ એવી નહોતી કે જેને ડૉકટર પાસે જવું પડયું હોય. પણ અરુણ જેવા પ્રતિષ્ઠાસંપન્ન પુત્રના આદેશને ઠોકર મારવી એ કમળા માટે યોગ્ય નહોતું. અરુણ જો કમાઉ પુત્ર ન હોત તો આ પ્રશ્નનો એવો જ નિર્ણય આવ્યો હોત કે એક તરફ વહુ–દિકરો અને મા–બાપ બીજી તરફ. સંસાર સાથે નભી શકત નહિ.

બિચારા મોતીલાલ કોઇ પણ યુક્તિથી એમ ન સમજાવી શકયા કે ડૉકટરને બતાવવામાં કશો દોષ નથી, પણ કદાચ ભવિષ્યમાં માતા થવાનું ભાગ્ય પ્રાપ્ત કરી શકાય.

કમળાએ તો ક્રોધમાં એમ જ કહ્યું કે: “ તમને શું ખબર પડે ? સાત સાત વર્ષો થયા છે છતાં જે વહુ એમ ને એમ રહી છે એને શું ભવિષ્યમાં બાળકો થશે ? ”

મોતીલાલ શાંત પ્રકૃતિના હતા. કોઇ પણ વિષય પર વાદાનુવાદ કરવો એ તેમનો સ્વભાવ જ નહોતો. તે તો ચૂપ જ થઈ ગયા. પરન્તુ કમળાના તીવ્રતાભરેલા ઉપરના શબ્દોએ પડદા પાછળ આંસુ સારતા ઉષાના હૃદય પર કારી ઘા માર્યો. ઉષા સ્થિર ન રહી શકી. દર્દભર્યા અશ્રુઓને રોકતાં તેણે મનથી કહ્યું: “ બા ! જે સ્વરૂપ કાળના પડદા પાછળ અનાગત છે તેની માયામાં મારા પ્રત્યે આટલાં નિષ્ઠુર શા માટે બનો છો ? ”

પણ ઉષાએ સમજવામાં ગંભીર ભૂલ કરી. કેવળ ઉષાના સૌન્દર્ય ખાતર આ આંગણે તેનો સત્કાર કરવામાં નહોતો આવ્યો. એ સત્કાર પાછળ તો અનાગતની આશા ભરી હતી. જ્યાંસુધી પ્રતીક્ષાનો સમય હતો ત્યાં સુધી તો સંસારમાં ઉષા પ્રત્યે માયા, મમતા અને પ્રીતિના ગીતોમાં નિષ્ઠુર સૂરો નહોતાં જન્મ્યાં;

પરન્તુ આજે સમય નથી, આશા નથી અને તેથી જ વીણાના દરેક તાર ઢીલા પડી ગયાં છે. એ તારો મેળમાં નથી. સૂરધામનાં સંગીત આકર્ષણ વગરનાં બન્યાં છે.

ઉષાને ક્યાં ખબર હતી કે સાસુની માયા ઉષાના રૂપ પર નહી પણ આવતી કાલની આશા પર હતી.

અને આશાના દોર ઢીલા પડ્યા પછી ઉષાનું દેવાંગના જેવું રૂપ માધુર્ય શા કામનું ?

# ઉરનાં સ્મરણ

કમળા મનમાં ને મનમાં ગમે તેટલી બળતરા કરે પરન્તુ ઉષાને દવાખાને મોકલતાં રોકી શકી નહિ. કમળાએ તો નિર્ણય જ કરી લીધો હતો કે હવે ઉષાને બાળ–બચ્ચાં થવાનાં નથી, છતાં ય જ્યારે અરુણે લખ્યું ત્યારે તેઓ ડૅાકટરી તપાસની આડે ન આવ્યાં, ભલે એક વાર જઇ આવે અને મનનો વ્હેમ ટાળે.

કમળા માટે બીજું દર્દ તો એ હતું કે ઉષા પ્રત્યેનો અરુણનો અતૂટ અનુરાગ, એ અનુરાગ જોઇને જ કમળા પોતાના હૃદયની એક ગુપ્ત આશા આજ સુધી અરુણ સમક્ષ રજૂ કરી શકી નહોતી.

કમળાના હૃદયની ગુપ્ત આશા એ હતી કે પાડોશના
૨ એક સાધારણ મકાનમાં એક ગરીબ વેપારી પરિવાર રહેતો હતો. એ પરિવારની સ્થિતિ એવી હતી કે આજ લાવે અને કાલ ખાય. એ વેપારીની એક કન્યા હતી. તેનું નામ નિર્મળા હતું. ઉષા જેવી સુરૂપ નહોતી

છતાં ય નમણી હતી. કમળાના હૃદયમાં એમ હતું કે અરુણના ફરી લગ્ન નિર્મળા સાથે કરવાં, પણ અરુણનો ઉષા પ્રત્યેનો અનુરાગ જોઇને કમળા પોતાના પુત્ર સમક્ષ આ પ્રસ્તાવ ઇચ્છા છતાં રજૂ કરી શકી નહિ.

છેલ્લા દોઢ માસથી અરુણને દિલ્હી જવું પડ્યું. અરુણ એક નામાંકિત ઇન્સ્યુરન્સ કંપનીનો મુખ્ય મેનેજર હતો. દર મહિને બારસો રૂપિયાનો પગાર અને તે ઉપરાંત બીજું ઘણું મળતું. આ કંપનીની દિલ્હીની શાખામાં એક મોટો ગોટાળો થઇ ગયેલો એ કામ વ્યવસ્થિત કરવા માટે અરુણ છેલ્લા દોઢ માસથી દિલ્હી ગયો હતો અને હજી ત્યાં કેટલો સમય થશે એ નક્કી ન હતું. કમળાએ આ પ્રસંગે એવો વિચાર કર્યો કે અરુણ સાથે નિર્મળાનો સંબંધ નક્કી કરીને પછી અરુણને સમાચાર આપવા.

પણ એ જ સમયે અરુણનો પત્ર આવ્યો તે કમળાને ઓછા ક્રોધનું કારણ નહોતું.

ઉષાને લઇને સુરેશ દવાખાને ગયેલો. કમળાને આ કશું ગમતું નહોતું. ઉષા પરનો તેનો પ્રેમ આજે સંકુચિત બની ગયો હતો.

સુરેશ દવાખાનેથી પાછો આવ્યો ત્યારે પણ કમળાના ચહેરા પર એવી જ ક્રોધભરી રેખાઓ હતી. ઉષા પોતાના ખંડમાં ચાલી ગઇ. સુરેશે માતાને કહ્યું: “ બા, ડૉકટરે કહ્યું છે કે ભાભીને દવાખાનામાં ચિકિત્સા કરાવવી પડશે અને લગભગ છ માસ ત્યાં રહેવું પડશે. ”

કમળાએ કહ્યું: “ શા માટે ? વહુને એવું શું દરદ છે ? ”

ઉષા પ્રત્યે સુરેશની લાગણી અપાર હતી. ઉષા પણ સુરેશને નાનો ભાઇ ગણીને સાચવતી. માતાનો પ્રશ્ન સાંભળીને સુરેશ લજ્જિત બન્યો. " એ મને શી ખબર પડે ? " કહીને તે ચાલ્યો ગયો.

કમળા તરત ઉષા પાસે ગઇ ને પૂછ્યું: " તને એવું શું દરદ છે કે છ માસ સુધી દવાખાનામાં રહેવું પડશે ? અને આજ સુધી તેં કહ્યું શા માટે નહી ? "

ઉષાની જીભ પર મુક્તિ અર્થે એક તીવ્ર વાણી દોડી આવી, પરન્તુ ચિરદિનથી સહી રહેલી ઉષા એ વાણીને ગળી ગઇ. પોતાના મનોભાવનું દમન કરીને ઉષાએ સહજ સ્વરે કહ્યું: " એમ જ. મને કંઇ દરદ નથી બા... , છતાં ય ડૉકટર કહે છે... "

ઉષા વાકય પૂરું કરે એ પહેલાં જ કમળાએ કહ્યું: " તને કંઈ દરદ છે નહિ, અને ડૅાકટર કહે છે કે રોગ છે, માટે જ દરદ છે એમ ને ? "

ઉષાના નયનોમાં નિર ઉભરાયું. નિષ્ઠુરતા હજી પણ સહી શકાય પરન્તુ આ પ્રમાણેની અજ્ઞાનતા કેવી રીતે સહી શકાય ? શું કમળાને કશી ખબર નથી ? એ તો બધું જાણે છે છતાં આમ શા માટે ?

ઉષાને નિરવ જોઈને કમળાએ પોતાનો બુદ્ધિવૈભવ વ્યક્ત કરવા શ્લેષભર્યું હાસ્ય વેરતાં કહ્યું: " ઠીક ત્યારે, જઈ આવો દવાખાનામાં, કોને ખબર શું થવા બેઠું છે ? " કહીને તે એકદમ મોતીલાલના ઓરડા તરફ ચાલી ગઈ, પરન્તુ તેના મુખમાંથી વેરાયેલું વિષ ઉષાના સુંદર દેહને શ્યામ કરતું ગયું.

ઉષાએ પોતાના ખંડમાં શોભી રહેલી શ્રી કૃષ્ણની મહા-વિશાળ ચિત્ર-પ્રતિમા સામે એક કરુણ નજર કરી અને એ પ્રતિમાના ચરણોમાં ઢળી પડતાં કરુણ સ્વરે પ્રાર્થના કરી: "પ્રભુ! એક વાર એના સામે નજર કર... એની આશા પૂરી કર. તારા સિવાય અત્યારે મારું કોણ છે? મારા ખાતર નહિ પણ મારા સ્વામીની ખાતર... પ્રભુ... પ્રભુ."

અરુણના અપરિસીમ પ્રેમનું સ્મરણ થતાં આનંદના આવેશ-થી ઉષાના બંને નયનો અશ્રુથી છલકાયાં. અરુણ જેવો પ્રેમાળ, સુંદર સ્વામી કેટલી સ્ત્રીઓના ભાગ્યમાં હશે? ક્ષણ પહેલાં કમળાએ વેરેલા વિષનો પ્રકોપ અશ્રુ, પ્રેમ અને સ્વામીના સ્મરણ-ભાવથી ઉષાના નયન માર્ગેથી સરી પડ્યો.

હરહંમેશ ભારે રહેતું હૃદય આજે કંઈક હળવું બન્યું. આરામખુરશી પર બેઠક લઈને તેણે અરુણનાં પત્રનો જવાબ લખવો શરૂ કર્યો.

પત્ર લખતાં લખતાં ઉષાનું હૈયું વિચાર-ઝૂલે નાચવા માંડ્યું. અરુણની આદરભરી સ્નેહકથા, સ્વામીની મીઠી પજવણી વગેરે ચિત્ર એક પછી એક ઉષાના મનમાં ઉભરાવા લાગ્યાં. ઉષાનું પત્રલેખન દૂર થયું. સ્વામીના સ્મરણમાં એટલી વિભોર બની ગઈ કે તેણે કલમ ને કાગળ એક બાજુ મૂકી દઈને અરુણના સુંદર ફોટા સામે સ્થિર દૃષ્ટિ કરી. મૌનભાવે, સ્થિર નયને અને પુલકિત હૃદયે સ્વામીના ચિત્રનું અવલોકન ઉષાને મીઠું લાગ્યું.

વર્તમાન વિચ્છેદનો આયુષ્યકાળ કંઈ બહુ મોટો નથી થયો-કેવળ દોઢ માસ જ પસાર થયો છે, પરન્તુ અત્યારે ઉષાના અંતરમાં થયું કે વિશ્વના સઘળા વરસો-યુગ યુગાન્તર જાણે વીતી ગયાં છે. અરુણ આટલા દિવસોથી શું કરતો હશે? દોઢ માસ

થયો છતાં ય ઑફિસના ગોટાળાનો અંત નહિ આવ્યો હોય ? આહ્ ! અત્યારે જો અરુણ પાસે હોય તો ...... ?

ઉષા જરા ચંચળભાવે ખુરશી પર સ્થિર થઇ ગઇ. અરુણને દિલ્હી જવાનો પ્રસંગ અને એ સમયની વિદાયવાણી એના હૈયે ઉભરાણી.

દિલ્હી જવાના દિવસે અરુણે ઉષાને હાથ પકડીને કહ્યું હતું કે : " વરસોથી તને પીડી રહ્યો છું...... પણ આ વખત થોડા સમય તને રજા આપું છું. " આ શબ્દો સાંભળી ઉષા રડી પડી હતી અને અરુણના વદન પરનું ચપળ હાસ્ય એ સમયે સૂકાઇ ગયું હતું. તેણે ઉષાના નયનો લૂછતાં લૂછતાં કહ્યું કે : " ઉષા, આ શું કરે છે ? આમ તો તેં કદી પણ નથી કર્યું."

અરુણ ખરેખર અભિભૂત થઇ ગયેલો. તેણે જીવનમાં પહેલી જ વાર ઉષાનું રુદન જોયું–આંસુ અવલોકયાં. તેણે પલભરના મૌન પછી ઉષાના મસ્તક પર હાથ મૂકીને કહેલું કે : " વધારે દિવસો માટે તો હું જતો નથી ઉષા, બહુ બહુ તો ચાર છ મહિના લાગશે, છતાં ય હું જેમ બનશે તેમ હું વહેલો આવીશ." આ સાંભળી ઉષા વધુ રડી પડી હતી. અરુણે સ્નેહભર્યા સ્વરે કહ્યું કે : " ઉષા, શું મારા અંતરમાં કશું દર્દ નહિ થતું હોય ? પુરુષને પણ અંતઃકરણ જેવી એક વસ્તુ હોય છે અને તારા અરુણને તો છે જ. "

આ સાંભળીને ઉષાના ગળા સુધી એક સત્ય આવી ચડયું હતું ...." અરુણ હું શામાટે રડું છું એ તમે હજી પણ નથી સમજી શકતા ! તમારા ગયા પછી હું અહીંની આવહેલના કેવી રીતે સહી શકીશ ? " પરન્તુ આ શબ્દો તેણે સ્વામી સમક્ષ ન

કહ્યાં, તેથી જ તો સમગ્ર વિશ્વની વિપુલ વેદના ઉષાના બંને નયનોદ્વારા અશ્રુરૂપે ઉભરાણી હતી. સ્વામીની ગેરહાજરીમાં તિરસ્કારની માત્રા વધશે એ આશંકાથી જ ઉષાનું હૃદય વિશેષ રડી રહ્યું હતું.

ઉષા પ્રત્યે માતાના વિપરીત મનોભાવ અરુણથી અજ્ઞાત હતા; નહિ તો અવશ્ય ઉષાના આંસુ પાછળ રહેલો ઇતિહાસ અરુણ ઊકેલી શકત અને પરણ્યા પછી અરુણ ત્રણ વર્ષ માટે વિખૂટો પડ્યો હતો ત્યારે તો ઉષાના નવપલ્લવિત દેહ પર કોમળ ભાવોનો વિકાસ થતો હતો, એ રૂપ માધુર્ય ખીલી રહ્યું હતું, બંને હૃદય એ સમયે આશાતુર હતાં, છતાં ય એ દીર્ઘ વિચ્છેદ સમયે ઉષા જરાયે નહોતી રડી. હસતે હૈયે સ્વામીને વિદાય આપી હતી અને કહ્યું હતું કે: “પુરુષ તો કાર્યક્ષેત્રમાં જ શોભે.” અને એ પછી તો અખંડ મિલનમાં ચાર ચાર વર્ષો વિતી ગયાં. પ્રથમ યૌવનની રંગીન માદકતા બંનેએ ખૂબ ઝીલી હતી, છતાં ઉષા સામાન્ય બે ચાર માસના વિચ્છેદની વ્યથાએ શા માટે રડે છે? જે ઉષા ત્રણ ત્રણ વર્ષનો વિચ્છેદ સહી શકી, એ ઉષા ચાર માસના વિચ્છેદથી કેમ કંપી રહી છે?

પણ અરુણ ઉષાના ઉરની વ્યથા ક્યાં જોઇ શક્યો હતો? અંધ!!

અરુણ અપલક નેત્રે તેના સામું જોઇ રહ્યો હતો. ઉષા તો સુન્દર છે. તેનાં નયનોના નીર પણ કેટલા સુંદર છે? ઉષાએ હસવાની ચેષ્ટા કરતા કહેલું કે: “તમે આમ એક નજરે શું જોઇ રહ્યાં છો?”

અરુણે અસ્ફુટ સ્વરે કહેલું: “તારા આંસુ!”

આ સાંભળીને ઉષાના નયનો વળી પાછા જળમય બન્યાં. છતાં ય તે બોલી હતી: "તમારા વગર રહેવાથી શું દર્દ ન થાય?"

"આટલા વર્ષો વિત્યાં પછી પણ....?"

"એટલે ? મને તો એ વર્ષની કશી ખબર જ નથી રહી. અને તમારી સાથે રહેવાના મને કેટલા દિવસો મળ્યા છે ? પ્રથમ યૌવનમાં સ્વામીનું આકર્ષણ હોય, ત્યારપછી સઘળી મમતા સંતાન પર વરસે. મને તો એ કશું છે જ નહિ. મારું સમસ્ત આકર્ષણ કેવળ તમારા જ ફરતું છે–તમને જ ઝંખી રહ્યું છે." ઉષાના હાસ્ય પાછળ પણ રુદન છુપાયું હતું. ઊભું કરેલું રુદન કયાં સુધી ટકે ?

આ સાંભળી અરુણ એકાએક ચપળ બની ગયો હતો. તેણે ઉષાનું મસ્તક પોતાની છાતી પર દબાવતા કહેલું: "દિવાની ! શું હું પાછો નથી આવવાનો ?"

ઉષાના નયન–ખૂણેથી દડદડ આંસુ ટપકવા લાગ્યા. એ આંસુવડે અરુણની છાતી ભીની બની.

થોડીવારની નિરવતા પછી અરુણે કહ્યું: "ઉષા, તું એક કામ કરીશ ?"

"શું ?"

"હું દિલ્હી જઇને સુરેશ પર એક પત્ર લખીશ. તેમાં તારી ડૉકટરી તપાસ કરવાનું જણાવીશ. બાને આ વાત રુબરુમાં કહેતા શરમ આવે છે."

"એથી શું થવાનું ?" ઉષાએ ઉદાસ સ્વરે પ્રશ્ન કર્યો હતો.

અને વ્યગ્રભાવે અરુણે કહેલું: "ભલેને કંઇ ન થાય, પણ

મનની શંકા તો દૂર થાય અને કદાચ પરમાત્માની કૃપા વરસે તો ...... ? ”

ક્ષીણ આશાનાં પ્રકાશથી અરુણનું વદન ચમકી ઊઠયું. તે વધારે કશું બોલી શકયો નહોતો. આવા અનેક સ્મરણોના સાગર વચ્ચે ઉષા રમવા લાગી. એ રમતમાં તે કેવાં પ્રકારનાં મોતી વીણી લેતી એ કહી શકાતું નથી, પરન્તુ સ્મરણયાત્રા સુરેશના અવાજથી અટકી પડી.

સુરેશને કૉલેજમાં જવાનો સમય થયો હતો. આ સમયે ઉષા હંમેશા તેની પાસે રહીને તેનાં સઘળાં કામો વ્યવસ્થિત કરી આપતી. આજે ઉષાની ગેરહાજરીના કારણે જ સુરેશ ગુંચવાયો.

“ ભાભી ! મારા બટનનો સેટ કયાં ગયો ? બ્રસ પણ નથી જડતું. ”

ઉષા હાસ્યભર્યા વદને સુરેશના અભ્યાસખંડમાં આવી. તેણે કહેવું ધાર્યું કે: “ સુરેશભાઇ ! આમ કુરુક્ષેત્ર શું મચાવ્યું છે ? ભાભી નહી હોય ત્યારે શું થશે ? ” પણ આ શબ્દો તે બોલી શકી નહી. મનની વાત મનમાં જ રહી ગઇ.

“ કંઇ વસ્તુ કયાં પડી છે એટલું યે શું નથી શોધી શકતો ? નવાબ છે ને ? બે દહાડા પછી તારી ભાભી તો દવાખાનામાં ચાલી જશે, પછી તું બૂમો પાડીને કોને બોલાવીશ ? ના. એ તો હંમેશ ત્યાંથી આવીને બધું ઠીક કરી જશે કેમ ? ” કમળા દ્વાર પાસેથી આ શબ્દો કહીને ચાલી ગઇ.

ક્ષણ પહેલાં અતીત સ્મૃતિઓમાં વિભોર બનીને ઉષાનું હૃદય કંઇક શક્તિ મેળવી શકત, પરન્તુ સાસુના આ પ્રચ્છન્ન તિરસ્કારથી ઉષા ધ્રૂજવા લાગી. તેનાં નયનોમાંથી આંસુ ઝરવા લાગ્યા.

સુરેશને તો કલ્પના પણ નહોતી કે બાના મોઢામાંથી આવા શબ્દો નીકળશે ! તે કશુંયે બોલી શકયો નહી. વિના દોષે ભાભીના ઉપર આવાં તીક્ષ્ણ તીર જેવા શબ્દો આવી પડયા. તેના પ્રતિકારનો માર્ગ પણ તે ન શોધી શકયો.

ઉષાએ નયનો લૂછતાં કહ્યું: " કૉલેજમાંથી પાછા ફરો ત્યારે તમે દવાખાનામાં કહેતા આવજો કે મારી જગ્યા રદ કરે ....!"

સુરેશને હવે બોલવાનું સૂઝયું. તેણે કહ્યું: " ભાભી, બાના શબ્દો પર આમ ઉતાવળો નિર્ણય ન કરો. "

" ના .......ના....... હું સાચું કહું છું. "

" બહુ સારું. તમે એ વિચાર ન કરો. હું સઘળું ઠીક કરી લઇશ. " આમ કહેતો કહેતો સુરેશ ભાભીને કશું બોલવાનો અવસર આપ્યા વગર બહાર નીકળી ગયો.

એક ઊંડો નિ:શ્વાસ નાખીને ઉષા પોતાના શયનખંડમાં ગઈ. અરુણના ચિત્ર સામે દૃષ્ટિ કરીને વિખરાયેલાં સ્નેહ-સ્મરણ એકઠાં કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ નયનોનાં આંસુ એ સ્મરણોને દૂર દૂર ધકેલવા લાગ્યા.

# દવાખાનામાં

અંતે ઉષા દવાખાનામાં દાખલ થઇ.

પ્રથમ તો તેણે સાસુના વ્યંગથી દવાખાનામાં જવાની ના કહી, પરન્તુ ત્યાં ગયા વગર સાસુની કૃપાદૃષ્ટિ મળે તેમ હતું નહિ, અને ત્યાં જવાથી કદાચ દરદ દૂર થાય–માતૃત્વની આશા સફળ બને આવી ક્ષીણુ આશા ઉષાના હૃદયમાં પ્રગટી અને એ આશા સફળ બને તો...? તો તો પછી સાસુના નયનોમાંથી અમૃત જ વરસે ને!

આવા આશામય સ્વપ્ન સાથે ઉષા દવાખાનામાં દિવસો ગણુવા લાગી.

એ દરમ્યાન ઘરમાં એક મહાપ્રકારનો પ્રલય થઇ ગયો.

દિલ્હીના કામને વધારે સમય લાગવાથી અરુણુ દસ દહાડા માટે ઘેર આવ્યો.



અરુણુને આમ એકાએક આવેલો જોઇને કમળાને આશ્ચર્ય થયું. કહ્યું: “ અરુ, શું તારું કામ પતી ગયું ? તેં આવવાનું તો અગાઉથી જણાવ્યું પણુ નહિ. ”

અરુણે કહ્યું: " બા ! ત્યાંનું કામ પૂરું કરતાં હજી ચાર પાંચ મહિના લાગે તેમ છે, એટલે દસ દહાડા માટે એમ જ એક વાર આવ્યો. "

અરુણના આમ અતર્કિત આગમનમાં દૈવનો કંઇક શુભ સંકેત છે એવું વિચારીને કમળાનું વદન પુલકિત બન્યું.

સ્નાન–ભોજનાદિથી પરવારીને અરુણે કપડાં પહેરવાં શરૂ કર્યાં. કમળાએ આવીને પૂછ્યું: " ભાઈ, ક્યાં જાય છે ? "

અરુણે હાથ ઘડી પર નજર કરતાં કહ્યું: " બા, હું જરા દવાખાના તરફ જઇ આવું. "

કમળાએ એકાએક ગંભીર નિરાશાભર્યા સ્વરે કહ્યું: " પણ તું ત્યાં જઇને શું કરવાનો ? "

અરુણ ચમકયો. રુદ્ધ શ્વાસે તેણે પૂછ્યું. "કેમ કશું થયું છે?"

એક ઊંડો નિઃશ્વાસ નાખીને કમળાએ કહ્યું: " મેં તો અગાઉથી જ જણાવ્યું હતું કે વહુને સારું પરિણામ નહિ આવે."

અરુણે કશું ન સમજતાં અધીર ભાવે પૂછ્યું: " શું કઈ બન્યું છે ? "

" બનવાનું શું હતું ? ગઇ કાલે ડૉકટરે સુરેશને કહ્યું હતું કે કોઇ પ્રકારની આશા આપી શકાય એવું નથી લાગતું. સંતાન થવાના ચિહ્નો ઓછાં છે. " જરા વિસામો લઈને કહ્યું: " અને ઉષાની ઉમ્મર કંઇ ન્હાની ન કહેવાય. "

અરુણના મગજ પરથી ચિંતાનું વાદળ સરી પડયું. તેણે એક છૂટકારાનો દમ ખેંચ્યો. તેણે તો એમ ધારેલું કે સંતાનની

આશામાં ઉષા હાથથી તો નહી ચાલી જાય ને! અને શું ઉષા મોટી થઇ ગઇ છે? પરણ્યાને સાત વર્ષ થઇ ગયાં, અત્યારે તો ઉષા માત્ર બાવીસ વર્ષની જ છે. એના યૌવન પર વર્ષોની જરાયે અસર નથી થઈ છતાં બા શા માટે એમ બોલે છે? અરુણે માના સામે દૃષ્ટિ કરતાં કહ્યું: " બા! બીજું કંઇ કહેવાનું છે? "

કમળા મનમાં ને મનમાં સળગી રહી હતી. તેણે ગંભીર વદને કહ્યું: " હા એક વાત કહેવાની છે." જરા મનને સ્વસ્થ રાખી કમળાએ પોતાના મનની ગુપ્ત વાત અરુણ સમક્ષ હળવે રજૂ કરી.

સાંભળતાંજ અરુણ વજ્રાહતની માફક સ્તબ્ધ બની ગયો. સહેજ સ્વસ્થ થતાં તેણે વિહ્વળ કંઠે કહ્યું: " બા, આ તું શું કહે છે? "

કમળાએ કહ્યું: " કેમ, હું કંઇ ખોટું કહું છું? મારી વાતમાં શું અન્યાય છે? લોકો શું આ પ્રમાણે નથી કરતાં? "

તીવ્ર સ્વરે અરુણ બોલ્યો: " લોકો ગમે તે કરે એ સાથે મારે નિસ્બત નથી, પણ તારે મને આવો અનુરોધ હવેથી ન કરવો. "

કમળા રડી પડી. રડતાં રડતાં જ કહ્યું: " તને શું કહું? તને નિઃસંતાન જોઇને મારું હૃદય સળગી જાય છે. આની આ સ્થિતિમાં જો હું મરી જઇશ તો મારી સો જન્મે પણ મુક્તિ નહી થાય. "

અરુણના નયન સામે માતાનો સમસ્ત સ્નેહ, સ્વાર્થના કલુષિત રંગે રંગાયેલો શ્યામ દેખાયો. જે માતા છતાં નારી છે, અને એક નારીના જીવનનું દુર્ભાગ્ય અયોજન કરવા વ્યગ્ર થયેલ છે, તેના અંતઃકરણમાં દેવત્વ કેટલું હશે?

" બા ! તારે બીજો પણ એક પુત્ર છે. તેનાથી શું તને મુક્તિ નહિ મળે ? " કહીને અરુણ ઊભો થયો. ઉષાને જોયા વગર તે એક પળ પણ રહી શકે તેમ નહોતો. માતાની આ એક જ વાતથી અરુણનું ઉષા પ્રત્યેનું આકર્ષણ સોગણું વધી ગયું.

" અરુ, ઉતાવળ ન કર. સાંભળ. મેં એક ગૃહસ્થને વચન આપ્યું છે."

શરાહતની માફક એકાએક બેસી જઇને અરુણ માતાના વદન સામે વિસ્મયતાપૂર્વક જોઈ રહ્યો. કહ્યું: " આટલી વારમાં વચન પણ આપી દીધું ? કેટલું આશ્ચર્ય ? એ ગૃહસ્થ કોણ છે ? "

" રૂપચંદ શેઠ... ! "

" રૂપચંદ શેઠ... ! બા... ! "

કમળા ચમકીને અરુણ સામે જોઇ રહી. પુત્રના કંઠની તીક્ષ્ણતાથી તે કંપી ઊઠી. અરુણે કહ્યું: " બા તારી બુદ્ધિનો લોપ તો નથી થયો ને ? "

" કેમ ? "

" રૂપચંદ શેઠની છોકરીને ઘરમાં લાવીને મારે સમાજમાં મોઢું કેવી રીતે બતાવવું ? "

કમળાના હૃદયમાં કંઈક ચેતના આવી. જરા ઉગ્ર સ્વરે કહ્યું: " ત્યારે ઉષા પણ ક્યાં કોઈ રાજકન્યા હતી ? "

આહત થઇને અરુણ બોલ્યો: " એ વાત આજની નથી. તે દહાડે આપણે પણ ઉષાના કુટુમ્બથી કંઇ વધારે મ્હોટા નહોતા. અને ઉષાનો પરિચય......" અરુણ કહેતાં અટકી ગયો.

"રૂપચંદ શેઠની નિર્મળા ઉષા કરતાં ય વધારે સુંદર છે, ગુણવાન છે, એ તું ન ભૂલીશ. જગતમાં એક ઉષા જ સર્વોત્કૃષ્ટ નથી." માતાનો સ્વર તીવ્ર હતો.

અરુણ પણ હવે પોતાને સંયમમાં ન રાખી શકયો. તેણે ઘેરા અવાજે કહ્યું: "બા! તમે નકામી વાત કરો છો. નિર્મળા કોઇ રાજાની કન્યા હોય તો પણ મારે શું પ્રયોજન?"

કમળાના નયનો ચમકી ઊઠ્યાં. તેણે પણ તીવ્ર સ્વરે કહ્યું: "પ્રયોજન હોય કે ન હોય......પણ હું વચન આપી ચૂકી છું અને એ ફરી શકશે નહિ."

"પણ આવું વચન તેં શા માટે આપ્યું? મને જણાવ્યું કેમ નહિ?"

"તારી રજા લઈને અમારે સંસારના સઘળા કામ કરવા પડશે એવી અમને ખબર નહોતી."

માતાના આવા મર્મભર્યા અને વક્ર વચન સાંભળીને અરુણ વિશેષ ક્રોધિત બન્યો. કહ્યું: "બહુ સારું. તમે જેમ વચન આપ્યું છે તેમ વ્યવસ્થા કરો. મને શા માટે વચ્ચે હોમી રહ્યાં છો?"

"મારું કપાળ ફોડવા...શું તું લગ્ન કરવા જરાયે તૈયાર નથી?"

"ના...એટલું જ નહિ પણ આવી વાત સાંભળવાયે તૈયાર નથી."

"બહુ સારું...ત્યારે સઘળી વ્યવસ્થા થઈ જશે. તારા સિવાય મારે બીજો પુત્ર પણ એક છે એ તું ન ભૂલતો."

" એટલે……? તમે રૂપચંદ શેઠની કન્યાને ગમે તે રીતે ઘરમાં લાવવા માગો એમ જ ને ? "

" હા, શું કરું ? વચન આપ્યા પછી શું થાય ? "

" પણ એના માટે આપણા ઘર સિવાય બીજે ક્યાંય તપાસ કરી આપો. કદાચ ખર્ચ થાય તો હું ભોગવી લઇશ. "

" ના. એમ નહિ બને ? "

" શા માટે ? "

" મારું વચન નિર્મળાને મારી વહુ બનાવવાનું છે. "

" પણ તમે મારી વાત તો………"

" તું તો મોટો માણસ છે. મોટા માણસની વાતો અમને ન શોભે. પણ મારો સુરેશ કંઇ મોટો માણસ નથી. એ મારી આજ્ઞા નહિ ઉથાપે. રાજી થઈને એ છોકરી સાથે લગ્ન કરી શકશે!"

" એનો અર્થ ? મારા સાથેના સંબંધનો તમે એકદમ અસ્વીકાર કરવા માગો છો એમ ને ? સારું તેમજ થશે … " કહીને વંટોળીયા માફક અરુણ ઘર બહાર નીકળી ગયો.

બા અને મોટા ભાઇના આ તર્કવિતર્ક સુરેશ પોતાના રૂમમાં બેઠો બેઠો સાંભળતો હતો. અરુણના ગયા પછી તે માતા પાસે આવ્યો અને કહ્યું: " બા, તમે આ શું કર્યું છે ? "

" કેમ શું કર્યું છે ? "

સુરેશે ડરતાં ડરતાં કહ્યું: " ભાઈનો મત નથી તો પછી આગ્રહ શા માટે ? "

કમળાએ સુરેશ તરફ તીવ્ર દૃષ્ટિ કરતાં કહ્યું: " હું માત્ર એટલું જ જાણવા માગું છું કે તું મારા આદેશને માનવા તૈયાર છે કે નહિ ? "

સુરેશ મૌન રહ્યો.

કમળાએ કહ્યું: " એમ જ હોય તો તું પણ તારા મોટાભાઇની માફક જઇ શકે છે. મને કશું દુ:ખ નહિ થાય. "

સુરેશ વિહ્વળભાવે બોલ્યો: " બા ........ ! "

" હું કશું સાંભળવા નથી માગતી. કાં તો રૂપચંદ શેઠની પુત્રી સાથે લગ્ન કર અથવા અમારો ત્યાગ ! "

સુરેશ મસ્તક નીચું રાખીને પોતાના ખંડમાં ચાલ્યો ગયો.

ક્રોધવશ બનેલી માતા તો નહોતી સમજી શકી, પણ સુરેશ તો સમજી શકયો હતો કે મોટાભાઈ સાથે મતાન્તર કરવાનો અર્થ પોતાની ભાવી ઉન્નતિના મૂળમાં કુહાડો મારવા બરાબર છે અને અનિશ્ચિત સમય સુધી ભયંકર દુર્ભાગ્યનો સ્વીકાર કરવા સમાન છે.

* * *

અરુણ જ્યારે દવાખાનામાં ઉષા પાસે આવ્યો ત્યારે પણ તે પોતાની અસ્વસ્થતા દૂર કરી શકયો નહોતો. ઉષાએ સ્વામીનો ચ્હેરો જોતાં પૂછયું: " આજે આવ્યા ? આમ કેમ થઇ ગયા છો ? "

અસ્વાભાવિક હાસ્યથી વદન પ્રફુલ્લ રાખતાં અરુણે કહ્યું: " આજે જ આવ્યો છું અને આજે જ એક કલ્પનાતીત કાર્ય થઇ ગયું છે, ઉષા ! "

ઉષાએ ચમકીને સ્થિર નજરે સ્વામીના વદન સામે જોયું.

અરુણે કહ્યું: " ઉષા આજે મારું કહી શકું એવું આશ્વાસન આ વિશ્વમાં તું એક જ છે. "

ઉષા વ્યાકુળભાવે સ્વામીનો હાથ પકડી બોલી: "શું થયું? મને ખુલાસાથી વાત કરો!"

પોતાને સ્વસ્થ કરીને અરુણ બોલ્યો: " માબાપ સાથેનો સઘળો વ્હેવાર આજે પૂર્ણ કરીને આવ્યો છું."

નિદારુણ વિસ્મય ઉષાનો નિઃશ્વાસ જાણે રૂંધાવા લાગ્યો. અસ્ફુટ સ્વરે તેણે પૂછ્યું: "કેમ...શા માટે?"

અરુણે સંક્ષેપમાં સઘળી વાત કહી સંભળાવી.

ઉષાનું વદન વિવર્ણ થઇ ગયું. શું આવી ભયંકર દુર્ઘટના નહી તો બીજું શું? આશા આકાંક્ષાના હ્રદયમાં ચિત્રો અંકિત કરીને જે માબાપ સંતાનને પૃથ્વીનો માર્ગ જોતાં શીખવે, એ જ સંતાન માતાપિતાના જીવનથી વિમુખ બનીને અંધકારથી સૃષ્ટિ રચે તો? એને સુઘટના કેમ કહી શકાય? અને એ દુર્ઘટનાનું મૂળ તો ઉષા જ છે ને? લજ્જા, દર્દ અને આત્મગ્લાનિના ભારથી ઉષા પોતાના સ્વામી સામે જોઇ પણ ન શકી.

આજે અરુણ વિપરીત આઘાત પામીને એક જ પળમાં સઘળાં બંધનો તોડી, અંતરના આવેગને ધારણ કરી, ઉષાને લક્ષ રાખીને દોડી આવ્યો છે! ચિરદિન સુધી શું આવા ઉગ્ર આવેગને અરુણ જાળવી શકશે? પાછળથી તેને શું આ કાર્યનો ક્ષોભ નહિ થાય?

સંસારમાં માનવ વિકલ્પનાઓ અનેકને લક્ષ્ય રાખીને જ દોડી રહી છે ને?

અરુણ ઉષાના વિવર્ણ વદન સામે જોઇને ઉત્સાહપૂર્વક બોલ્યો: " ઉષા! તું આમ શા માટે થઈ ગઇ? "

કષ્ટથી એક નિઃશ્વાસ નાખીને અસ્ફુટ સ્વરે ઉષા બોલી: "તમે યોગ્ય ન કર્યું."

ઉષાના નમેલા વદન તરફ જોઇને અરુણે પૂછ્યું: "શું મેં યોગ્ય નથી કર્યું?"

ઉષા મૌન રહી.

અરુણે એવા જ સ્વરે કહ્યું: "તો પછી યોગ્ય કાર્ય કયું કહેવાય? રૂપચંદ શેઠની દીકરી સાથે લગ્ન કરું એ જ ને!"

આવેલા અશ્રુવેગને રોકતાં ઉષા બોલી: "એ કંઇ ખરાબ ન કહેવાય."

"ઉષા!"

ઉષાના બંને નયનોમાંથી દડ દડ આંસુ ટપકવા લાગ્યાં. બંને હાથમાં મોઢુ છુપાવી તેણે રુંધાયેલા સ્વરે કહ્યું: "મારાથી એ લોકો સુખ નથી પામી શકતા તેથી જ હું એ લોકોના હૃદયમાંથી ફર ફર સરી પડું છું, પણ તમે તો સંતાન છો, તમે તો કેવળ તેઓને સુખી જ કરી શકો. માત્ર મારા ખાતર તમે શા માટે આવો વિચ્છેદ કરી આવતાં રહ્યા?"

અરુણના અંતરની સમસ્ત ગ્લાનિ જાણે નિમેષમાં ક્યાંક અંતર્હિત થઈ ગઇ. તેણે સ્હેજ સ્વરે કહ્યું: "ઉષા! તું પણ આમ અભિમાન કરીશ? આ વિશ્વમાં મારા જેટલો તારા પર કોણ પ્રેમ રાખે છે? હું શું એવો અહતસ છું કે તારા અસીમ પ્રેમનું પ્રતિદાન એક પશુ કરતાંય નીચભાવે આપું? તું બાની વાત કરે છે. પણ તું વિચાર કર...બાએ આજ મારા સન્માન પર ઘા માર્યો છે. મારા હૃદયને એક પશુનું હૃદય કલ્પી

લીધું છે...છતાં ય એ મારી માતા...મારા જીવનનું મંગલ કરનારી!! કેમ ?" છેલ્લા શબ્દોથી અરુણનો કંઠ સ્વર આર્દ્ર થઇ ગયો.

ધીરે ધીરે અશ્રુભરી નજરે સ્વામી તરફ જોતાં ઉષા બોલી: "પણ સંતાનનો લોભ તમને ય ક્યાં ઓછો છે ?"

સહેજ સ્વરે અરુણે કહ્યું: "એ લોભ જરા ય ઓછો નથી પણ તારો ત્યાગ કરીને મારે વિશ્વનીયે સમૃદ્ધિ ન જોઇએ. મારો લોભ તો એવો છે કે તારું હૃદય, તારો પ્રેમ અને તારા આદર્શના યોગવાળું સંતાન પ્રાપ્ત થાય...?"

ગ્લાન હસીને ઉષા બોલી: "નહિ તો ઈચ્છા નથી કેમ ?" દૃઢ સ્વરે અરુણે કહ્યું: "ના." જરાવાર રહીને ફરી કહ્યું: "ઉષા, હજી પણ તારા હૃદયમાં મારા માટે એવો સંશય છે ? જેના ખાતર..."

વ્યગ્રકંઠે ઉષા વચ્ચે બોલી ઉઠી: "ના...ના...મારા હૃદયમાં સંશય છે જ નહિ, કદિ થયો પણ નથી. અને આ ઘટના પછી સંશય રહે તો મને નર્કમાં પણ સ્થાન ન મળે."

સુખના આવેશથી ઉષાના બંને નયનો નીચાં ઢળી પડયાં. એ સુંદર અને ભાવપૂર્ણ ગૌર વદન સામે જોઇને અરુણ મનથી બોલ્યો: "ઉષા, મારા અંત:કરણના સિંહાસન પર તારું જ રાજ છે, એ સ્થળે તારી જ સત્તા છે. સમગ્ર વિશ્વની પણ તાકાત નથી કે એ સિંહાસન પરના તારા આધિપત્યને સ્હેજ પણ ડોલાવી શકે. સંતાનની ખાતર એ સિંહાસન પરથી તને ધક્કો મારવો એના જેવી બેવકૂફી મારા જીવનમાં બીજી એક પણ ન હોઇ શકે."

ઉષા સ્વામીના વદન પર વિચરતા ભાવ પરથી આવું જ કંઈક વાંચી શકી.

# ૬ઃખદ મૌન

સુનિયંત્રિત ગતિથી વિચરતા કાળના ખોળામાં છ માસને રમતાં કેટલી વાર લાગે ?

આજે ઉષાનો મુક્તિદિન !

ઉષા વ્હેલી સવારે જાગૃત થઇ. આજે તો ઉષામય કિરણો પણ આશાભર્યાં અને ચંચળ બની ગયાં હતાં. ઉષાના જીવનનો આજે સ્મરણ દિન છે–મહાલાભનો દિન છે.

આશા આશંકાના સંધી–સ્થળને પાર કરીને ઉષા આજે એક નિયત સ્થાન પર ખડી છે. એ ગમે તે હો, પરંતુ આજે એક ચરમ મંતવ્ય ડૉકટરના મુખથી સાંભળી શકાશે. આશા કેવી સુંવાળી છે ? ઉષાના હૃદયમાં પ્રતિકૂળ મંતવ્યની સંભાવના પણ ન જાગી. તે અરુણની પ્રતીક્ષા કરવા લાગી. એ આવશે એટલે સઘળું જાણી શકાશે.



યથાસમયે અરુણ આવ્યો.

ઉષા પ્રફુલ્લવદને બોલીઃ “ડૉકટરને મળ્યા ?”

ઉષાના અતિ પ્રફુલ્લ વદન સામે દૃષ્ટિ કરીને અરુણ આછું હસ્યો.

ઉષાએ લજ્જા પામતાં પૂછ્યું : "હસો છો શા માટે?"

અરુણે આ પ્રશ્ન પર ધ્યાન ન આપતાં અગાઉના પ્રશ્નના અનુસંધાનમાં ઉત્તર આપ્યો. "ના, ડૉકટરને હજી મળ્યો નથી. હવે હું ત્યાં જાઉં છું. તું તૈયાર થઇને રહે......!" કહીને અરુણ ડૉકટરને મળવા ગયો.

ઉષા પ્રફુલ્લ નજરે ચારે ય દિશાએ જોવા લાગી. આસપાસ રહેલી બીજી સ્ત્રીઓ તરફ નજર કરતાં આજે પહેલી જ વાર તેના મનમાં થયું કે : "અરે રે, આ બિચારીઓ અહીં કેમ રહી શકશે? આ ભયંકર કારાગૃહોમાં તેઓના દિવસો કેવી રીતે પસાર થશે?"

લગભગ અડધા કલાક પછી અરુણ વોર્ડમાં દાખલ થયો.

ઉષા આતુર હૃદયે રાહ જોઇ રહી હતી, લાડથી બોલી : "ઓહો આટલી બધી વાર......? શું......" પણ તે વાણી પૂર્ણ ન કરી શકી. અરુણની દૃષ્ટિ સામે જોતાં જ સ્તબ્ધ બની ગઇ. ક્ષણ પહેલાં જે પ્રકારના વિપુલ આનંદવડે ઉષાના અંતરની પ્રત્યેક તંત્રીઓ ઝંકૃત થઇ હતી તે કેવળ સ્વામીના એક જ દૃષ્ટિના આહ્વાનથી કોઇ મહાશૂન્યમાં વિલીન થઇ ગઇ. એ ઊર્મિ હવે સારા ય જીવનમાં ઉષા પ્રાપ્ત નહિ કરી શકે! સર્વસ્વ ગુમાવી બેઠેલાની આર્ત્તવ્યથા અરુણના સુંદર ચહેરાને ઝાંખો કરી રહી હતી.

મૌનભાવે બંને વિદાય થયા.

માર્ગમાં બંને વચ્ચે કશી વાતચિત ન થઇ. કોઇ કોઇના ચહેરા સામે જોઇ શકાતું નથી. બંનેના ઉરમાં દુઃખની વ્યથા હતી. આશાના મૃત્યુગાન હતાં.

મોટર તીર વેગે જવા લાગી.

ઉષા માર્ગ તરફ જોવા લાગી. રસ્તા પરનો વિપુલ જનસમાગમ, પ્રકાશ અને હાસ્યનો સમારોહ આજે ઉષાને અસહ્ય લાગવા માંડયો. તેને થવા લાગ્યું કે : " આ વિરાટનો સંસ્પર્શ અળગો કરીને જીવનના અંતિમ લોકમાં ચાલી જાઉં અને ત્યાં એક પ્રાણ-ભરપૂર નિઃશ્વાસ ખેંચીને આ તુચ્છ વ્યથા-વેદનાનો ભાર હળવો કરું. "

જે જીવન આવી મહાવ્યર્થતાથી ઘેરાયેલું છે તે જીવન હજી પણ અચોક્કસ કાળ સુધી કેવી રીતે વહેતું રહેશે? જે સ્થાને માનવની ક્ષમતા તુચ્છ છે ત્યાં જીવનના ગૌરવનું મહત્ત્વ પણ કેટલું હોય?

" મુક્તિ આપો, મુક્તિ આપો ભગવન્! મુક્તિ આપો !, " અંતરમાં ને અંતરમાં ઉષા શરાહત પંખીની માફક તરફડી રહી હતી. તેની બાજુમાં જ એક બીજું અંતઃકરણ નિદારુણ દુઃખદ મૌન નીરભાવે સહી રહ્યું હતું. એ તો ઉષાના સંકલ્પમાં પણ ન આવ્યું. અસહ્ય દુઃખભારથી તેની જ્ઞાનેન્દ્રિય શિથિલ થઇ રહી હતી.

મોટર અરુણના નવા રહેઠાણની પાસે આવીને ઊભી રહી.

અકસ્માત ચમકીને ઉષાએ મોઢું ફેરવીને સામે નજર કરી. અરુણે પણ ઉદાસ નેત્રે ઉષા સામું જોયું.

સહનશીલતાની સીમા ઉષા અત્યારસુધી કેટલા યોજન પર્યંત–કેટલે દૂર અદૃશ્ય થઈ છે. તે પ્રાણ પણ ચેષ્ટા પડે ઉષા ન કલ્પી શકી–ન જોઈ શકી.

ઉષા મોટરની બેઠક પર જ મૂર્ચ્છિતા બનીને ઢળી પડી.

* * *

મૂર્છા જ્યારે દૂર થઇ ત્યારે મધ્યાહ્નનો સૂર્ય નમી રહ્યો હતો. અરુણે હજી સ્નાન પણ નહોતું કર્યું. ઉષાના મસ્તક પાસે બેસીને અરુણ વાયુ નાખી રહ્યો હતો. ભોજન પણ નહોતું કર્યું. ઉષાએ ધીરે ધીરે નેત્રો ખોલીને જોયું.

મસ્તક પાસે બેસીને સ્નેહપૂર્વક પરિચર્યા કોણ કરી રહ્યું છે એ જોયા વગર પણ ઉષા કલ્પી શકી.

હૃદયમાં હળવો કંપ થયો. અને એક નિઃશ્વાસ બહાર નીકળ્યો.

અરુણે ઉષાના નયન–પલ્લવ ખુલતાં જોઈને તેના મુખ તરફ સ્હેજ હસીને કહ્યું: " ઉષા...! "

ફરી નયનો બંધ કરતાં ઉષાએ કેવળ " હું ..." કહ્યું. મીંચાયેલા નયનોનાં ખૂણામાંથી છટકી ગયેલાં બે અશ્રુબિંદુઓ ઉષાના ગાલ પર મોતી માફક ચળકી ઊઠ્યાં.

અરુણે ઉષાના મસ્તક પર ધીરે ધીરે હાથ ફેરવતાં કહ્યું: " ઉષા, હવે જરા ઊઠી શકાશે ? "

એવા જ સ્વરે ઉષાએ કહ્યું: " કેમ ? "

" આ દૂધ તૈયાર થયું છે, પીવું છે ને ? "

" પણ હજી મને જરાય ભૂખ નથી લાગી. "

" પાગલ છે ને ! શું હજી ભૂખ નથી લાગી ? દિવસ તો આથમવા લાગ્યો ! " અરુણ આછું હસ્યો.

" ત્યારે શું તમે પણ આખો દિવસ ભૂખ્યા રહ્યા છો ? " અપરિસીમ ઉત્કંઠાવડે એક જ પળમાં ઉષા શય્યાનો ત્યાગ કરીને બેઠી થઇ ગઇ.

વ્યસ્ત થતાં અરુણે કહ્યું: "એથી શું ? હું હમણા જ જમી લઇશ. તું જરાયે ચિન્તા ન કર ઉષા, તારું શરીર ઘણું દુર્બળ છે." અરુણે ઉષાના બંને હાથ પકડી લીધા.

"ના રે હવે જરાયે દુર્બળ નથી." કહીને ઉષા ઊભી થઈ ગઈ. તેના નિસ્તેજ પર હાસ્યની ક્ષીણ રેખાઓ નાચવા લાગી.

ઉષાને રોકી શકાશે નહી એમ માનીને અરુણે સ્નાનગૃહમાં જવાની તૈયારી કરી.

સ્વામીને જમાડ્યા પછી તેના પાત્રમાં થોડુંક ભોજન કરીને ઉષા શયનગૃહમાં આવી અને એક બારી પાસે બેઠી.

આ બારી એક નિર્જન માર્ગ પર પડતી હતી. સમુદાયનો કલરવ આજે માધવીને અસહ્ય લાગતો હતો.

આમ ને આમ સ્તબ્ધ બનીને તે ક્યાં સુધી બેસી રહી તેનો તેને ખ્યાલ ન રહ્યો. તેની ચમક ભાંગી. અરુણના મુદુ કર-સ્પર્શથી ઉષાએ ચમકીને કહ્યું: "કોણ ! શું ?"

અરુણે મ્લાન નેત્રે તેના તરફ જોતાં કહ્યું: "આવા વર્તનથી શું તું પોતે પાગલ બનીને મને પણ દિવાનો કરવા માગે છે ?"

ઉષાનું મસ્તક ધરતી તરફ નમ્યું. અસ્ફુટ સ્વરે તેણે કહ્યું: "કેમ ? મેં એવું શું કર્યું ?"

"ઉષા, તારા અંતરમાં તપાસ કરીશ એટલે તને ઉત્તર મળી રહેશે. આમ મૌનભાવે આટલું બધું વિચારવું :શા માટે જોઇએ ? કોના ખાતર આવી ભયંકર ચિન્તા ? તને એવું શું દુ:ખ છે ! મને કહીશ ?"

સ્વામીના અનેક પ્રશ્નોનો શો ઉત્તર હોય ? ઉષા મૌન રહી.

અરુણે તેના બંને હાથ હીલોળતા કહ્યું: "ચાલ, આપણે ઓસરીમાં બેસીએ."

નીરભાવે ઊઠીને ઉષાએ સ્વામીના આદેશનું પાલન કર્યું.

થોડીવાર સુધી બંને મૌન બેસી રહ્યાં, એકાએક જાણે સચકિત બનીને અરુણે કહ્યું: "વાહ, શું મૌનવ્રત લીધું છે ? કંઈક વાતો તો કર !"

હસવાનો પ્રયત્ન કરતાં ઉષાએ કહ્યું: "શું કહું ?"

"તારે શું કહેવું એ શું મારે કહી દેવું પડે ?"

પળભરની નિરવતા પછી ઉષાએ પૂછ્યું: "એ ઘેર ગયા હતા?"

અરુણ આજે વહેલી સવારે જ દિલ્હીથી આવ્યો હતો. ઉષાના પ્રશ્નથી વિસ્મય પામતાં તે બોલ્યો: "કયે ઘેર ?"

"બીજું કયું ઘર ?...તમારું......"

તીવ્ર દૃષ્ટિથી સ્ત્રી તરફ જોતાં અરુણે કહ્યું: "તારું મગજ તો ઠેકાણે છે ને ?"

ચમકીને ઉષાએ પૂછ્યું: "કેમ ?"

એવા જ ભાવે અરુણે કહ્યું: "નહિ તો આવો અદ્‌ભુત પ્રશ્ન તારા મોઢેથી સાંભળું કેવી રીતે ?"

"અદ્‌ભુત પ્રશ્ન ?"

"નહિ તો બીજું શું ? શું તને ખબર નથી એ ઘેર

સાથેનો સઘળો સંબંધ તે દહાડે ચૂકતે કરીને જ તારી પાસે આવ્યો હતો. ”

ઉષા મૌન રહી.

અરુણે આગળ ચલાવ્યું “ એ લોકોએ પોતાનો કદાગ્રહ ન છોડ્યો તો પછી હું શા માટે ત્યાં દોડતો જાઉં ? ”

ઉષાએ નીચી નજરે મૃદુ સ્વરથી કહ્યું: “ ગમે તેમ તો ય માતાપિતા છે. ”

અરુણ જલી ઊઠ્યો. કહ્યું: “ હા માબાપ છે! બે માસ થયા હું પહેર્યા લુગડે વિદાય થયો છું, પણ મારી સંભાળ સરખી યે નથી લીધી. હું કયાં છું ? શું કરું છું ? વગેરે જાણવાની તકલીફ પણ નથી લીધી. ” અરુણના બંને નયનોમાં અશ્રુહીન અસહ્ય જ્વાલા જાણે દીપશિખાની આગ માફક જલી રહી હતી.

ઉષા એક વાર ચોતરફ જોઇને ધ્રૂજી ઊઠી. તેણે નયનો નીચાં ઢાળ્યાં. આજે તેના મનમાં પ્રશ્ન ઊઠ્યો કે રાતદિવસ જે ગુપ્ત જ્વાળા અરુણને ખાખ કરી રહી છે તેનો એક આ આભાસ—એક જ તણખો આજે એકાએક પ્રગટ થઇ ગયો છે. છતાં ય ઉષા માબાપની વિરુદ્ધ સંતાનના આવા મનોભાવને શ્રદ્ધાભર્યા નેત્રે ન જોઈ શકી. તેણે મૃદુ સ્વરે કહ્યું: “ તમે પણ તેઓની કયાં સંભાળ લીધી છે ? ”

અરુણે ઉદ્દીપ્ત સ્વરે કહ્યું: “ મારો અપરાધ શો ? ”

“ ગુન્હાનો વિચાર કરવાની આ વાત નથી. માબાપ પ્રત્યે સંતાનનું કર્ત્તવ્ય તો કંઇક છે જ ને ? ”

જરા નિરવ રહીને અરુણુ બોલ્યો: " ઉષા, કર્ત્તવ્યમાં મેં પણુ મણા નથી રાખી. જે વિશાળ મકાન છોડીને હું આવ્યો છું તેમાંથી થોડોક ભાગ એ લોકો ભાડે આપશે તો પણુ એ લોકોનું સુખ-પૂર્વક ગુજરાન ચાલી શકશે. "

" અને તેઓ કદાચ ભાડે ન આપે તો ? "

વિરક્ત થઇને અરુણે કહ્યું: " ન આપે તો એ કર્ત્તવ્ય કંઇ મારું નથી. તેને બીજો પુત્ર છે. "

ઉષા ભય પામીને મૌન થઇ ગઇ. તે સાહસ કરીને એમ ન કહી શકી કે " એ પુત્ર કેટલો ઉપર્યુક્ત છે. તે કયાં તમારી જાણ બહાર હતું ? " પણ ઉષા આ કહે એ પહેલા જ અરુણુ બોલ્યો: " ઉષા ! તું જાણે કે હવે હું કશું ભૂલી શકતો નથી. માતાના એ શબ્દો મને યાદ છે: ' તું મોટો માણુસ છે. સુરેશ મોટો માણુસ નથી. ' "

ઉષાને પણુ આ વાત યાદ હતી. આજે એ વાત પુનરુચ્ચારથી નવીન રૂપે તેનાં મનમાં જાગૃત થઇ, પણુ આ વાત સામે બીજું શું કહેવાનું હોય ?

સ્વામીના મનની ગંભીર વેદનાનો અંશ પોતાના હૃદયમાં ગ્રહણુ કરીને તે મ્લાન વદને મૌન રહી.

બે પળના મૌન વાતાવરણુ પછી અરુણે કહ્યું: " સુરેશ મોટો માણુસ નથી. એ કદાચ બાને મન ખૂબ ગૌરવ અને સાંત્વનનો વિષય હોય, તો પછી ભલે ને એમજ માનીને રહે. મારે એ લોકોની મર્યાદા અને શાન્તિમાં ત્યાં જઇને શા માટે ડખલ કરવી જોઇએ ? "

કથાનો પ્રસંગ બદલવા માટે શાન્ત સ્વરે ઉષા બોલી: “ જવા દો ને એ વાત......”

અરુણે કરુણ હાસ્યથી કહ્યું: “ ઉષા, આ વાત કાંઈ મેં નહોતી કાઢી. તેં જ શરૂ કરી હતી અને હવે અત્યારે તું જ કહે છે જવા દો, તો જવા દો ” કહી અરુણે ઉષાને વક્ષસ્થળ પર ખેંચી. એને હૃદય સરસી દબાવીને તેનો આદર કર્યો.

અનેક ક્ષણ પછી ઉષાએ નયનો ખોલ્યાં અને અરુણના નેત્ર સામે જોઈને મૂક હાસ્યથી પૂછ્યું: “ શું જોઇ રહ્યાં છો ? ”

અરુણે તેના નયનો સામે નયનો રાખતાં ધીર ગંભીર અવાજે કહ્યું: “ હું એ જોઉં છું કે એક જ પળમાં તારું આખું પરિવર્તન કેવી રીતે થયું ? દવાખાનામાં જ્યારે જોયેલ ત્યારે તારા ચ્હેરા પર કેવી સ્વાસ્થ્યભરી લાલી રમી રહી હતી. અને આટલી જ વારમાં જાણે તારું વદન રક્તહીન થઇ ગયું છે. ઉષા આમ કેમ બન્યું ? ”

ઉષા કશો ઉત્તર ન આપી શકી. તેનું મૌન દુઃખદ હતું.

# હૃદય

દિવસો પસાર થઇ રહ્યા છે. ઉષામયી સંગીત અને સંધ્યાના સૂર સમયની ઝાલરી સાથે અવિરામ યોગ આપી રહ્યાં છે. કાળની કૂચ કોઇ રોકી શકતું નથી.

પરન્તુ ઉષાની જીવનપળો વસમી બની છે. એને મન તો સંગીત અને સૂર વગરના નીરસ દિવસો અતિદીર્ઘ થઇ પડ્યાં છે. જૂના ઘરમાં સહુ સાથે રહેતાં ત્યારે આવું નહોતું લાગતું. સાસુ–શ્વસુરની સેવામાં, ઘરના કામકાજમાં અને દિયર સાથેના વિનોદમાં સમય જાણે પંખીની માફક વાયુની છોળો ઉછાળતો પસાર થઇ જતો. વ્યથાના જે દુ:સહ તીવ્ર ડંખ હાસ્યવિનોદમાં ભૂલાઇ જતાં તે અહીં નિર્જન ઘરમાં નથી ભૂલાતાં. માનસપટ પર એ દર્દના કરુણ પ્રતિબિંબ વધારે સ્પષ્ટ-ભાવે પડી રહ્યાં છે. અહીં ઉષાને વધારે અસહ્ય લાગે છે.



અરુણ ઑફિસે જવાનો પોશાક પહેરતો હતો. ઉષાએ સ્વામીના ગળે ટાઇ બાંધતાં કહ્યું: “ જુઓ, એક વાત કહું ? ”

સ્નિગ્ધ નજરે જોતાં અરુણે કહ્યું: " કહે ને ? "

જરા અચકાતાં અચકાતાં ઉષા બોલી: " હું શું કહેતી હતી ? હા, આવું વિશાળ મકાન સાવ સૂનું લાગે છે. "

હસીને અરુણે કહ્યું: " તો હું શું કરું ? "

" નીચલો મજલો કોઇને ભાડે આપી દો તો ? "

સ્ત્રીને હૃદય સરસી દબાવતાં મ્લાન હાસ્ય સાથે અરુણ બોલ્યો: " એકલા રહેતાં કષ્ટ થાય છે એમ જ ને ? "

આંખો મીંચીને ઉષાએ મસ્તક નમાવ્યું. તેના વદન પર ઝૂકીને

" સારું યોગ્ય કરીશ ? " એમ કહીને અરુણ નીચે ચાલ્યો ગયો.

ઉષા મન્થર ચરણે ગેલેરી પાસે જઇને ઊભી રહી અને નીચેના માર્ગ તરફ દૃષ્ટિ નાખવા લાગી.

અરુણનો મોટર ડ્રાઇવર ત્યારે મોટર સ્ટાર્ટ કરતો હતો. અરુણે મોટરમાં બેઠાં બેઠાં ગેલેરી તરફ જોયું તો ઉષાના નેત્રો દેખાયાં– પ્રેમમય છતાં કેવી કરુણ દૃષ્ટિ !

મોટર રવાના થઇ ગઇ.

નિઃશ્વાસ નાખીને ત્યાંથી ઉષા ચાલી ગઇ.

ઉષાનું દૈનિક કાર્ય આ પ્રમાણે જ સમાપ્ત થતું. સવારના દસથી સાંજના સાડાપાંચ સુધી તેને આમ એકાકી રહેવું પડતું. કેટલો કઠીન અને દીર્ઘ સમય ? આટલો સમય લઇને ઉષા શું કરે ? જીવનના ઉજ્જ્વળ પટ્ટ પર સ્વામીના સ્મરણો સિવાય કોનાં ચિત્રો અંકિત કરે ?

જરાવાર આમતેમ ફરી, આડીઅવળી વસ્તુઓ યથાસ્થાને ગોઠવીને ઉષા દિવાનખંડમાં ગઈ અને એક સોફા પર શરીરને ઢાળ્યું.

પ્રથમ તો તેણે એક પુસ્તક લઇ વાંચવાનો પ્રયત્ન કર્યો, પરન્તુ એક બે પૃષ્ઠો વાંચતાં જ હૃદય વચ્ચે ભયાનક તોફાન જાગૃત થયું. આહા! સંતાન સૌભાગ્યવતી નારીનું મનોરમ જીવનચિત્ર કેવું સુંદર હોય?

ઉષાએ ગ્રંથને ફેંકી દીધો અને પોતાના અંતરની ભાવનાને જ આત્મસમર્પણ કર્યું. છેલ્લા થોડાક દહાડાથી તેના મનમાં વારંવાર પ્રશ્ન ઊઠતો કે: ' એકાદ દત્તક લઇએ તો કેવું સારું?' પણ આ પ્રશ્ન અરુણ સમક્ષ ભય અને લજ્જાથી રજૂ કરી શકતી નહી.

ઉષા સમજતી હતી કે અરુણના હૃદયમાં દત્તક લેવાના વિચારને જરા ય સ્થાન નથી. એવી મમતા પણ નથી. ત્યારે શું અરુણ એટલું ય નહિ સમજી શકે કે ઉષાનું એકાંત જીવન કેવું વિષમ બની ગયું છે?

અરુણ તો પુરુષ છે. કર્મઠ પુરુષ છે. બહારના પ્રચુર કામ-કાજના અંગે તે પોતાના મનની સમસ્ત ગ્લાનિ, સર્વ શિથિલતા અંતરમાં જ સમાવી શકે છે. તે જ્યારે ઘેર આવે છે ત્યારે પણ તેને અવસર કયાં મળે છે? અને જે કંઇ સમય મળે છે તે કેવળ કામકાજના થાકના વિશ્રામ પૂરતો જે, તેમાં ય એટલો અલ્પ સમય કેવો મધુર અને સુખરૂપ લાગે છે?

અને ઉષા? તેના હાથમાં તો એવું કશું કાર્ય નથી જેને લઇને નિ:સંગ સમયની એકાદ કલાક પણ વિતાવી શકે! ત્યારે આ આશા અને આનંદ વગરનું જીવન કેવી રીતે પસાર કરી શકે? માયાના કયા બંધનો તેના હૃદયને દૃઢ રાખી શકશે?

જીવનભરમાં માનવની એક જ કામના હોય છે. તે સુખ અને આનંદ, એ ન હોય તો શું જીવન ભારરૂપ ન લાગે ?

હા ..... પણ ઉષાએ જીવનમાં એ ન મેળવ્યું. સારા જીવનમાં પણ નહી પામી શકે. ભગવાન! આ કયા પાપનો દંડ છે ?

આવી કલ્પનાવડે ઘેરાયેલી ઉષાના નયનોમાં અશ્રુઓ ઉભરાયાં. તેના માનસ જીવનપટ પર એક દિવસની વાત સ્મરણે ચડી. અરુણના પત્રથી દવાખાનામાં તપાસ કરવા જતાં સ્વામી સોહાગના કેવા સુમધુર સ્વપ્ન બાંધ્યા હતા ! તે દહાડે આનંદ કેટલો ઝીલી શકી હતી ? અને આજ ..... ! આહા, તે દહાડે તેણે પોતાની જાતની કેવી નિર્દય પ્રતારણા કરી હતી ?

તે દહાડે જે આનંદ મન વચ્ચે ઉછળી રહ્યો હતો, તે કેવળ સ્વામી પ્રેમનો ઉમળકો માત્ર નહોતો. એ આનંદ પાછળ તો હતી મનની ચિરંતન તૃષ્ણાતૃપ્તિની અપરિમિત આશા–ભવિષ્યના અનાગતના આગમનથી સુખદ પ્રત્યાશા, પણ કોઇ જન્માન્તરનાં પાપે એ આશા ન ફળી.

ઉષાનું આખું શરીર અશાન્ત રુદનના વેગથી કંપવા લાગ્યું. તેના મનમાં થયું કે પરમેશ્વરની વિશાળ સૃષ્ટિમાં આથી વધુ ભયાનક દુર્વિચાર બીજો એક પણ નથી. આહા, વિશ્વમાં કેટલા સ્ત્રી પુરુષો અવેદ્ય પ્રાણ ખાતર ભ્રુણહત્યા–બાળહત્યા કરે છે ! છતાં પણ ફરી ફરીને વિશ્વના આનંદસ્વરૂપ અમૃતમય એ બાળકો ત્યાં ને ત્યાં જ આવે છે ! પ્રકૃતિનો અવિચાર હશે કે પ્રભુનો ? વિચાર કરતાં કરતાં ઉષા ખિન્ન બની ગઇ. તેના બંને નયનો બળી રહ્યાં હતાં, મસ્તકમાં પીડા થતી હતી.

થોડીવાર પછી જ્યારે પોતાનાં નયનો નિદ્રાના ભારથી મિંચાઈ ગયાં એ પોતે ન જાણી શકી.

નિંદ તૂટી અરુણના કરસ્પર્શથી. મસ્તક પાસે બેસીને તે બોલાવી રહ્યો હતો: “ ઉષા...ઉષા...”

ઉષા એકદમ બેઠી થઈ ગઈ. બંને હાથે આંખો ચોળતાં ચોળતાં બોલી: “ આહા, કેવી નિંદ આવી ગઇ ! સમયની પણ ખબર ન રહી. ”

મ્લાન હૃદય પર મૃદુ હાસ્ય લાવતાં અરુણે કહ્યું: “ ઉષા, રડી રડીને જે નિદ્રા આવે છે તે ઘણી વાર ગંભીર બની જાય છે. ”

ઉષાના વદન પર એ સમયે પણ અશ્રુના સુકાયેલાં સુસ્પષ્ટ ચિન્હો હતાં.

અરુણના શબ્દોથી તેનું મન અકસ્માત ક્ષણિક સ્મૃતિના વિહ્વળ બંધન કાપીને ફરી વિષાદના ભારથી ઢળી પડયું. તે એકદમ ભોજનની તૈયારી કરવાના બ્હાને ચાલી ગઇ.

થોડીવાર પછી ભોજન સામગ્રી લઇને ઉષા આવી એટલે તુરત અરુણે કહ્યું: “ઉષા, આ બધું આજે રહેવા દે, અત્યારે મને જરા ય રુચિ નથી. ”

“ કેમ ? ” વિસ્મય પામતાં ઉષા સ્વામી સામે જોઈ રહી.

ગંભીર સ્વરે અરુણે કહ્યું: “ એક વિચિત્ર સમાચાર છે. તું એ બધું એક તરફ મૂકીને મારી પાસે જરા બેસ. ”

સ્વામીની વાતનો ભાવ જોઇને ઉષાને કંઇ ભય ઉપજ્યો. તે ભોજન સામગ્રી યથાસ્થાને મૂકી આવી અને અરુણ બેઠો હતો એ સોફા પર તેની બાજુમાં બેઠી. પૂછયું: “ શું સમાચાર છે ? ”

અરુણ સહસા ગંભીર થઇ ગયો. બે પળના મૌન પછી બોલ્યો: “ મારી ઑફિસમાં કલાર્કની જગ્યા ખાલી થઇ ગઈ છે.

આજે એ જગ્યા માટે સુરેશે માણસ મોકલ્યો હતો. પોતે ન આવી શકયો."

ઉષાએ ઉત્સુકભાવે પૂછ્યું: "તમે શો જવાબ આપ્યો?"

કઠીન હાસ્ય સહ અરુણ બોલ્યો: "કહ્યું કે જગ્યા પૂરાઇ ગઇ છે."

"શું ખરેખર જગ્યા પૂરાઇ ગઇ છે?"

"ના."

"તો......?" વિસ્ફારિત નયને જોતાં ઉષાએ કહ્યું: "તો તમે શા માટે અસત્ય બોલ્યા?"

"હા. એટલા જ માટે." અસ્વાભાવિક હાસ્ય સહ અરુણ બોલ્યો.

ઉષા સ્તબ્ધ બનીને બેસી રહી આ વાતનો શો ઉત્તર આપવો? પોતાના આત્મજનની વિરુદ્ધ પોતાના જ માણસના વિરૂપ મનોભાવને પોતે કેવી રીતે સાનુકૂળ કરી શકે? થોડી-વારના મૌન પછી સકરુણ અવાજે તે બોલી: "તમારા પગે પડું છું. મારી એક વાત માન્ય રાખશો?"

સ્થિર દૃષ્ટિએ પત્નીના વદન તરફ જોતાં અરુણે કહ્યું: "રાખવા જેવી હશે તો અવશ્ય રાખીશ."

"તમે એક વાર એ ઘરે જાઓ. વૃદ્ધ માબાપ પર હવે અભિમાન રાખવું નથી શોભતું. એ લોકો કેટલું દુ:ખ ભોગવતા હશે એ આપણને લક્ષ્મીના ઢગલા પર બેઠાં બેઠાં કેમ ખબર પડે?" કહેતાં કહેતાં ઉષાના નયનો ભીના થઇ ગયાં.

અરુણે એવા જ ભાવે કહ્યું: "ઉષા, હું એક દિવસે જરૂર જઈશ પણ હજી સમય નથી આવ્યો. સુરેશ એ અરુણ નથી એ સત્ય સમજાવ્યા વગર હું નહિ જઇ શકું."

"સાચું નહિ જાઓ?"

"ના."

પલભરના મૌન પછી ઉષા બોલી: "સારું ન જવું હોય તો તમારી ઇચ્છા. પણ દર મહિને એમને કંઇક આર્થિક સહાય તો કરવી જ જોઇએ."

"એ મારાથી નહી બની શકે." અરુણે દૃઢ સ્વરે કહ્યું.

"તો પછી એ લોકોને ભૂખ અને પરિતાપમાં મરવા દેવા?"

વિરક્ત થઇને અરુણે કહ્યું: "આ વાત તેં અગાઉ કહી હતી. ફરી વાર શા માટે?"

ઉષાએ એ શબ્દો ધ્યાનમાં લઇને વિનંતિભર્યા સ્વરે કહ્યું: "ઓ......આમ નિષ્ઠુર ન બનો. એમાં કલ્યાણ નથી. માતાના અશ્રુઓ......"

એકાએક અરુણે ઉષા સામે એવી દૃષ્ટિ કરી કે ઉષા પોતાનું વાક્ય પૂર્ણ ન કરી શકી. ભય અને વિસ્મયથી દિશા હારી ગઇ.

ભયંકર કઠિન સ્વરે અરુણે કહ્યું: "ઉષા, તું માતાના પેટનું સંતાન નથી. સંતાન હું છું. આટલો આગ્રહ ન કરીશ."

એક જ પળમાં ઉષાના નયનો સામે અંધકાર ફરી વળ્યો. આવા નિષ્ઠુર શબ્દો અરુણ કદી કહી શકશે એવી કલ્પના ય ક્યાંથી હોય? આ એક જ વાક્યમાં અરુણે પોતાની અને ઉષાની

વચ્ચે માતાના અધિકાર સંબંધી સ્પષ્ટ નિર્દોષ કરી દીધો. અને ઉષાની સઘળી વ્યાકુળતા મૌખિક હોય એવું સપ્રમાણ બતાવી દીધું.

થોડીવાર સ્તબ્ધ બનીને બેસી રહ્યા પછી ઉષા ઊઠીને ધીમે ધીમે પાછળની ઓસરીનાં ખૂણામાં જઇને ઊભી રહી.

સંધ્યાએ તો ક્યારની વિદાય લઇ લીધી છે. અંધકારમય રાત્રિના ગગનમંડળ અસંખ્ય તારકના નૃત્યથી મુખરિત બનેલ છે.

દિશાશૂન્યની માફક ઉષા ગગન તરફ જોઇ રહી. આજે તેને થયું કે આ વિશાળ પૃથ્વીમાં પોતાના માટે લક્ષ્ય કરીને ચાલવાનું, નિર્ભય ભાવે કશું પકડીને નિર્ભય રહેવાનું એક પણ સાધન નથી રહ્યું. ઓહ, આજે જો તેના ઉછરંગમાં બાળક રમતું હોય તો આ બધું બનત કે? તો તો એ બાળકને હૃદય સરસું દબાવીને ઝુલાવવામાં ઉષાના જીવનની સઘળી પળો પરમ શાંતિમાં પસાર થઇને ધન્ય ગણાત.

વેદનામય ઉષાના નયનોમાં અશ્રુઓ ન ઉભરાયા. અશ્રુહીન અસહ્ય વ્યથાથી તેનું સમગ્ર વદન કેવળ વિવર્ણ અને કાળગ્રસિત બની ગયું હતું.

" ઉષા ! "

કંઠ સ્વર સુપરિચિત હતો પણ ઉષાએ ઉત્તર ન આપ્યો. તેણે લોઢાની રેલીંગને જોરથી પકડી રાખી.

અરુણે પાસે આવી બળપૂર્વક ઉષાના હાથ રેલીંગ પરથી છોડાવ્યાં અને પત્નીને વ્હાલથી હૃદય સરસી દાબી.

" છોડી દો...... " કહેતાં જ ઉષાનું રોકાયેલું રુદન સઘળા અંધનો તોડી વેગવંત બન્યું.

અરુણે કહ્યું : "ઉષા !" ઉષાને શાન્ત કરવાનો પણ પ્રયત્ન ન કર્યો. કેવળ ઉષાના ઢળેલા મસ્તકના ઘનશ્યામ કેશગુચ્છ ઉપર અરુણ પોતાનું વદન ઢાળી સ્તબ્ધ ઊભો રહ્યો. અનેક ક્ષણ પછી ભારે અવાજે તે બોલ્યો : "ઉષા ! તું પણ જો મારા હૃદયના ભાવોને ખોટી રીતે સમજીને આમ દૂર દૂર ચાલવાનું રાખીશ તો આ પૃથ્વી પર મારું કોણ રહેશે ?"

ઉષા કશું ન બોલી. થોડીવાર પહેલાના કઠોર શબ્દો સ્વામીના આ આદરથી વધુ પ્રજ્વલિત બન્યા.

અરુણ બોલતો જ રહ્યો : "તને શું ખરેખર એમ જ લાગે છે કે મારા હૃદયમાં માબાપ અને ભાઇ પ્રત્યે જરા ય દર્દ નથી ? ઑફિસેથી સુરેશના માણસને પાછો કાઢ્યા પછી મારા હૃદયમાં કેટલી અશાન્તિ થઈ છે તે કેવળ હું જ જાણું છું. પણ મેં શા માટે એવી માગણીનો તિરસ્કાર કર્યો ? હું શામાટે માબાપ પાસે નથી જતો ? એ પ્રશ્નો શું તારાથી હજી નથી સમજાયા ઉષા ! ?"

ઉષાએ આ વખતે મોઢું ઊંચું કરીને સ્વામીના નયનો સામે જોયું. અરુણના કહેવાનો મર્મ તે ખરેખર સમજી શકી નહોતી.

અરુણ એ ન સમજ્યો તે તો પોતાના મનોવેગથી દોડવા જ લાગ્યો : "હું કોની પાસે જાઉં ? હૃદયનો ભાર હળવો કરવા તારી પાસે દોડી આવ્યો. હું તો હંમેશ તારી પાસે સાંત્વન શોધી રહ્યો છું, પણ તું તો સમજતી જ નથી. હું જે સહી શકતો નથી તેના વડે તું મને આઘાત કરી રહી છે. કેમ તું સમજી નહિ ? પ્રતિકારનો ઉપાય નથી માટે જ હું એ રસ્તો છોડીને ચાલું છું."

"કેમ, ઉપાય શા માટે નથી ?"

અસહ્ય વિસ્મયપૂર્વક પત્ની સામે જોતાં અરુણે કહ્યું: "તારી સરલતા હજી પણ એવી છે. ઉપાય નથી એ તું હજી પણ સમજી શકતી નથી ? કેવું આશ્ચર્ય !"

ઉષાએ એકાએક સ્વામીનો હાથ પકડીને કરુણતાભર્યા સ્વરે કહ્યું: "મને ખુલ્લું સમજાવો. મારા ઉપર નારાજ થશો નહિ."

અરુણ તેની વ્યાકુલતા જોઈને મ્લાન હસ્યો અને કલાન્ત સ્વરે બોલ્યો: "નારાજ શા માટે થાઉં ?" બાદ જરા રહીને કહ્યું: "જે સ્થાન પરથી હું જે ભાવે, જે તેજથી અને જે સહજતાથી ચાલ્યો આવ્યો છું, તે સ્થાને હું પૂર્વની માફક સહજ ભાવે જઈ શકીશ ? છતાં પણ હું જઈ શકું, જો માતા એક જ વાર મને......"

હવે ઉષાના નયનો સામે એકાએક સઘળી ઘટના દીવાલોકની માફક પરિસ્કાર થઈને દેખાવા લાગી. નિમજ્જિત અનુતપ્ત વદન સ્વામીના હૃદયમાં છૂપાવીને તે મૃદુ સ્વરે બોલી: "મને ક્ષમા કરો. અકારણ મેં તમને વ્યથા આપી છે."

અરુણ કશું ન બોલ્યો.

થોડીવાર પછી ઉષાએ કહ્યું: "ઘરમાં ચાલો."

"ચાલો." કહીને અરુણે ઉષાનું મુખ પોતાના મુખ પાસે લીધું. જ્યારે છોડયું ત્યારે નયનોના બંને કિનારા પર બે અશ્રુઓ અકારણ ઉભરાયાં હતાં.

# નવવધૂ

દુરાગ્રહ ખાતર પુત્ર સાથે ચલાવેલ કઠોર વર્તનનું પરિણામ ખરેખર પુત્ર જુદો થશે એવું આવશે એમ કમળાએ કલ્પના પણ નહોતી કરી. અરુણના ગયા પછી કેટલા દિવસો તો એવી આશામાં ગયેલા કે દિલ્હીથી આવશે ત્યારે સઘળું ભૂલી ગયો હશે. સીધો ઘેર જ આવશે. ઇચ્છા હોવા છતાં પણ કમળા પુત્રને પત્ર ન લખી શકી. કદાચ પત્ર લખ્યો હોત તો ઉત્તર પણ ન મળત, કારણ કે અરુણ પત્ર લખવામાં પ્રમાદી હતો એ સહુ જાણતાં.

વખતોવખત સુરેશ દવાખાનામાં ભાભીને મળવા જઇ આવતો અને ભાભી પર આવેલા પત્રોથી અરુણના સમાચાર ઘેર લઈ જતો.

૬ પરંતુ માતાની આશાવેલડી વધારે દિવસો સુખી સુકોમળ ન રહી શકી. યથાસમયે અરુણ દિલ્હીથી આવી ગયો અને ઘેર ન આવતાં તેણે પત્નીને લઇને નવો ગૃહસંસાર શરૂ કર્યો.

ગંભીર નિરાશા અને અનુતાપમાં કમળાનું હૃદય ભગ્ન બની ગયું. થોડા દિવસો પહેલાં જ મોતીલાલે સામાન્ય જ્વર અને શરદીના કારણે શય્યા સ્વીકારી હતી. હજી તેઓ પથારીમાંથી બેઠા પણ નહોતા થયા અને આ બધી ધમાલ વચ્ચે સુરેશના લગ્ન પણ થઇ ગયાં.

સાંસારિક કાર્યોમાં મોતીલાલની સલાહ કદી પણ લેવામાં નહોતી આવતી. તેથી જ આ લગ્ન પ્રસંગે તેમના મત માટે પ્રશ્ન ઉપસ્થિત ન થયો. સંસારમાં રહેવાં છતાં પણ મોતીલાલ સંસારથી વિરક્ત એક સંન્યાસી જેવા હતા.

સુરેશના લગ્ન પછી કમળાએ પણ શય્યા ધારણ કરી ! દિવસે દિવસે તેનાં હૃદયમાં અનુતાપનો અગ્નિ જલવા લાગ્યો.

ઉષાના અભાવનો તેમને પગલે પગલે સ્પષ્ટ અનુભવ થવા લાગ્યો. તેમને સમજાયું કે એક અમૂલ્ય રત્ન હાથથી ગુમાવ્યું છે ! નિર્વાક્ સહન અને સૌમ્યતાની પ્રતિમા સમી સુન્દરી વધુને તેણે સ્વેચ્છાપૂર્વક દૂર હડસેલી મૂકી છે. ઉષા જેવી વહુ આજકાલ કેટલી સાસુઓનાં ભાગ્યમાં હોય છે ! ઉષા તો કમળાને સાસુ ગણુતી જ નહિ. ઉષાના નયનમાં કમળા સગી માતા તરીકે વસતી હતી. ઉષાએ જીવનમાં માબાપનો પ્રેમ મેળવ્યો નહોતો, એ બધો ક્ષોભ તેણે સાસુના ચરણોમાં જ ટાળ્યો હતો. ઉષાએ પોતાના સરલ અને અનભિજ્ઞ નયનો સાસુ પર સ્થિર કરીને કહ્યું હતું કે: ' તમારા જેટલો પ્રેમ, તમારા જેટલી મમતા મારા પર કોઇ રાખતું નથી. ' આવી લક્ષ્મી જેવી વહુ પર તેણે કેવો અત્યાચાર કર્યો ! તેનો શો ગુન્હો ! હા...: તે વંધ્યા છે ! પણ એ દોષ શું ઈચ્છાકૃત છે !

રોગ અને અભાવ એ બંને શત્રુઓએ મળીને આજે કમળા, સુવર્ણમય સુખી સંસાર પર ઘેરો ઘાલ્યો છે. નિરુપાય અને ક્ષુબ્ધ દૃષ્ટિવડે તેઓ ચારેય તરફ નિહાળે છે, પરન્તુ હતાશના ઘોર અંધકાર સિવાય બીજું કશું જોઈ શકાતું નથી. વખતે વખતે આ દર્દ સહી ન શકવાના કારણે કમળાનું હૃદય નયનોના નિર વચ્ચે તણાય છે, અને પોકારી ઊઠે છે કે : 'મારો પુત્ર કેમ આવો નિષ્ઠુર બની ગયો ?'

પરન્તુ ભીરુ માતાનું મન અભિમાની પુત્રને એક વાર સાદ કરવાનું સાહસ ન કરી શક્યું.

*　　　*　　　*

સુરેશની તરુણ પત્ની નિર્મળાએ સાસુના શયનખંડમાં પગ મેલ્યો. કમળાએ તેને જોતાં જ વ્યગ્ર કંઠે કહ્યું : "નિમળા, સુરેશ ઘેર આવ્યો છે કે નહિ ?"

નિર્મળાએ મસ્તક નમાવી જણાવ્યું કે : "આવેલ છે."

"કેવી બુદ્ધિ છે! જોયું ને ? હું તો એને ત્યાં મોકલીને ચિંતા કરી રહી છું અને એ ઘરમાં આવીને ચૂપચાપ બેસી ગયો છે! વહુ, તું જા તો. એને એક વાર મારી પાસે મોકલ."

નિર્મળાએ ટેબલ પરથી દવાની શીશી લઇ, એક પ્યાલીમાં દવા કાઢી સાસુને આપતાં કહ્યું : "લ્યો, આટલી દવા પી જાઓ. હું જાઉં છું."

કમળા તરત ક્રોધીષ્ઠ થઈ ગઇ. તીવ્ર સ્વરે કહ્યું : "તારે તો દરેક પાંતીની ઉતાવળ. પ્રથમ કહ્યું એ તો કર. બસ, દવા લ્યો-દવા લ્યો! દવા ખાવાથી તે શું થવાનું હતું ? નાખી દે હવે એ નથી પીવાની."

પરન્તુ નિર્મળા દવાની પ્યાલી લઇને એ જ ભાવે ઊભી રહી. ઔષધ ઢોળી નાખવાનું તો દૂર રહ્યું પણ બહાર જવાનું એ કશું લક્ષણ ન દેખાયું.

કમળા નિર્મળાનો સ્વભાવ જાણતી હતી. વધારે વાક્યવ્યય ન કરતાં ઔષધ પી લીધું ત્યાં સુધી નિર્મળા બહાર ન ગઇ. ઔષધ પીધા બાદ નિર્મળા બહાર ગઇ.

નિર્મળાના ગયા પછી થોડીવારે સુરેશ આવ્યો. માતાએ ઉત્સુક નેત્રે પુત્ર તરફ જોતાં પૂછ્યું : "ભાઇ, શું થયું ? માણસ મોકલ્યો હતો ને ?"

શુષ્ક સ્વરે સુરેશ બોલ્યો : "હા મોકલ્યો હતો."

પુત્રના મુખનો સઘળો ભાવ જોતાં માતા ચીમળાવા લાગી, છતાં સંશયના જોરથી પૂછ્યું : "અરુણે શું કહેવરાવ્યું ? તને દાખલ નહિ કરે ?"

સુરેશે માતાના મલિન બિછાનાના એક ખૂણા પર બેઠક લઇને મ્લાન હાસ્ય સહિત કહ્યું : "ત્યાં જગ્યા પૂરાઇ ગઇ છે."

કમળાના વિસ્મયની સીમા ન રહી. કહ્યું : "એ કેમ બને ? આજે સવારના જ વર્તમાન્ પત્રમાં જ જાહેર ખબર હતી, અને..."

સુરેશે એવા જ શાન્ત સ્વરે કહ્યું: "હા, એ તો બરાબર–" જરા રહીને કહ્યું : "પણ શીખબર પડે. મારા અગાઉ જ કોઇને નોકરી મળી ગઈ હોય ! તેમ હું કાંઇ ગ્રેજ્યુએટ નથી. અને મારી લાગવગ પણ કેટલી ?" વાત કહેતાં કહેતાં ગંભીર વેદના-વડે સુરેશનું હૃદય થડકવા લાગ્યું. સુરેશ સમજતો હતો કે: "મારા પહેલા કોઈને નોકરી મળી શકે નહિ, પણ તે સ્થળે

અરુણભાઈ કાર્યકર્તા વિધાતા હતા તે સ્થળે એક દીન ભિખારી માફક નોકરી અર્થે જવું પડયું, અને તે પણ ન મળી ! આ અભિમાન અને વેદનાથી સુરેશનું હૃદય ચૂરો થઇ ગયું હતું.

કમળાએ પળભરના મૌન પછી જરા સંદિગ્ધ સ્વરે કહ્યું: " એ ન માની શકાય. એટલી વારમાં જગ્યા પૂરાય જ નહિ. અરુણ કદાચ તને સ્થાન આપવા ન ઇચ્છતો હોય ! "

સુરેશ મૌન બેસી રહ્યો. પુત્રના કરમાયેલા ચહેરા સામે જોઇને માતાનું હૃદય ભરાઇ ગયું. સંસારથી અનભિજ્ઞ પ્રાય કિશોર અને અબોધ પુત્રના માથા પર પોતે કેવો વિરાટ પર્વત જેવો સાંસારિક બોજ મૂકી દીધો છે ! એ બોજ સુરેશથી સહન થઇ શકશે નહિ ત્યારે ? આહા ! કચરાઇ જ જાય ને ! અને એ અભિશાપ માતાને કેવા લાગશે ? કમળા ધ્રૂજી ઊઠી.

સુરેશના પિતા મોતીલાલ ઓરડામાં આવ્યા.

" સુરેશ જેવી રીતે મૌનપણે આવ્યો હતો તેવી જ રીતે ચાલ્યો ગયો.

માતાના નયનોમાં આંસુ અને માતાના હૈયાનું દર્દ ગમે તે રીતે સહી શકાય તેમ હતું, પરન્તુ સદાયે હાસ્યમય રહેતા પિતાના વદન પરની કારમી વેદના એક પળ માટે સહી શકાય તેમ નહોતી.

સુરેશ કાન્તાને શોધવા લાગ્યો: ગૃહનું સઘળું કાર્ય પૂરું કરીને સંધ્યાના આછા અંધારા વચ્ચે દેહને છૂપાવીને નિર્મળા અગાશીના એક ખૂણામાં બેઠી હતી. તેના નયનો સામે અતીત કાળનું એક સુમધુર દૃશ્ય રમી રહ્યું હતું. એ દૃશ્યમાં નિર્મળા વીભોર બની હતી : ' ચાંદનીથી જળહળતી રાત્રિએ અરુણ ઉષાને લઇને અગાશી પર વિચરતો હતો. અરુણને બંસરીનો બહુ નાદ

હતો. તે સુમધુર સ્વરે બંસરી છોડી રહ્યો હતો. અરુણની બંસરીનો સૂર અલૌકિક હતો. ઉષા વાયોલીન બજાવતી. કોઈ કોઈ દિવસે બંને સૂર મેળવણી સાથે બજાવતાં-ગાતાં. અને સુરેશ આ સૂર-મિલનનો ધ્વનિ અભ્યાસગૃહમાં બેઠો બેઠો સાંભળતો. '

આજે આ ગૃહમાં અરુણ કે ઉષા કોઇ નથી. એ લોકોને આ ગૃહનો ત્યાગ કરે પણ એક વર્ષ ઉપર થઇ ગયું પરન્તુ સ્મરણો એના એ રહી ગયાં છે. ઉષાના ખંડમાં એના એ ખુરશી ટેબલ એની એ દિશામાં ગોઠવેલાં પડયાં છે. સુરેશ હજી પણ તાજા ફૂલો લાવીને ભાભીના રૂમમાં ગોઠવી આવે છે. અરુણની પ્રીય બંસરી પણ ટેબલનાં ખાનામાં એમ ને એમ પડી છે.

નિર્મળાએ સ્વામી પાસેથી આટલા જ સમાચાર મેળવ્યા છે. ચાંદની રાત્રિ હોય ત્યારે સુયોગ મેળવીને તે ઘણી વાર અગાશીમાં ચાલી આવે છે, અને નિર્નિમેષ નયને ઉષાના પરિત્યક્ત સુખના સ્વપ્નચિત્રોને જોઇ રહી છે! આહ બહેન કેવી સુખી હતી!

નિ:શ્વાસથી નિર્મળાનું મન ભરાઇ જાય છે. તે કદિપણ વાતો કહી શકતી નથી. તે તો કંગાલના ઘરની પુત્રી છે. સુખ અને શોખની બાબતમાં ઘણા પ્રકારનો સંયમ કેળવીને તેનાં સ્વભાવમાં વાતો કહેવામાં પણ સંયમ સમાઇ ગયો છે. એ કેવી રીતે બન્યું હશે એ કશું કલ્પી શકાતું નથી.

આ સંસારમાં પગલા પાડીને તેણે જે દિશામાં દૃષ્ટિ કરી એ દિશામાં તેને દેખાયું કે, શ્રાવણના કાળાં વાદળાઓ મળીને એકઠાં થયાં છે, એ વાદળાંઓ રડી રહ્યા છે. સજીવ માનવથી માંડીને ઘરનો નિર્જીવ સામાન પણ એ વાદળાંની કાળી છાયામાં શ્યામ બની ગયેલ છે. અને પળે પળે ભયનો આભાસ થઇ રહ્યો

છે. એમજ લાગે છે કે પ્રલયની પ્રચંડ ધારામાં હમણાં જ આ ગૃહની શ્રી અને શક્તિ તણાઈ જશે.

ઓછાબોલી નિર્મળા ભય અને વિસ્મયથી બહાવરી બની ગઇ. પોતાના જીર્ણ અને ભાડુતી મકાનના ફળીમાં ઊભા રહીને તેણે અનેક વાર સાતૃષ્ણ નેત્રે એ વિશાળ અટ્ટાલિકા સામે જોયું હતું. તેની આંખ સામે આ ભુવન એક કલ્પનાભરેલા રહસ્યમય સ્વર્ગ જેવું હતું! મૌનભાવે આ ઘરનો પ્રકાશ અને કલરોલ તેણે કૌમાર્યાવસ્થામાં ખૂબ અવલોકયો છે. હાસ્ય અને સંગીતથી તેની કલ્પનાઓ સજીવ બની હતી. કેટલીયે વાર ગંભીર રાત્રે તેની નિદ્રા ઊડી જતી હતી. કેવળ અરુણની બંસરીના સ્વરે પાગલ બનાવનારા એ સૂરની ઉન્માદભરી લહેરીઓ નિસ્તબ્ધ રજની વચ્ચે વાતાવરણને નૃત્ય કરાવતી કોઈ અગમ્ય દિશાએ પ્રયાણ કરી જતી. સાંભળતાં નિર્મળાના બંને નયનો અશ્રુઓથી ઉભરાઈ જતાં. મલિન શય્યા અને મલિન વસ્ત્રો વચ્ચે એ નયનો મીંચીને પ્રાર્થના કરતી કે: "હે ભગવાન! મને મુક્ત કર! આ અભિશપ્ત દારિદ્રયની ચૂડમાંથી મને ઉગારી લે!"

ઊર્મિ અને આનંદ સાથે નિર્મળાનાં પગલાં આ ઘરમાં થયાં. પણ આ શું? ગંભીર ક્રંદનભરી દિવાલો વચ્ચે તે કેવીરીતે આવી પડી? શું તેની કલ્પનાનું સ્વર્ગ આ છે? નવવધૂને અનુરૂપ આદરસત્કાર તો કોઇએ ન કર્યો. સાસુએ કરમાયેલા ચહેરે એક વાર વધુનું વદન જોઇને જ શય્યા ગૃહણ કરી. સુરેશ તો ગમે તે રીતે તેને લાવીને જ છૂટકારાનો દમ ખેંચી શકયો છે!

નવવધુ હોવા છતાં નિર્મળા સમજી શકી હતી કે આ આંગણે કોઈ મહાપ્રકારનું મહાપરિવર્તન થઈ ગયું છે, પણ પરિવર્તન કયા કારણે થઇ ગયું છે એ પોતે સમજી શકી નહોતી.

પરન્તુ એ કારણ શોધતા નિર્મળાને વધારે સમય ન લાગ્યો. મધુરજની વખતે જ સુરેશે સ્રીના વદન સામે દૃષ્ટિ કરતાં કહ્યું હતું કે: "તું અને તારા માબાપ એમ ધારતાં હશો કે તારા લગ્ન મોટા ઘરમાં થયા છે, પણ તમે કદાચ સમજી શકયા નથી કે આ ઘરની લક્ષ્મી વિદાય થઇ ગઈ છે."

સરલહૃદયા નિર્મળા કશું સમજી શકી નહી. કેવળ અસ્ફૂટ સ્વરે પૂછ્યું: "કોણ એ?"

સુરેશે મ્લાન હાસ્ય સહ કહ્યું: "મારા ભાભી!" જરા વાર રહીને ફરી કહ્યું: "ભાભીએ અમારા સંસારમાં ઐશ્વર્ય બિછાવ્યું હતું, છતાં ય તેને આદર ન મળ્યો. પણ તું..."

સુરેશ વાકય પૂરું કરે તે પહેલાં જ નિર્મળાએ વ્યાકુળભાવે પૂછ્યું: "છતાં ય તેમને આદર ન મળ્યો?"

"ના. પણ તું કદાચ ભાભી માફક ઐશ્વર્ય નહિ બિછાવી શકે, છતાં ય તને આદર મળશે?"

તે દહાડે નિર્મળા આ બધું સમજી શકી નહોતી. આજ એ બરોબર સમજી શકી છે. પણ આ આદર નિર્મળાના મનને જરા ય સાંત્વન આપી શકતો નથી. એ તો ગરીબના ઘરની પુત્રી છે. અને ઉષા પણ ગરીબના ઘરની પુત્રી છે. પણ ભાગ્યના શૃંખલ નિયમ પ્રમાણે તે આ સંસારની જયલક્ષ્મી બની શકી હતી અને નિર્મળા? શું બાકી રહ્યું છે?

ભાગ્યનો કેવો આ નિર્મમ પરિહાસ!

નિર્મળાના પગલાં થયાં ત્યારપછી થોડા- દિવસોમાં ઘરનું ઐશ્વર્ય અલોપ થવા લાગ્યું. નોકર, ચાકર, દરવાન વિગેરે

એક પછી એક વિદાય લેવા લાગ્યાં. સુરેશે કૉલેજનો ત્યાગ કરી નોકરી માટે ગલીએ ગલીએ ભટકવું શરૂ કર્યું. મોતીલાલ અને કમળા પથારીવશ થયાં. ઘણા દિવસોથી અડ્ડો જમાવી રહેલા દૂરના આત્મિય જનોને મહામહેનતે વિદાય કરવા પડયાં. આ બધું કેમ થયું ?

અગાશીના ખૂણામાં કલ્પનાઓ વચ્ચે અટવાયેલી નિર્મળાના નયન સામે ભૂતકાળના ચિત્રો એક પછી એક ઊડવા લાગ્યાં. તેના મનમાં થયું કે આ બધું મારા જ પાપે થયું છે ! જન્મથી વરેલું દારિદ્ર જ તેનું મહાપાપ છે ! એ મહાપાપને સાથે લઇને જ પોતે આ આંગણે આવી છે ! સુખ અને સમૃદ્ધિની લહેરો એકાએક દારિદ્રના પ્રચંડ વંટોળ વચ્ચે વિલય પામી છે !

# દારિદ્ર

"નિર્મળા, તું અહીંયા છે ?"

નિર્મળા ચમકી ઊઠી, પણ કશું બોલી નહીં. નીચી નજરે એમ ને એમ બેસી રહી.

સુરેશ નજીક આવીને પાસે બેઠો. નિર્મળાનું વદન બંને હાથે ઊંચું કરતાં ચમકીને પૂછ્યું: "નિર્મળા, આ શું ?"

નિર્મળા મ્લાન વદને આછું અપ્રશ્રુત હાસ્ય હસી.

સુરેશે ક્ષણભર સ્તબ્ધભાવે બેસીને કહ્યું: "હું તને સુખી નથી કરી શકતો એ મારું કમભાગ્ય છે! સાથે તારું પણ કમભાગ્ય સંકળાયેલું છે! પરન્તુ આપણા દુઃખ વચ્ચે બીચારા આવનાર અનાગતનો શો ગુન્હો ? આવતી કાલે તું માતા થઇશ. તારા ખોળામાં એક
૭ સુંદર બાળક રમશે. તું આવનાર બાળકનો એટલો ય વિચાર ન કરી શકે કે ?"

અસ્ફૂટ સ્વરે અને નમેલા વદને નિર્મળા બોલી: "હું શું કરું છું ?"

" તું ક્યાં કાંઇ કરે છે? માત્ર હું તને પ્રાર્થના કરૂં છું કે તું આમ વિચારમાં ઝૂરવું છોડી દે. મારા ખાતર નહી તો તારા આવનાર સંતાન ખાતર! આજે ટેબલ પર મેં ઔષધની શીશી જોઇ તો તેમાંથી એક પણ ટીપું ઓછું થયેલું નહોતું, પણ તને ક્યાં ખબર છે કે આ ઔષધ લાવતાં મારે કેટલું કષ્ટ સહન કરવું પડ્યું છે!"

સુગંભીર લજ્જા અને વેદનાથી નિર્મળાનું હૃદય ભરાઇ ગયું. તે મૃદુ સ્વરે બોલી: " હવેથી હું નિયમિત લઇશ ".

જરા નિરવ રહીને સુરેશે કહ્યું: " અને આ જ રીતે આમ અગાશીમાં બેસીને ઠંડી ન લે તો તને કંઇ નુકશાનકર્તા થાય એમ તો નથી ને?"

" હવે અગાશીમાં નહી આવું." મૃદુ કોમળ સ્વરે નિર્મળાએ કહ્યું. તેનાં બંને નયનો અશ્રુભર્યાં બન્યાં. આહ, કયા સુખની માયા તેને અગાસીમાં ખેંચી લાવે છે? નિર્મળા કશું મોઢેથી કહી ન શકી પણ મનથી બોલી: ' શું ગરીબને સુખના સ્વપ્ન ઝીલવામાં પણ પાપ લાગતું હશે? ગુન્હો ગણાતો હશે?"

નિર્મળા દેહ અને દિલથી ભગ્ન બની ગઇ હતી. હતાશા અને પરિશ્રમના ગુરૂભારથી તેનું હૃદય દબાઇ ગયું હતું. પરંતુ મોઢેથી કશું કોઇને કહી શકતી નહીં. નિરવભાવે કાર્ય કરે જતી.

તેના વદન પરની વેદના વાંચતા સુરેશે કહ્યું: " નિર્મળા! કંઇ માઠું તો નથી લાગ્યું ને? હું શું કરૂં? તારા સિવાય મારે એક પણ શાન્તિનું સ્થાન નથી. તું જો આ પ્રમાણે કરીશ અને શરીર પ્રત્યે બેદરકારી રાખીશ તો મારે પણ શય્યા લેવી પડશે. પછી હું કઈ દિશાએ જોઇ શકીશ? કઈ બાજુ સંભાળી શકીશ?"

નિર્મળા કશું ન બોલી. ખરી રીતે તેને સુરેશના શબ્દોથી જરા ય માઠું લાગ્યું નહોતું ! પરન્તુ તે માનસિક વિચારો વચ્ચે રૂંધાઇ રહી હતી. સ્વામીને મનનો ભાવ કહેવો હતો છતાં તે કહી શકી નહોતી. તે એમ ને એમ મૌનભાવે બેસી રહી.

“ કેમ કશું નથી બોલવું ? ” સુરેશે પ્રશ્ન કર્યો ?

ચકિત થઇને નિર્મળાએ પૂછ્યું: “ શું ? ”

સુરેશનું હૃદય મ્લાન થઇ ગયું. કહ્યું: “ અત્યારસુધી મેં જે કંઈ કહ્યું તે તારા કાન સુધી આવ્યું જ નથી લાગતું કાં ? ”

નિર્મળા નમેલા વદને નિરવ રહી.

સુરેશે કહ્યું: “ નિર્મળા તું હંમેશા આમ ઉત્સાહહીન શા માટે રહે છે ? તારા અંતરમાં શું દુ:ખ થાય છે ? ”

નિર્મળાએ આ વખતે ઊંચુ જોઇને સ્વામીના ચહેરા સામે જોયું. એક પ્રશ્ન તેના ભીરૂ હૃદયમાં પ્રગટ્યો પણ તે બોલી શકી નહિ.

સુરેશ પોતાના વેગમાં જ અંધ બનીને કહેવા લાગ્યો: “ નિર્મળા, મારૂં આ દારિદ્ર શું તારાથી સહન થઇ શકતું નથી ? પરન્તુ......”

આ નિર્મમ આઘાતથી નિમુનો ચહેરો શ્યામ બની ગયો. તે આર્ત્ત સ્વરે માત્ર એટલું જ બોલી: “ઓ......”

સુરેશ વિસ્મિત થઇ ગયો. તેણે કંઇ નિર્મળાને આઘાત કરવા માટે નહોતું કહ્યું. પોતાના મનની સરળતાથી જ તે વખતે બોલેલ, પરન્તુ એથી નિર્મળાને વ્યથા થાય એવું શું છે ? સુરેશ એ વિચારી શક્યો નહી અને કહ્યું: “ આ શું ? તું-આમ શા માટે કરે છે ? ”

અશ્રુરુદ્ધ સ્વરે નિર્મળા બોલી: "હું તો ગરીબની પુત્રી છું પણ એથી શું તમે મારા તરફ આમ કટાક્ષ કરીને સાન્ત્વન મેળવો છો ?"

ભયંકર વિસ્મયથી સુરેશ પળભર ઘા ખાઇ ગયો. સ્થિર થતાં વ્યાકુળભાવે બોલ્યો: "શું કટાક્ષ કરૂં છું ? તારા પર કટાક્ષ હું કરૂં એ બની શકે ?"

નિર્મળાએ મસ્તક ખૂણામાં નમાવી દીધું. તે રડવા લાગી.

સુરેશે અભિમાનક્ષુબ્ધ સ્વરે કહ્યું: "તું મારો કહેવાનો આશય અવળો સમજી પણ ઇશ્વર જાણે છે કે હું તને આઘાત દેવા જરા ય બોલ્યો નહોતો! જે સાચું હતું તે જ મેં કહેલું. જરા રહીને કહ્યું: "તારા માબાપનું ઘર કદાચ ગરીબ હશે. પરન્તુ અમારી અત્યારની સ્થિતિ જેવી છે તેવી તેઓની નથી. અમે તો અત્યારે રસ્તાના ભિખારી જેવા છીએ."

સુરેશની વાતના જ્વાલાભર્યા સુરથી ચારે તરફની હવા જાણે ભારે થઈ ગઈ.

નિર્મળાનાં નીર સુકાઇ ગયાં. નિમુનો કંપતો દેહ એક વાર વિપુલ વેગથી કમકમી ઉઠ્યો અને અકસ્માત સ્તબ્ધ થઇ ગયો. સુરેશે પણ બીજી કશી વાત ન કરી. તે તો જાણે પોતે ઉચ્ચારેલી વાતની ગંભીરતાનો વિચાર મનમાં ને મનમાં જ કરવા લાગ્યો.

અનેક ક્ષણ પછી નિર્મળાએ ધીર ગંભીર સ્વરે કહ્યું: "જુઓ, તમે એક કામ ન કરી શકો ?"

"શું ?" ઉદાસ નેત્રે સુરેશે પત્ની સામે જોયું.

જરા અચકાતા અચકાતા નિમુ બોલી: "આવડા મોટા મકાનમાં આપણે ગણતરીના જ માણસો રહીએ છીએ એના કરતાં...... "

મ્લાન હાસ્ય સહ સુરેશે કહ્યું: "એના કરતાં મકાનનો થોડો ભાગ ભાડે આપી દઇએ એ જ ને ?"

નિર્મળાએ મસ્તક નમાવી 'હા' જણાવી.

કષ્ટથી એક નિઃશ્વાસ ગળી જઇને સુરેશે કહ્યું: "એ બની શકે એમ નથી."

ચમકીને નિર્મળાએ પ્રશ્ન કર્યો: "શા માટે ?"

જરા નિરવ રહીને સુરેશે કહ્યું: "આ મકાન આપણું નથી. મોટા ભાઇનું છે. ભાડે દેવા બાની પણ સંમતિ નથી. મારી પણ ઇચ્છા નથી. આ મકાન મોટાભાઇએ શોખથી બનાવ્યું છે."

નિર્મળાને કશું કહેવા જેવો અવકાશ ન રહ્યો. થોડીવારના મૌન પછી સુરેશે કહ્યું: "ચાલો, નીચે જઇએ."

નિમુ મૌનભાવે કંઇક વિચારી રહી હતી. સુરેશના કથનથી સચકિત થઇને બોલી: "હા પણ .... " તે વધુ ન બોલી શકી. વાક્ય ગળી ગઇ.

"શું કહેવા માગતી હતી ?" સુરેશે પ્રશ્ન કર્યો.

જરા વિચારીને ધીરે ધીરે નિર્મળાએ કહ્યું: "ત્યારે શું મોટા ભાઇ અને ભાભીને અહીં પાછા ન બોલાવી શકાય ?"

સુરેશ ચમકયો. કહ્યું: "એમાં હું શું જાણું ?"

" હું શું જાણું કેમ? તમે એક વાર તેની પાસે જાઓ તો?

" હું ? " સુરેશ અત્યંત વિસ્મય પામ્યો.

નિમુએ આશ્ચર્ય પામતાં પૂછ્યું : " કેમ, તમે શું તેમની પાસે ન જઇ શકો ? "

સુરેશે દૃઢભાવે જરા મસ્તક ઊંચું કરીને ઉત્તેજિત રીતે કહ્યું: " ના. હું કોઇ પણ રીતે ન જઇ શકું. તારી સાથે જો મારા લગ્ન ન થયાં હોત તો હું જઇ શકત. હવે હું ન જઇ શકું. "

નિર્મળાનો ચ્હેરો પીળો પડી ગયો. સુરેશ તે ન જોઇ શક્યો. તે માત્ર આશ્ચર્ય વચ્ચે વિચારી રહ્યો હતો કે " આવી મહાન શરમની વાત નિર્મળાના મોઢા પર આવી કેવી રીતે ? "

નિર્મળા કશું બોલ્યા વગર ધીરે ધીરે નીચે ચાલી ગઇ. સુરેશ પણ તેની પાછળ ગયો.

મોતીલાલ ક્યારના સુરેશને શોધી રહ્યાં હતાં. સુરેશને જોતાં જ બોલ્યાં: " કોણ સુરેશ ? અહીં આવતો જરા ... "

બંને કમળાના ઓરડામાં ગયાં. કમળાએ પુત્ર તરફ જોઇને કહ્યું: " ભાઇ અહીં આવ. મારી પાસે બેસ. એક વાત કહું ? "

સુરેશ માતા પાસે બેઠો. કહ્યું: " શું કહેવું છે ? "

મોતીલાલે વચ્ચે જ પ્રશ્ન કર્યો " સુરેશ, આ સ્થિતિ ક્યાં સુધી નભશે ? "

સુરેશ સમજ્યો કે બાપુનો પ્રશ્ન નોકરી માટે છે, તેથી જ તે મૌન રહ્યો. પ્રશ્નનો ઉત્તર આપવા જેવું કંઇ નહોતું. તેણે પ્રયત્ન કરવામાં મણા નહોતી રાખી.

પણ સુરેશની સમજફેર હતી. મોતીલાલના પ્રશ્નનો આશય જુદો જ હતો. તેમણે ધીરે ધીરે કહ્યું : " સુરેશ તું એક વાર અરુ પાસે જા, તેનો તો કશો વાંક હતો જ નહી. "

સુરેશ અસહ્ય વિસ્મયથી ચમકી ઊઠ્યો. બરોબર આવો જ પ્રશ્ન થોડીવાર પહેલાં નિર્મળાએ કર્યો હતો, પરન્તુ નિર્મળાને રોકડો જવાબ દેવામાં કશી હરકત નહોતી, પણ અહીં રોકડો જવાબ દેવાય તેમ નહોતું. માત્ર છટકવાનું જ હતું.

કમળાએ આગ્રહભર્યા નેત્રે પુત્ર તરફ દૃષ્ટિ કરતાં કહ્યું : " સુરૂ, તું જરાયે સંશય કર્યા વગર એક વાર મોટા ભાઈ પાસે જા, એટલે તે..."

માતાનું વાકય પૂર્ણ થાય એ પહેલાં જ સુરેશે આરક્ત વદને કહ્યું: " હું ત્યાં જઇ શકીશ નહિ. "

મોતીલાલ વિસ્મય પામતાં બોલ્યાં: " કેમ ? "

વળી પાછો ન સમજાય એવો કઠીન પ્રશ્ન કેમ ? સુરેશ અસ્થિર થઇ ગયો. આ લોકોને કેવી રીતે સમજાવી શકે કે ત્યાં જઈ શકાય તેમ નથી ! મોટા ભાઇને મોઢું દેખાડતાં કેટલી શરમ આવે છે એ શું આ લોકો સમજી શકતા નહી હોય ? સુરેશ નીચી નજરે મૌન રહ્યો.

કમળાએ હતાશ ભાવે પુત્ર સામે જોતાં કહ્યું: " ભાઇ, તું નહિ જઈ શકે તો કોણ જશે ? અત્યારે અહીં બીજું કોણ હતું ?"
સુરેશે કશો ઉત્તર ન આપ્યો.

કમળા ક્ષુબ્ધ સ્વરે બોલવા લાગી : " નાની વહુની સ્થિતિનો વિચાર પણ કરવો રહ્યો. આવાં કષ્ટ તે કેવી રીતે સહી શકશે ?"

સુરેશ હવે મૌન રહી શક્યો નહિ. તીવ્ર સ્વરે બોલ્યો : "એથી ત્યાં જવામાં શો લાભ ?"

"શો લાભ ? એ તને પછી સમજાશે. તું એક વાર મારા અરુને પાછો બોલાવી લાવ એટલે સઘળું થઈ જશે."

સુરેશ મૌન રહ્યો.

કમળા આશામયી બનીને કહેવા લાગી : "જે વિવાદ મેં ઊભો કર્યો હતો તે હું મારા જ હાથે ભૂંસી નાખીશ. તું એક વાર માત્ર અરુને મારી પાસે બોલાવી લાવ. મને ખાત્રી છે કે એ અવશ્ય આવશે. મારો સાદ સાંભળીને ન આવે એવો મારો અરુ નથી......"

સુરેશે ધીરે ધીરે કહ્યું : "પણ બા, હજી તું સમજી શકી નથી......"

વચમાં જ વ્યગ્ર કંઠે કમળાએ કહ્યું : "હું સઘળું સમજી શકું છું. કેવળ તું જ સમજી શકતો નથી."

ઘવાયેલા સુરેશે કહ્યું : "તું જ્યારે આટલું અત્યારે સમજી શકે છે તો પછી તેં આવું કર્યું શા માટે ?"

કમળાનો ચ્હેરો શ્યામ બની ગયો. ઉત્તર ન મળવાથી સુરેશે કહ્યું : "મોટા ભાઇ એક વિશાળ ઑફિસના મુખ્ય કર્ત્તાહર્ત્તા છે, છતાં ય મને એક સામાન્ય કારકુનની જગ્યા પણ ન આપી શક્યાં." સુરેશના સુંદર વદન પર એક શ્યામ રેખા ખેંચાણી. જરા રહીને તે બોલ્યો : "તો પછી કઇ શક્તિના આધારે મારે એની પાસે જવું ?"

કમળા આ વખતે પણ ઉત્તર ન આપી શકી.

મોતીલાલ એક નિઃશ્વાસ નાખીને ધીરે ધીરે ઓરડા બહાર ચાલ્યા ગયા. સુરેશ પણ ચાલ્યો ગયો. દગ્ધ હૃદયનો વ્યર્થ હાહાકાર હૃદયમાં સમાવી રાખીને કમળાએ શય્યામાં મોઢું ફેરવી દીધું.

જવના પાણીનો એક પ્યાલો લઇને નિર્મળા ઘરમાં આવી. કમળાની શય્યા પાસે આવીને તેણે કહ્યું : "બા!"

આંખ ઉઘાડીને નિર્મળા તરફ જોતાં જ કમળાના નયનો ભભૂકી ઊઠયાં. તેના મનમાં થયું કે આ અપશુકનિયાળના પગલાંથી જ અમારા ઘરનો સત્યાનાશ થયો છે. સોનેરા સંસારમાં આગ લાગી છે. હાથમાં રહેતાં રત્નો પારકાં બન્યાં છે. રૂક્ષ સ્વરે કહ્યું : "તું મારી સામેથી ચાલી જા. મને વધારે ન બાળ!"

આવેલા અશ્રુઓને દબાવી નિર્મળા બહાર ચાલી ગઇ.

પોતાના મેજ પર નિર્મળા ઢળી પડતાં રડતાં રડતાં બોલી ઊઠી: "હે ભગવાન! હવે વધુ સહી શકાતું નથી."

નિર્મળા પ્રત્યેની વિરક્તિ આજસુધી કમળાના હાવભાવમાં જ વ્યક્ત થતી, પરન્તુ આજે તો નગ્ન સ્વરૂપમાં એ સરી પડી.

એક વાર સુરેશે કહ્યું હતું કે: "ઉષા ભાભીને આદર નહોતો મળતો વંધ્યાના કારણે, પરંતુ તું માતા થઇશ એટલે જરૂર તારો સત્કાર થવાનો."

પણ એ સત્કાર શું આવો જ થવાનો હતો.

જે કારણે કમળાએ ઉષાને આ ઘરમાંથી અનાદર–અવજ્ઞાથી ધક્કો મારી બહાર કાઢી છે. તે સંતાનની આકાંક્ષા તો આજે

પોતાના ઉદરમાં છે. આવતી કાલે એ આશા ઉદય પામશે. શું આવી એમની આદરભરી અભ્યર્થના? દારિદ્રના કારણે શું સ્વામી પણ તિરસ્કાર નથી કરતા?

રડતી નિર્મળાના હૃદયમાં થયું કે, કોઇ અશુભ અભિશાપ જ પોતાના ઉદરમાં સંતાપરૂપે આવેલ છે. જો એ અનાગત ન હોત તો નિર્મળા અવશ્ય આ દર્દભર્યા બંધનમાંથી મુક્ત થવાનો માર્ગ વિચારી લેત. પ્રકાશ અને આશા વગરના અંધકારમય વિશ્વનો ત્યાગ કરીને જરૂર તે મુક્ત બની શકત! આ ઐશ્વર્યલોભી, હૃદયશૂન્ય અને દંભી પરિવારની જાળમાંથી જરૂર તે મુક્ત થઇ શકત. પણ એ મુક્તિનું સ્વપ્નું તો આજે ઘણું દૂર દૂર છે!

પરન્તુ નિર્મળા એ નહોતી સમજી શકતી કે દારિદ્રમાં જ પોતે જન્મી છે અને આજે પણ દારિદ્રનું દુઃખ ભોગવી રહી છે. એ કરતાં જે લોકો એક વખતે પ્રચુર ઐશ્વર્ય વચ્ચે જીવતા હતા તે આજના દારિદ્રથી કેટલા દુઃખી થતા હશે? અને સંતાન ખાતર કમળાની આકુળ મનોદશાને પણ તે ન સમજી શકી.

૮

# કોની ખાતર ?

ઉષાનું શરીર દિવસે દિવસે નબળું પડવા લાગ્યું. જાણે કોઇ મહાનિરાશા ઉષાના સૌન્દર્યને ચૂસવા લાગી.

દાક્તરને બતાવીને અરુણ પણ હતાશ થઇ ગયો.

એક દિવસે આ પ્રશ્નની ચર્ચા નીકળતાં અરુણે કહ્યું: “ઉષા, હવે મને અહીંના દાક્તરો પર જરા ય વિશ્વાસ નથી રહ્યો. આટઆટલો પ્રયત્ન કરવાં છતાં ય તારું દુઃખ દૂર કરી શકાતું નથી.”

ઉષાએ કલાન્ત સ્વરે કહ્યું: “તમે બહુ ફીકર ન કરો. હું મારી મેળે જ સારી થઇ જઈશ.”

અરુણે સૂકું હાસ્ય વેરતાં કહ્યું: “તારી વાત ઠીક છે, પરન્તુ એ આશામાં મહિનાના મહિનાઓ પસાર થઇ ગયા.”

ઉષા મૌન રહી. તેનો વ્યાધિ કોઇપણ રીતે મટી શકે એમ નહોતો. દાક્તર કદાચ ન સમજી શકે પણ તે તો સમજતી હતી. એમાં દાક્તરને શા માટે દોષ

દેવા ? મનુષ્ય હૃદયમાં રહેલી અશાન્તિ દૂર કરવાની જો શક્તિ દાક્તરોમાં હોત તો ઉષા પોતાનું ગુમાવેલ સ્વાસ્થ્ય મેળવી શકત, પરન્તુ એ શક્તિ કુદરત સિવાય કોના હાથમાં છે ?

ધીરે ધીરે ઉષાએ એક નિઃશ્વાસ નાખ્યો.

વિચારમાં તન્મય બનેલા અરુણે કહ્યું: "જો મને દોઢ બે માસની રજા મળી હોત તો તને કોઇ સુંદર સ્થળે હવાફેર માટે લઇ જાત. તને આ સ્થિતિમાં કેવી રીતે બચાવી લેવી એ જ મારાથી સમજી શકાતું નથી ?"

ઉષાના રક્તશૂન્ય ઉજ્જવળ વદન પર હળવી હળવી ગુલાબી હાસ્યની રેખાઓ અંકિત થઇ. તે બોલી : "મને બચાવી લેવામાં તમને શો લાભ છે ?"

ચમકીને અરુણે પૂછ્યું: "શું કહ્યું ?"

ઉષાએ ઉત્તર ન આપતાં આછું હાસ્ય વેર્યું.

અરુણે ગંભીર વદને જરા વિચારીને કહ્યું: "ઉષા, હંમેશા તું આવા અમંગળ શબ્દો કહે છે એ મારાથી હવે સહન થઇ શકતા નથી. ઉષા, તારા બંને હાથ પકડીને કહું છું કે, પોતામાં મસ્ત બનતાં પહેલાં બીજાનોયે વિચાર કરવો જોઇએ. બીજાને મન અને પ્રાણ જેવી વસ્તુ હોય છે એ તું ન ભૂલીશ."

ઉષાને આ શબ્દો ખૂબ ગમ્યા. તેણે કૌતુકભરી નજરે સ્વામી તરફ જોયું. અરુણે કહ્યું: "તું તારી જાતને જ દુઃખી માને છે એમ ને ?"

આમ સ્વામી પાસે સપડાય જતાં ઉષા જરા કુંઠિત થઇ. અરુણનો શબ્દપ્રહાર એ દિશામાં પડશે એવું તેણે નહોતું ધાર્યું. મૃદુ સ્વરે ઉષા બોલી: "હું કાંઇ એ નથી વિચારતી."

અરુણે કહ્યું: "શું હું એ બધું સમજી નથી શકતો એમ માને છે?"

ઉષાએ મોઢું ઊંચું કરીને હળવા હાસ્ય સાથે સ્વામી સામે જોયું.

અરુણે કહ્યું: "દાક્તરો તારું દર્દ દૂર નથી કરી શકતા એ હું બધું સમજું છું, પરન્તુ કશો ઉપાય નથી સૂઝતો માટે મૌન બેઠો છું."

ઉષા કશું ન બોલી.

સંધ્યા થઈ ગઇ હતી. સંધ્યા પ્રદીપ પ્રગટાવવા માટે ઉષા ઊભી થઇ ગઈ. અરુણ પણ ઘડીક બેસીને ડ્રોઇંગરૂમમાં ચાલ્યો ગયો. કેટલાક મિત્રો ત્યાં રાહ જોતાં બેઠાં હતાં.

નોકરે આવીને ઉષાને એક ચિઠ્ઠી આપી ગયો. દીપકના પ્રકાશમાં ઉષાને એ અક્ષરો કંઈ પરિચિત લાગ્યા. તેણે ચિઠ્ઠીની નીચે સહી જોઇ તો તરત તેનો સંદેહ સત્યમાં પરિણમ્યો. એ ચિઠ્ઠી સુરેશે જ લખેલી.

ઉષાના હૃદયમાં કુતૂહલ થયું. સુરેશે લખેલ છે! આટલા દિવસો પછી શા માટે? કાગળમાં કેવળ બે જ વાકયો લખ્યાં હતાં. ઉષા એકદમ વાંચી ગઇ. અરુણ પર લખ્યું હતું:—

"મોટા ભાઈ, માતા મૃત્યુશય્યા પર છે, તમને જોવા ઝંખે છે."

સુરેશની ચિઠ્ઠી હાથમાં લઇને ઉષા નિષ્પંદભાવે ઊભી રહી. 'માતા મૃત્યુશય્યામાં છે! તમને જોવા ઝંખે છે!' આ શબ્દો વારે વારે તેના મગજમાં ઘૂમવા લાગ્યા. કોઇ અશુભ આશંકાના કારણે તેનું લોહી પણ કંપી ઊઠયું.

અરુણ મિત્રોને વિદાય કરી ઘરમાં આવ્યો. ઉષાનું સ્તબ્ધ

વદન જોઇને વિસ્મય પામતાં બોલ્યો : "શું છે ? કાગળ ?" કહેતાં કહેતાં તેણે ઉષાના હાથમાંથી પત્ર લઇ લીધો.

વાંચતાં વધારે સમય ન લાગ્યો. માત્ર બે જ શબ્દો લખેલાં. આર્ત્તનાદભર્યા સ્વરે અરુણે કહ્યું : "ઉષા !"

ઉષાએ સ્થિરભાવે અગ્રસર થઇને સ્વામીનો હાથ પકડી લીધો. તે કશું બોલી નહી. નિરવ સહાનુભૂતિ સ્મરી સ્નિગ્ધ દષ્ટિવડે સ્વામીને જોઈ રહી.

અરુણે વ્યાકુળભાવે કહ્યું : "ઉષા ! મેં જ માતાને મૃત્યુ-શય્યા પર પોઢાડી !"

ઉષાએ શાન્ત સ્વરે કહ્યું : "એવું શા માટે વિચારો છો ? જન્મ ને મૃત્યુ એ શું મનુષ્યના હાથની વાત છે ?"

અરુણ કશું ન બોલ્યો. નિરાશ વદને સોફા પર બેસી ગયો.

ઉષા પણ સ્વામીની બાજુમાં બેસી ગઇ.

ગંભીર મૌન છવાયું.

એ મૌન વચ્ચે ઉષાનું હૃદય એક ચિત્ર પાછળ કંપી ઊઠયું. 'એક દિવસે માતાના સ્નેહ ખાતર સ્વામીને ત્યાં પાછા વાળવા માટે પોતે કેટલો પ્રાણ ભરીને પ્રયત્ન કર્યો હતો ! અરુણ માતાનું નામ સાંભળીને ધ્રૂજી ઊઠતો ! આજે એકાએક સ્વામીના અંતરમાં આ આકર્ષણ ક્યાંથી ઉભરાયું ? કોઇ અભાવિત આશંકાથી તે વ્યાકુળ બની ગઇ. પત્નીના સન્માન ખાતર જેણે માતા સાથેના સર્વ સંપર્કનો ત્યાગ કર્યો હતો. આજે એ જ માતાના આ સમાચાર સાંભળીને અંતર કેટલું દુ:ખમય બને છે ! આજે તો અરુણ પત્ની સામે જોઇને શાન્ત રહી શકે તેમ છે જ નહી !

ત્યાર પછી જો........

જો શું ? કમળા આ ધક્કો સહન ન કરી શકે...વૃદ્ધ વય મરણાપન વ્યાધિ, અનેક અગવડતાઓ વચ્ચે જીવવું...કદિપણ સારું ન થઇ શકે, અને તેમ થાય તો અરુણના હૃદયમાં પત્ની પ્રત્યે પ્રતિકૂળ ભાવના નહિ જાગૃત થાય ? એ શું એક વાર પણ એમ નહિ વિચારે કે સ્રીને ખાતર માતાને ગુમાવી ! અને એ વિચારના પરિણામે ઉષા સ્વામીના અંતરમાંથી દૂર ધકેલાય તો એ સ્વામીના હૃદયને કયા બંધનથી બાંધી શકાશે ? સંતાન તો છે જ નહીં. એ હોત તો માયાનું આકર્ષણ અતૂટ રાખી શકાય. અથવા બાળકને હૃદય સરસું દબાવીને વિશ્વનું સમસ્ત દુઃખ ઉપેક્ષિત કરી શકાય...મારી આટલી સંપત્તિ જાળવી રાખજે...મને મારા સ્વામીથી દૂર ન કરીશ. પ્રભુ ! એના સિવાય મારું કોણ છે ? '

ધીરે ધીરે અરુણે આંખો ઉઘાડીને જોયું. ઉષા તેના જ સામું જોઇ રહી હતી.

મૃદુ કરુણ સ્વરે અરુણ બોલ્યો : " ઉષા, તારી વાત મેં ન માનવામાં કેટલી ગંભીર ભૂલ કરી નાખી છે ? "

ઉષા કશું ન બોલી. કશું કહેવા જેવી તેની સ્થિતિ નહોતી રહી. હૃદયમાં તોફાન જામ્યું હતું. સ્વામીના શબ્દોથી એ તોફાન વધારે પ્રબળ બન્યું.

અરુણ કહેવા લાગ્યો: " કોને ખબર છે કે અર્થાભાવથી જ માતાની આ દશા થઇ હોય ! " કહીને તેણે ઘરમાં ચારેય તરફ તીક્ષ્ણ દૃષ્ટિથી જોયું. ચારે તરફ વિલાસના આવશ્યક ઉપકરણો ખડકયાં હતાં. અરુણે ઉષા સામે જોયું. તેના સર્વે અંગ પર હજારો રૂપીયાના આભરણ વિજળીના પ્રકાશમાં ઝળહળી રહ્યાં હતાં.

કોઈ જાતનાં કારણ વગર અરુણના નયનો જ્વાળામય બની ગયાં.

ઉષા સઘળું જોઇ રહી હતી, પણ કશું બોલી નહિ. સ્તબ્ધ બનીને બેસી રહી. જરાવાર પછી ચંચળ થઇને અરુણ ઊભો થયો. ઉષાએ પૂછ્યું: " ક્યાં જાઓ છો ? "

" જરા સૌમ્યને ફોન કરી દઉં કે હું હમણાં આવું છું. "

પ્રાય પંદર મિનિટ પછી પાછા આવીને અરુણે કહ્યું: " તું કાલે સવારે મારી સાથે આવીશને ? "

પ્રશ્ન સાંભળીને ઉષા આશ્ચર્ય થયું. અરુણ શું અત્યારથી જ તેને દૂર રાખવા ઇચ્છે છે ? તે આર્ત્ત સ્વરે બોલી : " એનો અર્થ ? તમે શું મને નહી લઇ જઇ શકો ? "

જરા અપ્રતિની થઇને અરુણે કહ્યું: " ના......ના......મારો આશય એ નથી. તું બપોરના પણ મારી સાથે જોવા આવી શકત."

ઉષા વિસ્મય પામી બોલી: " તમારી વાત મારાથી સમજાઇ નહિ. તમે શું કહેવા ઇચ્છો છો ? "

અરુણ જે કહેવા ઇચ્છતો હતો તે કંઇક માનસિક અસ્વસ્થતાને અંગે કહી શકયો નહોતો. જરા આમતેમ થઇને બોલ્યો: " હું એમ કહેવા માગું છું કે આ ઘરનો ત્યાગ કરીને આપણે કંઈ જતા નથી. "

ઉષાએ કહ્યું: " એટલે ! હજી પણ આ ઘરનો ત્યાગ કરવામાં તમને કંઇ આપત્તિ છે. હવે કોના પર તમને અભિમાન છે ?"

અરુણથી બોલાઇ જવાયું : " મને તો હવે કોઇના પર અભિમાન નથી રહ્યું, પણ કદાચ તને કંઇ હરકત હોય એટલે પૂછતો હતો ! "

એકાએક ઉષા વજ્રાહતની માફક સજ્જડ થઇ ગઇ. આ કેવા પ્રકારની નિર્મમ અબૂઝ કથા તેણે સ્વામીના મોઢેથી સાંભળી? શું ઉષાને હરકત હોય માટે? અરુણ શું ભૂલી ગયો કે એ માતાની ખાતર જ ઉષાએ પ્રાર્થના કરી હતી! અને ત્યારે પણ તેણે કહ્યું હતું કે: 'સંતાન તું નથી હું છું. અને આજે પણ બોલી ઉઠે છે કે: 'તને કશી હરકત ન હોય ....'. ઉષાના નયનમાં નીર છલ્યાં. એમનાં મનમાં એમ જ થયું કે જાણે માતા સાથે પોતે જ કલેશ કરીને ચાલી આવી છે અને અરુણ તો ચિરકાળથી માતાને વળગી રહેલ છે. ના .... મૂળ કારણ તો પોતે જ છે ને? સ્વામીનો દોષ શા માટે?

કષ્ટથી ઉષાએ એક નિ:શ્વાસ નાખ્યો.

અરુણ ઉષાનું વિવર્ણ વદન નિહાળીને ચમકી ઊઠયો. તેને લાગ્યું કે વાત કહેવામાં ઉતાવળ થઇ. ઉષાનો શો દોષ? એ કોમળ હૃદય પર શા માટે આવા આકરા શબ્દોનો ઘા કરવો જોઇએ?

પરન્તુ અરુણમાં એટલુંયે સાહસ ન રહ્યું કે તે ઉષાની નજીક આવી તેના કંપતા અને જલતા દેહને આદરભર્યો સ્પર્શ કરી આત્મશાન્તવન આપે!

અરુણને લાગ્યું કે ઉષાને અત્યારે વ્યથામાં આદર કરીશ તો સહી શકશે નહી. રડી પડશે. એના કરતાં પછી વાત! આ માટે ક્ષમા માગીશ એટલે સઘળું પતી જશે. ઉષાને સ્વામીના સ્નેહ–આદર સિવાય કશાયની ભૂખ નથી.

ઉષાના અંતરમાં પ્રશ્ન ઊઠયો કે: 'અંધકારમય જીવનની શરૂઆત નથી ને?'

# માતાની શય્યા

ઉષાનાં સંગીત વિલય પામ્યાં. વિશ્વના કિનારે રમતાં રવિકિરણોએ સૃષ્ટિને પ્રકાશમાન કરી. પ્રથમ યૌવનના તરંગો જેવું માધુર્ય–ચાંચલ્ય–સૃષ્ટિ પર રમવા લાગ્યું.

આ સમયે અરુણ અને ઉષા પોતાના જૂના ઘરના પ્રાંગણમાં આવીને ઊભાં રહ્યાં. એ વખતે સુરેશની પત્ની નિર્મળા ફળીના એક ખૂણા પર આવેલા નળ પાસે વાસણ માંજી રહી હતી.

અપરિચિત અને ઝમકદાર વસ્ત્રાભૂષણ યુક્ત આ બન્નેને જોઇને ઘડીભર તે સ્તબ્ધ થઇ ગઇ. એક ધ્યાને બન્ને તરફ જોઇ રહી. આગળ ઉષા ચાલતી હતી, પાછળ અરુણ ચાલતો હતો. ઉષાએ ચાલતાં ચાલતાં નિર્મળા સામે એક દૃષ્ટિ કરી. નજર મળતાં જ નિમુ જડવત્ બની ગઇ. ઉષાએ નિર્મળાને કૌમાર્યાવસ્થામાં એ એક વાર જોઇ હતી, પણ એ નિર્મળા અને આજની નિર્મળામાં આકાશ ધરતીનું અંતર હતું. એ ઓળખાઇ

શકી જ નહિ! લગ્ન પહેલાં પ્રથમ યોવનનું જે સ્વાભાવિક માધુર્ય, હજારો હજારો દુઃખ દર્દ વચ્ચે પણ નિર્મળાના દેહ ફરતું ટકી શકયું હતું, તેના તો આજે અવશેષ પણ નથી! સર્વસ્વ માધુર્ય સંતાનને સમર્પણ કરીને નિમુ આજે ગઇ કાલના સૌન્દર્યનું એક હાડપીંજર જ બની ગયેલ છે. ઉષાના મનમાં થયું કે ઘરની કામવાળી હશે! અરુણે તો એ તરફ દૃષ્ટિ પણ નહોતી કરી.

અરુણ અને ઉષા ચારે ય દિશામાં જોતાં જોતાં ઉપર જવા લાગ્યાં. આ શું? પોતે ખાસ શોખથી બનાવેલું મકાન આવું કંગાલ અને શ્રીહીન થઇ ગયું છે? અરુણને એમ જ લાગ્યું કે પોતે કંઇ કંગાલ કારકુનના મકાનમાં જઈ રહ્યો છે.

કમળાના ઓરડામાં બન્ને ગયા પછી સ્તંભિત થઇને ઊભા રહ્યાં.

ખૂબ મેલા બીછાના પર માતાને અસ્થિપીંજર સમો દેહ પડ્યો હતો. સુરેશ એ બીછાના પર બેસીને માતાની છાતી પર કંઇક દવા માલીસ કરી રહ્યો હતો. સુરેશ આખી રાત નહિ સૂતો હોય તેમ તેના ચહેરા પરથી દેખાતું હતું. સુરેશના થાકેલા અને શુષ્ક બનેલા વદન પર દૃષ્ટિ સ્થિર કરીને ઉષાનું નારી હૃદય પોકારી ઉઠયું: 'આહ્!'

અરુણે મૃદુસ્વરે કહ્યું: "સુરેશ!"

સુરેશે ઉત્તર ન આપ્યો. મૃદુ અવાજ તે સાંભળી શકયો નહિ.

ઉષા તેની પાસે ગઇ. બાજુમાં બેસતાં બોલી: "સુરેશભાઇ!"

સુરેશ એકદમ ઊભો થઇ ગયો. ચમકીને બોલી ઊઠ્યો: "તમે આવી ગયાં છો? બા! ઓ બા!"

રોગભર્યા વદને એક યંત્રણસૂચક સ્વર સાથે કમળાએ કહ્યું: "ઉં...હ..."

અરુણે ઈશારાથી સુરેશને જણાવ્યું કે માતાને જગાડીશ નહિ. મૃદુ સ્વરે કહ્યું: "સૂતાં છે તો રહેવા દે."

અરુણે એક નિઃશ્વાસ નાખતાં પૂછ્યું: "હૃદયમાં કંઇ દર્દ થાય છે?"

સુરેશે કહ્યું: "હા, પરન્તુ એ તો થોડા દિવસોથી જ થયેલ છે, અને એની સાથે દર્દ પણ વધી પડયું છે."

ઉષાએ પૂછ્યું: "બા વાતચીત કરી શકે છે?"

સુરેશે કહ્યું: "વાતો કરે છે પણ બહુ થોડી."

ત્રણે ય ક્ષણ પર્યંત સ્તબ્ધ બની રહ્યાં. વાતો મૃદુ સ્વરે થતી હતી એટલે રોગિણીના કાનમાં કોઇ શબ્દ પ્રવેશ કરી શકતો નહિ.

અરુણે ઓરડા બહાર નીકળતાં કહ્યું: "સુરેશ, જરા બહાર આવ તો, વાત કહું."

ડરતાં અને કંપિત ચરણે સુરેશ બહાર આવ્યો. મોટાભાઇ સામે તે જોઈ પણ ન શકયો—શરમના અંગે.

અરુણે પ્રશ્ન કર્યો: "બાને કેટલા દહાડાથી આમ થયું છે?"

મૃદુસ્વરે જરા સંકોચ સાથે સુરેશે કહ્યું: "લગભગ દોઢ વર્ષથી."

"હં......!" કહીને ગંભીર વદને એ નિઃશ્વાસ સાથે અરુણે કહ્યું: "ઘરબાર, માતા, માણસો વગેરેના હું કેવા હાલ જોઈ રહ્યો છું સુરેશ!"

સુરેશ નીચી નજરે જોતો મૌન રહ્યો.

અરુણે કહ્યું: "માતાની આવી સ્થિતિ હોવા છતાં પણ તું મને વહેલા સમાચાર ન આપી શકયો?"

"મોટાભાઇ" કહેતાં જ સુરેશ રડી પડયો.

અશ્રુરૂદ્ધ સ્વરે અરુણે કહ્યું: "મેં તને એક વાર પાછો વાળ્યો હતો માટે? પણ તું પોતે આવ્યો હોત તો હું તને કદિ પાછો વાળી ન શકત. તેં મને મારા એટલા ગુન્હા માટે આવી ભયંકર સજા કરી?"

સુરેશ કશું ન બોલી શકયો. મોટાભાઇ ઉપરનું સઘળું અભિમાન અશ્રુરૂપે ઝરવા લાગ્યું.

અરુણે કહ્યું: "તેં માતાના દુઃખની વાત લખી પણ તારો ચહેરો ય કયાં તંદુરસ્ત જણાય છે? આવી રીતે શું મૃત્યુ સામે દોડવાનું સૂઝયું છે?"

આ વખતે સુરેશે કહ્યું: "મોટાભાઈ આજે તમે આમ કહો છો પણ જ્યારે ઘર છોડીને તમે ચાલ્યા ગયા ત્યારે તો તમે મારો વિચાર સરખો ય ન કર્યો!"

અરુણ નાનાભાઇના ચહેરા સામે જોઇ રહ્યો. સુરેશ બોલતો ગયો: "મેં શું કદી સંસારનો ભાર વેઠયો છે? તમે આવડા મોટા સંસારનો બોજો મારી પીઠ પર લાદીને ચાલ્યા ગયા અને હું તો કોઇને ન છોડી શકું! ન બાનો ત્યાગ કરી શકું...ન તમારો...એટલે જ મને આવડી મોટી સજા મળી. મોટાભાઈ, મારાથી કેટલું સહી શકાય?" અસહાય બાળક માફક અશ્રુભર્યાં નેત્રે સુરેશે અરુણ સામે જોયું.

વ્યથાથી અરુણનું વદન મ્લાન થઇ ગયું. ખરેખર સુરેશ અગાઉના જેવો જ સરલ અને અસહાય જ રહી ગયો છે!

સુરેશે પુનઃ કહ્યું: “ સહુએ મળીને એકલાને જ સજા કરી. હૃદયનું લોહી રેડીને સંસાર ચલાવવાનો પ્રયત્ન કર્યો, પણ મારાથી આ બોજ ન ઉચકી શકાયો. ”

“ ભાઇ ! હવે તું છૂટો છે. ગઇ કાલની સઘળી વ્યથા ભૂલી જા અને મારી વાત સાંભળ...”

સુરેશ જિજ્ઞાસુ નેત્રે મોટાભાઈના ચહેરા સામે જોઇ રહ્યો. અરુણે ખીસામાંથી પાકીટ કાઢીને તેના હાથમાં મૂકતાં કહ્યું: “ પ્રથમ તમારા સહુના–બીજાના સાજ વગેરેનું પરિવર્તન કરી નાખો. દાક્તરને બોલાવી લાવ અને બા માટે સારાં ફૂળ લઇ આવ, જા... ”

સુરેશ તરત રવાના થઇ ગયો.

પાછળથી અરુણે કહ્યું: “ બહાર મોટર ઊભી છે. જલ્દી જજે. ”

ઉષાએ સ્વામી પાસે આવીને પૂછયું: “ બાપુજી, કેમ નથી બતાતા ? ”

અરુણે કહ્યું: “ શું ઘરમાં નથી ? ” કહીને તે પિતાજીના ઓરડા તરફ અગ્રસર થયો.

ઉષાએ કહ્યું: “ ત્યાં તો નથી ! ”

“ તો પછી બગીચામાં હશે ! ” કહીને અરુણ માતાના ઓરડામાં ગયો. ઉષા પણ સ્વામીની પાછળ ગઇ.

કમળા તીક્ષ્ણ દૃષ્ટિએ જોઈ રહી. સુરેશને શોધી રહી હતી. અરુણને જોઇને તેણે પૂછયું : “ કોણ સુરેશ ? ”

અરુણ માતાનાં વદન તરફ ઝૂકી પડતાં કહ્યું : “ બા ! ”

કમળા સામે જોઇ રહી હતી. અરુણના મનમાં થયું કે તેઓ પીછાણી શકતાં નથી.

અરુણે પુનઃ કહ્યું : "બા, હું આવ્યો છું."

"કોણ અરુણ?" એકાએક કમળા વિપુલ આનંદથી ઉલ્લસિત થઇ એકદમ બેઠી થઇ ગઇ. અને સઘન નિઃશ્વાસ ખેંચતી ખેંચતી બોલી : "કેમ ભાઇ, તું એકલો આવ્યો છે? વહુ કયાં છે?"

ઉષા બાજુમાં જ ઊભી હતી. બોલી : "બા! હું આ રહી."

કમળાએ ઉષા સામે જોયું અને ગદ્ગદ્ સ્વરે કહ્યું : "બેટા, આવી? પુત્રી, ધારી ધારીને અમારી સામે જો. તારા ગયા પછી અમારી કેવી સ્થિતિ છે!"

અરુણે કહ્યું : "બા! તું અસ્થિર ન થા. હવે સઘળું થઇ જશે."

ઉષા ધીરે ધીરે કમળાની છાતી પર હાથ ફેરવવા લાગી.

કમળા વધારે વાર નિરવ ન રહી શકી. આજે ઘણા સમયનું બંધ મોઢું જાણે કોઇ અદૃશ્ય માયાવીના માયા સ્પર્શથી મુક્ત થઇ ગયું! ઉષાનો કોમળ હાથ હૃદય સરસો દબાવતાં બોલી : "મને કેવી અવળી મતિ સૂઝી? ઘરની લક્ષ્મીને મેં ધક્કો મારી વિદાય કરી. આહ્! એની સજા પણ ઓછી નથી ભોગવી!"

અરુણને અકળામણ થઇ વ્યાકુળભાવે બોલી ઊઠ્યો : "બા!"

કમળાએ પુત્ર સામે જોઇને હળવું હાસ્ય વેર્યું. કહ્યું : "તને ડર લાગે છે અરુ? પણ તું કશો ભય ન રાખીશ. હું આજ ને આજ નહિ મરી જાઉં!"

અરુણનાં નેત્રો સજળ બન્યાં. કહ્યું : "બા! એક વાર મને

બોલાવવો તો હતો ! હું કેવળ તારા પોકારની જ અપેક્ષા કરી રહ્યો હતો. ”

કમળાના અંતરમાં આજે કોઇ પ્રકારની ગ્લાનિ નથી રહી. પ્રસન્ન વદને તેમણે કહ્યું : “ ભાઇ, ભાઇ તને બોલાવવા માટે મારો પ્રાણ તરફડી રહ્યો હતો ! પરન્તુ હું તને ન બોલાવી શકી.”

“ શા માટે ? ” અરુણનો અવાજ જરા ગળગળો થઇ ગયો હતો.

“ પ્રથમ તને બોલાવતાં ભય લાગતો હતો. પછી સુરેશ તને બોલાવવામાં સંમત નહોતો. ”

“ ભયના લીધે ? ” મૃદુસ્વરે ઉષાએ પૂછ્યું.

કમળાએ ક્ષીણ હાસ્યપૂર્વક કહ્યું : “ હા, પુત્રી ભયના લીધે. હું માતા હોવા છતાંયે મારો અન્યાય ક્યાં ઓછો હતો ? અને ભય ગુન્હેગારને જ લાગે.” જરા શ્વાસ લઇને કહ્યું : “ તને વિદાય કર્યા પછીનાં આ બે વર્ષો કેવાં કાઢ્યાં છે એ મારો અંતરાત્મા જ જાણે છે. તમે તો કશુંયે સમજી શક્યાં નહિ, વહેલાં સમજ્યાં હોત તો જરૂર બચાવી શકત. ”

અરુણ નીચે મોઢે મૌન બેસી રહ્યો.

થોડી વાર પછી કમળાએ પુનઃ કહ્યું : “ પુત્રી ! તું મને આટલા દિવસ સુધી કેવી રીતે ભૂલી શકી ? તું તો હંમેશ એમ જ કહેતી કે ‘તમારા જેટલું વ્હાલ મારા પર કોઇ નથી રાખતું !’

“ હા...બા, હું તો આજે પણ કહું છું કે તમારા જેટલું વ્હાલ કોઇ મારા પર નથી રાખતું. ”

એકાએક કમળાની દૃષ્ટિ ઉષાના સમગ્ર દેહ પર પડી. વ્યથિત

સ્વરે કહ્યું : " ઉષા, તારો ચહેરો કેમ આમ થઇ ગયો છે? અરુણ તે શું અત્યાર સુધી ઉષા સામે દૃષ્ટિ પણ નથી કરી કે?"

અરુણ મૌન રહ્યો.

ઉષાએ આ પ્રશ્ન ટાળવા માટે એકદમ પૂછ્યું: "બા, મારી બહેન ક્યાં છે?"

કમળાનો ચહેરો મ્લાન થઇ ગયો. તેણે કહ્યું: " એ બિચારીને ઘણું કષ્ટ પડે છે! એના આખા શરીરમાં કેવળ હાડકાં જ રહ્યાં છે. અત્યારે એ કદાચ મારા માટે પથ્ય તૈયાર કરતી હશે!"

ઉષા ઊઠીને તેને નીચે શોધવા ગઈ.

# મૃત્યુના કાંઠે

ઉષા નીચે આવી ત્યારે સુરેશ બજારમાંથી આવી ગયો હતો. સુરેશે કહ્યું: “ભાભી! તમે નીચે આવતાં રહ્યાં? આ બધું કરશે કોણ?”

ઉષાએ પૂછ્યું: “શું?”

સુરેશે વસ્તુઓ દેખાડતાં કહ્યું: “નથી સમજી શકતાં!”

ઉષા સમજી ગઈ. ગૃહસજા બદલાવવી પડશે. કહ્યું: “પણ હું એકલી તો નહિ કરી શકું ને? મારી બહેનને લઈને આવું છું. તમે ઉપર જાઓ.”

સુરેશ એકાએક કુંઠિત થઇ ગયો. ઉષાની સામે પોતાની મલિન વજના જર્જરિત દેહવાળી પત્નીની કલ્પના આવતાં જ તે અડધો થઇ ગયો. તેણે જરા ગાળા ચાવતાં કહ્યું: “તેને તો હજી નીચે ઘણું કામ છે.
૧૦ તમે ઉપર ચાલો. આપણે જ સઘળું ગોઠવી દઇશું.”

ઉષાએ આછા હાસ્ય સાથે કહ્યું: “તેને એવું શું કામ છે?”

૬

બરાબર આ સમયે બહાર મોટરો ઊભી રહ્યાનો અવાજ આવ્યો. સુરેશે કહ્યું: "તેને રસોઇ તો કરવી જ પડશે ને? મારે સાડાદસ વાગે ઑફિસે પહોંચવું પડે છે."

ઉષાએ કહ્યું: "એ બધી ઉપાધિ એને નહિ કરવી પડે. આમ સામે જુવો. અમારાં માણસો આવી પહોંચ્યા છે!"

સુરેશે જોયું. ત્રણ મોટરલારીઓ સરસામાન લઇને આવી પહોંચી હતી. એ બધો સામાન માણસો ઉતારી રહ્યા હતા. આ બધી વસ્તુઓ ઉષાના નવા સંસારની હતી.

ઉષાએ પૂછ્યું: "તમે ક્યાં નોકરી કરો છો?"

"એ સાંભળીને તમારે શું કરવું છે? તમને શરમ આવશે."

"સારું......"

સુરેશ વધુ વાર ઊભો રહી શક્યો નહિ. ઉપર જવા લાગ્યો. દાદરના બે પગથિયાં તે ચડ્યો હશે અને પાછા ફરીને કહ્યું: "ભાભી, પંદર રૂપીયાના પગારથી એક ટાઇપીસ્ટની જગ્યા પર છું!"

ઉષા જરા વ્યથાભર્યા હાસ્ય સહ બોલી. "એવી નોકરી હવે તમારે કરવાની જરૂર નથી. આજે જ રાજીનામું આપી આવજો."

રસોડામાં બેઠેલ નિર્મળાએ ઉષાનો કંઠસ્વર સાંભળ્યો હતો. ભય અને લજ્જાથી તે અવાક્ બની ગઇ હતી. નિસ્પંદ બની હતી. તેના હૃદયમાં વારંવાર એમ જ થતું કે હમણાં ઉષા આવશે અને પોતાનો કંગાળ દેહ તેને કેવી રીતે દેખાડી શકાશે? અને જે કંઇ યૌવનનું માધુર્ય હતું તે તો અન્તકાંક્ષિત સંતાને ચૂસી લીધું હતું!

હળવે હળવે ઉષાએ રસોડામાં પ્રવેશ કર્યો. નિર્મળાને કશો ખ્યાલ ન રહ્યો. તે ઉષા સામે જોઇને શરમાઇ ગઇ.

ઉષાએ નજીક આવી તેનો એક હાથ પકડી પૂછયું : "બહેન, કેમ છે ?"

નિર્મળા નીચી નજરે બેસી રહી. અભ્યર્થના કરવા જેટલુંએ તેનામાં સાહસ નહોતું રહ્યું.

ઉષાએ સ્નિગ્ધ સ્વરે કહ્યું : "ઉપર ચાલ......"

નિર્મળાએ મહામહેનતે સંકોચને દૂર કરીને કહ્યું : "પણ હજી મેં ભાત ઓર્યો જ નથી."

"એ બધું તારે કરવાનું નથી. તું મારી સાથે ઉપર ચાલ."

નિર્મળા એક વાર તેના સામે જોઇ રહી. શરમથી તેનું મસ્તક નીચું નમી ગયું.

ઉષાએ હસતાં હસતાં કહ્યું : "કંઇ ન સમજાયું ? રસોઇ કરનારાં માણસો વગેરે આવી ગયાં છે. એટલે તું એ ચિન્તા મગજમાંથી દૂર કરી દે, અને હવે મારા દિયરને ઑફિસે પણ નહિ જવું પડે. તું ઉપર ચાલ !"

ધીરે ધીરે નિમુ ઉષાની પાછળ પાછળ ઉપર ગઈ.

મોતીલાલને આવતાં જોઈ ઉષા ઊભી રહી ગઈ. મોતીલાલે નજીક આવીને પૂછયું : "આવો પુત્રી, કેમ શરીર તો સારું છે ને ?"

પિતાતુલ્ય શ્વસુરને પગે લાગતાં ઉષાએ કહ્યું : "હા, બાપુજી, પણ આપનું શરીર આટલું બધું કેમ લેવાઇ ગયું છે ?"

મોતીલાલે મૃદુ હાસ્ય સહ કહ્યું : "ઘરની દશા જોઇને તું કલ્પી લેને બેટા."

ઉષા મૌન રહી.

મોતીલાલે કહ્યું : "મેં તો સુરેશને ઘણી વાર કહ્યું હતું, પણ એ તમારી પાસે ન આવ્યો."

ઉષાએ સંકોચપૂર્વક કહ્યું : "જો આપે એકાદ વાર સમાચાર મોકલ્યા હોત......"

"પુત્રી! સઘળું કર્માધીન છે. દોષ કોને દેવો?"

ઉષાએ પૂછ્યું : "આપે પૂજા કરી લીધી? જમવાની તૈયારી કરાવું?"

"ના બેટા હજી વાર છે. હું પૂજા જ માટે જાઉં છું." એમ કહીને મોતીલાલ ચાલ્યા ગયા.

ઉષા ત્યાં ને ત્યાં ઊભી રહી. નિર્મળા કમળાદેવીના ઓરડામાં ગઈ.

કેવળ બે જ વર્ષ! એટલા સમયમાં તો આ ઘરનાં માણસોનું કેટલું પરિવર્તન થઈ ગયું! અને આજે એ લોકોનો વિરૂપભાવ કેવી રીતે અદૃશ્ય થઈ ગયો, એ ઉષાથી સમજી શકાયું નહિ. સુરેશ એ અરુણ નથી એ સત્ય કેવી રીતે સમજાયું હશે?

"ઉષા, આમ જો તો!"

ઉષા ચમકી ઊઠી. સામે નજર કરતાં એક સુંદર દેખાવડો બાળક લઇને અરુણ ઊભો હતો.

ઉષાના અંતરમાં વિસ્મયની સીમા ન રહી. પૂછ્યું: "આ કોણ છે? આને વળી ક્યાંથી લાવ્યા?"

અરુણે હાસ્ય દબાવતાં કહ્યું: "માર્ગમાંથી હું આ રત્નને શોધી લાવ્યો છું. તેં મને પોષ્ય પુત્ર માટે કહ્યું હતું ને?"

લજ્જા અને વિરક્તિના લીધે ઉષા લાલ થઇ ગઇ. કહ્યું: "જાઓ નહિ તો, દરેક વાતમાં પરિહાસ."

અરુણે સહજ સૂરે કહ્યું: "તારા લાડકા સુરેશનો પુત્ર છે!"

"સુરેશભાઇનો પુત્ર!" કહીને ઉષા નિસ્તબ્ધભાવે એ સુંદર બાળકના સુગઠિત દેહ સામે જોઇ રહી.

અરુણે પરિહાસભર્યા સ્વરે કહ્યું: "કેમ આમ જોઇ રહી છે? કંઇ દુઃખ થાય છે?"

સ્વામીની આ મશ્કરીથી ઉષા બળી ઊઠી. કહ્યું: "જુઓ, મશ્કરીને પણ સીમા હોય છે." કહીને તે ત્વરિત ચરણે કમળાના રૂમમાં ચાલી ગઇ.

અરુણનું અંતઃકરણ એકાએક વિસંવાદી બની ગયું. આવા સામાન્ય કારણમાં ઉષાને ખીજાઇ જવાનું શું કારણ હતું એ અરુણથી ન સમજાયું. સુરેશના પુત્રને હૃદય સરસો દબાવતાં, બચી ભરતાં ભરતાં તેણે વિચાર્યું: "સ્ત્રીઓનાં હૃદય ખરેખર સંકીર્ણ હોય છે. એમ ન હોત તો આવા સુંદર બાળકને ઉષા શા માટે ગ્રહણ ન કરે?" અરુણ પત્ની પર જરા વિરક્ત થઇ ગયો.

ઉષા ઓરડામાં ગઇ ત્યારે નિર્મળાએ મૃદુ સ્વરે કહ્યું: "બેન, બા તમને યાદ કરી રહ્યાં છે."

ઉષાએ કમળાના મસ્તક પાસે બેસીને કહ્યું: "બા!"

કમળાને નિઃશ્વાસ નાખતાં કષ્ટ થતું હતું. હૃદયમાં પ્રબળ વ્યથા હતી, છતાં ય તેમણે ક્ષીણ સ્વરે કહ્યું : "પુત્રી! દાક્તર નથી આવ્યા ?"

ઉષાએ હાથ પંપાળતાં કહ્યું : "બા! દાક્તર હમણાં જ આવશે! દર્દ બહુ થાય છે?"

દર્દ તો ખૂબ થતું હતું છતાં ય કમળાએ કહ્યું: "ના. એવું કંઈ નથી. આટલા દહાડા સુધી સારી હવા નથી મળી શકી પણ હવે સારું થઈ જશે એમ લાગે છે." આટલા દિવસો પછી કમળાને સંસારની સ્પૃહા જાગી છે! બચવાની પ્રબળ ઇચ્છા પ્રગટી છે!

જીવનને કિનારે જ્યારે માણસ પહોંચે છે ત્યારે જ જીવવાની મહત્ત્વાકાંક્ષા પ્રબળ બને છે! અંતઃકરણ જીવવા માટે વધુ વ્યાકુળ બને છે!

યથાસમયે દાક્તર આવી પહોંચ્યા. કમળાની સ્થિતિ જોઇને દાક્તરે અરુણને જણાવ્યું કે: "દર્દની વિકૃતિ પ્રબળ છે. પરમાત્મા સિવાય કોઇ બચાવી શકશે નહિ." કહીને દાક્તરે ઓષધ પાઠ લખી આપ્યો.

દાક્તરનો અભિપ્રાય સાંભળીને અરુણ અને સુરેશને સખત આઘાત થયો.

દાક્તરની સાથે જ સુરેશ દવા માટે વિદાય થયો. અરુણે માતાની શય્યા પાસે આવીને કોમળ-કરુણ સ્વરે કહ્યું: "બા."

કમળાએ નયનો મિંચેલાં રાખીને જ કહ્યું: "હં... શું ?"

"છાતીનો દુખાવો કંઈ ઓછો થયો છે?"

કમળાએ મસ્તક હલાવીને જણાવ્યું કે દુઃખાવો ઓછો નથી થયો. જરાવાર રહીને મંદ સ્વરે કહ્યું: "અરુ, દાકતરે શું કહ્યું?"

અરુણનું હૃદય કંપવા લાગ્યું. જુદી જુદી બેંકોમાં આજે અરુણના નામ પર નાણાંનો ઢગલો જમા થયેલો છે. એટલાં નાણાં હોવાં છતાં પણ શું આ અભાગી માતા ચિકિત્સા પામ્યા વગર મૃત્યુ તરફ દોડી રહી છે?

વાહ રે કર્મવીર પુત્ર!

ધીરે ધીરે અરુણે કહ્યું: "બા, સારું થઇ જશે."

"સારું થઇ જશે?" એક પ્રસન્નભાવે કમળાએ નયનો ખોલ્યાં.

"લાવ." કહીને કમળા ઔષધ પી ગઈ.

સુરેશના નયનોમાં આજે આંસુ છલકાયાં. ઔષધ માટે માના સાથે કેટલીક માથાકૂટ કરવી પડતી હતી! અને આજે જીવનના સામે કિનારે જ્યારે મૃત્યુના પડઘા વાગી રહ્યા છે ત્યારે માતાના ચહેરા પર જીવનની મહત્ત્વાકાંક્ષાનું તેજ પ્રગટયું છે! માનવ હૃદયના આ ભાવ–પરિવર્તન પાછળ કોણ હશે?

# અંધકાર પાછળ

ઉગ્ર ઇચ્છા રાખીને કોઈ સંસારમાં બચી શકયું છે ? કમળા પણ એવી જ ઇચ્છાથી ચિરકાળને માટે વિદાય થઇ.

સહુનાં નયનોમાંથી એ આંસુ સુકાય એ પહેલાં મોતીલાલ પણ પત્નીની પાછળ વિદાય થયા. માતા-પિતાનાં અનેક સ્મરણોથી અલંકૃત બનેલું વિશાળ ઘર શૂન્ય બની ગયું.

કાળના પ્રલેપથી સહુના જખમ રુઝાયા પણ અરુણના
અંતરનો જખમ એવો ને એવો જ રહ્યો. માતાપિતાનાં
મૃત્યુ પાછળ ચિકિત્સાનો કેટલો આભાવ હતો ?
અરુણની વિરક્તિ ઉષા ઉપર પણ ઉતરી. અરુણના માટે
આ વિશાળ ઘરમાં એક જ આકર્ષણ રહ્યું–તે સુરેશનો
બાળક વિનોદ. વિનોદના સ્નેહબંધનમાં અરુણ જકડાયો.
૧૧ વિનોદ સિવાય એ કોઇને જોઈ શકતો નહિ. ઉષાને પણ
ભૂલવા લાગ્યો.

ઉષાના અંતરમાં અકળામણ થવા લાગી. સુવાના સમય સિવાય તે સ્વામીને મળી શકતી નહિ. સ્વામી પ્રત્યે પ્રગાઢ

મમતા રાખવા છતાં ય સ્વામીના વદન પર આઇ કાલનાં હાસ્ય ઉભરાતાં નહિ.

વહેલી સવારે વિનોદ 'બાપુજી! બાપુજી!' કહીને બૂમો પાડે. અરુણ ઉષાને દૂર હડસેલી શય્યામાંથી બહાર આવે અને વિનોદ સાથે ગમ્મત કરે. ઑફિસે જાય ત્યાંસુધી અરુણ કોઇની સાથે ન હસી શકે. વિનોદ સાથે જ હસે. ઑફિસેથી સાંજના આવે ત્યારે વિનોદ દરવાજા પાસે રાહ જોતો જ ઊભો હોય. અરુણે એને એકદમ તેડી લ્યે. વિનોદ અરુણને દાદાને બદલે બાપુજી કહેતો.

આ નિહાળીને નિર્મળા અને સુરેશ હસી પડતાં. ઉષાના અંતરમાં મૂંઝવણ થતી. એના હૃદયમાં વારે વારે પ્રશ્ન થતો કે: "મને શા માટે ભગવાને બાળક ન આપ્યું ?"

ઉષા સંસ્કારી હતી. એના હૃદયમાં એ વિચાર પણ આવતો કે: 'હું વિનોદને શા માટે ન ચાહી શકું ?' પણ કોણ જાણે કયાં વાદળાંઓ દોડી આવતાં કે ઉષા કશો નિર્ણય કરી શકતી નહિ.

એક રાતે ઉષાએ વિનોદને વહાલથી પોતાના ખોળામાં લીધો. વિનોદ નાસી ગયો. અરુણે હસતાં હસતાં કહી નાખ્યું: "આ બાળકના હૃદયને પણ આંખો છે. પહેલે દિવસે તેં વિનોદની કેવી અભ્યર્થના કરી હતી ? હવે એ તારો થાય ખરો કે ?"

અરુણના આ કથન પાછળ કેવા પ્રકારનું આક્રમણ હતું ? અભિમાન અને અપમાનથી ઉષાનું અંતર જળી ઉઠયું. તે કશું બોલી નહિં. એમ ને એમ મૌનભાવે સ્વામી પાસેથી ચાલી ગઇ. તેણે મનમાં ને મનમાં વિચાર્યું કે: 'આ બાળકે મારા જીવનનો છેલ્લો આનંદ પણ લૂંટી લીધો.' વિશ્વના દરવાજે આજે પોતે

એકલી ઊભી હોય એમ તેને લાગવા માંડયું. એના જીવનમાં જાણે કશું આકર્ષણ નથી રહ્યું!

ઉષાનું અભિમાન, ઉષાના અંતરની ગતિ, ખોટી વેદનાઓ, હવે અરુણના હૃદયને સ્પર્શ કરી શકતી નહિ. એક નાનું બાળક બન્નેના વચ્ચે કેટલો પ્રભેદ ઊભો કરી શકે છે? ઉષા તો એટલી દૂર ઘસડાઇ ગઇ હતી કે તેને કિનારો નહોતો દેખાતો.

કોઇ કોઇ વખતે ઉષાને વિચાર આવતો કે: 'આ વિનોદ મારો બાળક હોત તો? તો શું સ્વામીનો આવો અનાદર તે સહન કરી શકત ખરી? ના પોતે ન સહન કરી શકત. સંતાન એ તો સંતાન જ છે. સ્વામી સાથે એની તુલના કદિ ન હોઇ શકે. આહ! ઉષા વંધ્યા છે માટે એનાં નયનો સામે સ્વામી એ એક અપાર આકર્ષણ છે. એ કંઇ સંતાનવતી નારીના મનોભાવ જાણી શકતી નથી.

પરન્તુ......

ઉષાના મનમાં થયું કે સુરેશ તો ઑફિસેથી આવીને વિનોદને પહેલાં કદી નથી શોધતો. એની આંખો તો નિમુને જ શોધી રહી હોય છે, અને પ્રથમ આલિંગન પત્નીને જ આપે છે. સંતાન કરતાં સ્ત્રી ઉપર કેમ વધારે આદર રાખે છે?

નિર્મળાને શું સજા નથી સહવી પડતી? ના. સુરેશના સહવાસમાં રહીને તે ભૂલેચૂકે પણ પુત્રને શોધવા ચંચળ નથી થતી. ત્યારે? ઉષા હતાશ બની ગઇ. શું સઘળા ખરાબ ગૃહો ઉષાના જ જીવન પર વિષભરી દૃષ્ટિ નાખવા એકત્ર થયેલા છે?'

રવિવારનો દિવસ હતો. અરુણ બહાર ફરવા જતો હતો.

ઉષાએ આવીને કહ્યું, "આજે મારે પણ બાગમાં ફરવા આવવું છે. લઈ જશો ?"

અરુણે કહ્યું: "આજે ? આજ તો હું વિનોદને લઇને બાગ તરફ જવાનો છું. કાલ વાત." કહીને અરુણ ચાલતો થયો. બે ડગલાં ગયા પછી પાછા ફરીને પુન: કહ્યું: "અને જો તારી ઈચ્છા આજે જ જવાની હોય તો સુરેશને લઇને જજે. નિર્મળા પણ સાથે આવી શકશે."

ઉષાએ મહામહેનતે અશ્રુના વેગને રોકયો. તે કશું ન બોલી. ત્યાં ને ત્યાં ઊભી રહી. અરુણ ચાલ્યો ગયો.

ઉષાએ મનથી નક્કી કર્યું: "ના......ના......આમ આવી રીતે નયનોનાં અશ્રુ સાથે હ્રદયને વહેતું મૂકી શકાશે નહિ. સ્વામીને જરા ય દૂર કરી શકાશે નહિ. એમને મેળવવા જ પડશે. વંધ્યા નારીના જીવનમાં સ્વામીનો પ્રેમ એ જ માત્ર એક અવલંબન છે. એ અળગું થશે તો કોના આધારે જીવી શકાશે ?"

રાતે અરુણ સૂઇ રહેવા આવ્યો ત્યારે એ જ સંકલ્પ સાથે ઉષાએ કહ્યું: "જુઓ, હમણા આપણે ઘણા વખતથી બહારગામ ગયાં જ નથી. થોડા દિવસો માટે આપણે બહાર જઇએ. મારું શરીર દિવસે દિવસે ખરાબ થતું જાય છે. હવાફેરથી મને ઠીક થશે."

ઉષાની વાત સાચી હતી. એનું શરીર આજકાલ સ્વસ્થ નહોતું રહેતું, છતાં ય વાત કહેતાં કહેતાં તેણે પોતાના અશ્રુવેગને રોકી રાખેલ. શું આજે આવી સામાન્ય વાત માટે પ્રાર્થના કરવી પડે છે ? એક દિવસ એવો હતો કે સામાન્ય અસ્વસ્થતા માટે અરુણ ઉષાને કયાંનો કયાંય લઇ જતો અને કેટલા ઉપચાર કરતો...અને આજે ?

અરુણ ચમકી ઊઠ્યો. એકાએક તેણે ઉત્તર ન આપ્યો. ઉષા સમજી ગઇ કે આ વ્યર્થ આશા છે! છતાં ય પૂછ્યું: "શું કહો છો? જઇશું?"

આ વખતે અરુણે ધીરે ધીરે કહ્યું: "ઉષા, હમણાં તો મારાથી નીકળી શકાય તેમ નથી. થોડા દિવસ પછી જવાનો નિર્ણય કરીશું."

ઉષા હવે પોતાને સંભાળી શકી નહિ. એકાદ સ્થાનભ્રષ્ટ ઉડુગણની માફક ચાલી ગઇ.

બાજુના ઓરડામાં સુરેશ અને નિર્મળા મીઠો કલરવ કરી રહ્યાં હતાં. વસંતના વાયુ જેવો એ રસ વિનોદ ઉષાના કાન પર અથડાયો. ઉષા રડી પડી. તેણે બે હાથ જોડીને પ્રાર્થના કરી: "ભગવાન, મારા સ્વામીને અગાઉના જેવા બનાવી દ્યો. એનો પ્રેમ ગુમાવ્યા પછી હું કેવી રીતે જીવી શકીશ?"

ભાગ્યદેવતાએ ઉષાની પ્રાર્થના સાંભળીને કરુણ હાસ્ય જ વેર્યું હશે ને?

ચાર છ દિવસ પસાર થઇ ગયા. ઉષાના અંતરની વ્યથા વધતી રહી. અત્યારે તે ઉપરના ખંડમાં વિચારમગ્ન હાલતમાં બેઠી હતી ત્યાં અરુણે કહ્યું: "ઉષા, વિનોદ કેટલો લુચ્ચો છે? મેં પૂછ્યું કે તું કોનો દીકરો? તો એ કહે કે તમારો!"

ઉષાનું વદન મ્લાન થઈ ગયું. પ્રાણહીન હાસ્ય પાછળ એ ભાવના છૂપાવીને તે બોલી: "વામનને ચંદ્ર પકડવાનો લોભ થયો લાગે છે."

અરુણે એકાએક પરિહાસભર્યા સ્વરે કહ્યું: "એ બરોબર નથી. આજ મારો જ આ પુત્ર થઈ શકત."

ઉષાનું વદન એકાએક મૃતની માફક બની ગયું. અરુણે તે જોયું. આટલા દિવસો થયાં જે વાત તેના અંતરમાં અંકુરિત થઈ રહી હતી તે વાત આજે એકાએક સરી પડી. તેણે જરા વિરક્ત ભાવે કહ્યું: "ઉષા, તારું હૃદય ઘણું સંકીર્ણ થઈ ગયું છે. એક હળવી મશ્કરી પણ તું ન સહી શકે?"

ઉષા કશું બોલ્યા વગર ચાલી ગઈ. તેના સામે જીવન પાછળનો અંધકારમય પડદો પડી રહ્યો હોય એમ લાગ્યું.

# આછાં અજવાળાં

પરિહાસની વાત કહેવા છતાં અરુણના શબ્દો ઉષાના અંતરમાં વિષભર્યા તીર માફક આરપાર ઉતરી ગયા. ખૂબ પ્રયત્ન કરવા છતાં પણ ઉષા એ તીર અળગું કરી શકી નહિ. ભલે મશ્કરી રહી, પરન્તુ કેવા પ્રકારની મશ્કરી? ઉષાના અંતર પર ચાબૂક મારવા માટે જ ને? અને એ વાતને પરિહાસનું રૂપ આપી શું અરુણ પોતાનો દોષ ઢાંકી શક્યો છે? ના...ના...એ મશ્કરી હતી જ નહિ. એ તો અરુણના અંતરમાં રૂંધાયેલું સત્ય હતું. આજે એકાએક એ સત્ય શબ્દો વાટે સરી પડયું. એ સત્યના કારણે જ અરુણનું હૃદય પિતૃત્વની લાલસામાં વ્યર્થ તરફડી રહ્યું છે, પરન્તુ ઉષાની વ્યથા કરતાં યે એ વધારે હશે? અરુણ કંઈ બેસમજ નથી. એ શું નથી સમજી શકતો કે કઈ વાતનું કેવું પરિણામ અને અર્થ થાય છે? તેણે આજે આ શું કહી નાખ્યું? ઉષાને આવો ફટકો શા માટે માર્યો? શું એ વાંક ઉષાનો છે?



અરુણે ઇચ્છા કરી હોત તો તે ફરી લગ્ન કરી શકત. ઉષા જરાયે વચ્ચે ન આવત. તો શા માટે લગ્ન ન

કર્યા ? શું ઉષાના કલ્યાણુ ખાતર ? ઉષા પ્રત્યેના પ્રગાઢ પ્રેમ ખાતર ? અને એમ જ હોય તો એ પ્રેમનું આવું હૃદયભેદક ચિત્ર શા માટે ?

ઉષા અસ્થિર થઇ ગઇ. તે રડવા લાગી.

એક દિવસ તે પોતાના અપરિસીમ સ્વામીના પ્રેમના ગર્વથી પોતાની જાતને ધન્ય માનતી, પરન્તુ આજે તેના મનમાં થયું કે અરુણુના અંતરમાં પ્રેમ નહોતો. એ તો કેવળ તેનો સામયિક ઉચ્છ્વાસ હતો. એ ઉચ્છ્વાસના શમન સાથે આજે તેના અંતરમાં તોફાન જાગ્યું છે. દર્દ જાગ્યું છે. કલાન્તિ જાગી છે. ઉષા સાથે એ પોતાને સુખી માની શકતો નથી.

નયનોનાં નીર સાથે તણુાતાં તણુાતાં ઉષાએ વિચાર્યું કે: "જીવનના સામે કિનારે રહેલું આનંદમય વિશ્વ હજી કેટલે દૂર હશે ?"

સંધ્યા થઈ ચૂકી હતી.

નિર્મળાએ દીપક પ્રગટાવવા ઘરમાં પ્રવેશ કર્યો. ઉષાને સૂતેલી જોઇને વિસ્મિત થઈ ગઇ. કહ્યું: "બહેન આ શું ? આ સમયે શા માટે સૂતાં છો ?"

ભરેલા અવાજે ઉષા બોલી: "જરા માથું દુ:ખે છે."

વ્યસ્ત બનીને નિર્મળા ઉષા પાસે આવી અને બોલી. "જરા બામ લગાવું ?"

"ના...ના... હમણું ઉતરી જશે."

"ના જરા દબાવીશ તો સારું લાગશે."

ઉષાએ કલિષ્ટ સ્વરે કહ્યું: "ના બહેન, તું તારે બત્તી બંધ કરીને જા..."

નિર્મળા બત્તી ઓલવીને ચાલી ગઇ. થોડા સમયથી અરુણ અને ઉષા વચ્ચે જાગૃત થયેલાં મનમાં વમળ તે જોઇ શકી હતી, પરન્તુ કોઇ જાતનું ચોક્કસ ધોરણ નક્કી કર્યું નહોતું.

સુરેશ તો એવો પુરુષ હતો કે આવું કશું અવલોકી શકતો જ નહિ. ઉષાનું ઊર્મિહીન વદન જોઈને નિર્મળાને મનમાં ઘણું દર્દ થતું, પરન્તુ સાહસ કરીને તે કશું પૂછી શકતી નહિ.

સુરેશ પાસે જઇને નિર્મળાએ કહ્યું: "મોટાભાઇ કયાં ગયા છે?"

"કેમ?" સુરેશને આશ્ચર્ય થયું,

નિર્મળાએ હળવા સ્વરે કહ્યું: "ભાભીને શું થયું છે એ સમજાતું નથી, પણ એકલાં એકલાં ખૂબ રડે છે!"

સુરેશે ઉદ્વિગ્ન થતાં કહ્યું: "કોઇ જાતનું અસુખ તો નથી થયું ને?"

નિમુએ હસતાં હસતાં કહ્યું: "તમારી બુદ્ધિ તો નાના બાળક જેવી પણ નથી. અસુખ હોય ત્યારે જ સ્ત્રીઓ રડતી હશે?"

"તો...?"

"મને તો તેમણે કહ્યું કે માથું દુ:ખે છે. પણ હું એ માની શકતી નથી."

"તને તો શેમાંય વિશ્વાસ નથી." કહીને સુરેશ ઊભો થયો.

"કયાં જાઓ છો?"

"ભાભી પાસે જરા તપાસ કરી આવું." કહી તે અગ્રેસર થયો.

નિર્મળાએ સુરેશનો હાથ પકડી લેતાં કહ્યું: "તમને અક્કલ કયે દહાડે આવશે ?"

સુરેશ નિમુની વાત કરવાનો ઢંગ જોઇને હસી પડયો. કહ્યું: "કેમ ! શું થયું છે ત્યારે ?"

"તમે ભાભી પાસે જઇને શું કરશો ? એ કરતાં મોટાભાઈને ત્યાં મોકલો ને !"

ડ્રોઈંગરૂમમાં અરુણ વિનોદને રમાડી રહ્યો હતો. સુરેશે આવીને કહ્યું: "મોટાભાઇ, મારા ભાભીનું માથું દુ:ખે છે. ખૂબ રડે છે."

"તે હું શું કરું ?"

પ્રશ્ન સાંભળીને સુરેશ સજ્જડ થઇ ગયો. ભાભીનું માથું દુ:ખે છે ને ભાઇને શું કરવું ? આ કેવા પ્રકારનો પ્રશ્ન ! જરા વાર રહીને અરુણે પૂછયું: "તેં શું કહ્યું ?"

સુરેશે ફરી એનું એ કહ્યું. અરુણે કહ્યું: "સારું. હું હમણાં જ જાઉં છું."

સુરેશ વિદાય થયો. 'હમણાં જ જાઉં છું' એમ કહેવા છતાં પણ અરુણ ઊભો થયો નહિ. ઉષાને આજ બપોરે કહેલ શબ્દોથી અરુણ પોતે પણ દુ:ખી થયો હતો. જો એ શબ્દો ખરેખર મશ્કરીરૂપે જ કહ્યા હોત તો તેને આટલું દુ:ખ ન થાત. ઉષા પણ કશું ન વિચારત. કદાચ ઉષા ન સમજી શકી હોત તો પણ અરુણ તો સમજતો હતો કે કેવળ મશ્કરી નહોતી. વિનોદને જોઇને

અરુણ અનેક વાર કલ્પના કરી લેતો કે: " નિર્મળા સાથે માતાના કહેવા પ્રમાણે લગ્ન કર્યાં હોત તો આજે આ મારો પુત્ર હોત. " અને વારેવારે અંતરમાં સમાતું આ સત્ય એકાએક મશ્કરીનો બુરખો પહેરીને કદી બહાર પડશે એવી કલ્પના પણ અરુણને આવી નહોતી.

પરન્તુ આજે એ ક્રૂર મશ્કરી કર્યા પછી અરુણના અંતરમાં અશાન્તિનો દાવાનળ પ્રગટ્યો હતો. તે અત્યારે પોતાની જાતનો જ વિચારક બન્યો હતો. તેની સામે અનેક પ્રશ્નો ખડા થયા. " નિમુ સાથે લગ્ન કરવામાં શું ઉષા અસમ્મત હતી ? ઉષા પ્રત્યે શું મારો પ્રેમ હતો કે મોહ ? માતાનો ત્યાગ કરવામાં પણ ઉષાને પાછળ કેટલું દુઃખ થયું હતું ? ઉષાના અંતરમાં શું મારા માટે કદી વિષમતા પ્રગટી હતી ? ના...ના. ઉષા તો મને ઈશ્વર કરતાં પણ અધિક માને છે ! મારા પૂજનમાં જ એ પ્રભુનાં પૂજન નિહાળે છે, તો પછી ઉષાનો દોષ શું ? શા માટે હું તેને અકારણ દુઃખ આપું છું ? શા માટે હું એના પ્રેમાળ હૃદયનો પૂર્વની માફક સત્કાર કરતો નથી ? ઉષાએ મને સ્વપ્નમાં પણ અન્યાય કરવા માટે ઉશ્કેર્યો નથી. એનું મન તો બાળક જેવું સરલ અને પવિત્ર છે. આ જાણવા છતાં પણ મેં કેમ કહ્યું કે: ' આજે મારો પુત્ર હોત ! ' કઇ લાલસા, કયો મોહ, કઇ વાંચ્છના મને ઉશ્કેરી રહી છે ? ઉષાના જીવન પ્રત્યે અન્યાય કરવાની પ્રેરણા ક્યાંથી પ્રગટે છે ? જેણે મારા જીવનમાં વિષમતાના વાદળ આણવાનો કદી પ્રયત્ન સરખો યે કર્યો નથી, જેણે મારા સુખ ખાતર પોતાના શરીરની પણ પરવા નથી કરી, જે હરહંમેશ મારા જ કલ્યાણમાં પોતાનું સુખ માની રહી છે, તેના પર નિષ્ઠુર થવાનો મને શો અધિકાર છે ? આહ ! કુદરત કેમ સાંખી શકશે ? " વિચારોના વેગ વચ્ચે સપડાયેલા અરુણના કાન

પર દસના ટકોરા અથડાયા. વિનોદ રમતા રમતા સૂઇ ગયો હતો. તે એકદમ વિચારભર્યા હૈયે ઉપર ગયો. ધ્રૂજતા હૈયે, દબાતા પગલે તેણે પોતાના રૂમમાં પ્રવેશ કર્યો. જોયું તો ઉષા રડી રડીને બન્ને હાથ વચ્ચે મસ્તક દબાવીને સૂઇ ગઇ છે.

અરુણ હળવે પગલે ઉષાની શય્યા પાસે ગયો અને એક ધ્યાને ઉષાના અનુતાપભર્યા વદન સામે જોઇ રહ્યો.

નિઃશ્વાસ ધીર ગંભીર હતાં. ઉષાના સારા યે વદન પર અશ્રુનાં સ્પષ્ટ ચિત્રો અંકિત થયાં હતાં. અરુણના મનમાં થયું કે ખૂબ રડીને રડીને અંતે થાકીને સૂઇ ગઇ લાગે છે. નયનોના ખૂણા પર હજી પણ બે અશ્રુઓ ચળકી રહ્યાં હતાં.

આજે પહેલી જ વાર અરુણને લાગ્યું કે: “મારી ઉષા સૂકાઇ ગઇ છે. સ્પષ્ટ લાવણ્ય આજે રક્તહીન થઇ ગયું છે. આંખો ઊંડી ઊતરી ગઇ છે. કેશ રૂક્ષ બની ગયા છે. મારી પ્રિય ઉષાએ મારી ચિંતામાં પોતાના દેહનું પણ ધ્યાન નથી રાખ્યું લાગતું.” વિચારમગ્ન અરુણે ઉષાના ચહેરા પર આવેલી બે એક રૂક્ષ વાળોની લટીને હાથવતી સરખી કરવાનો વિચાર કર્યો, પણ તે કરી શક્યો નહિ. કદાચ ઉષા જાગી જાય તો!

અરુણદ્વારા ઉષાને ખૂબ યંત્રણ સહવી પડી હતી. આજની શાન્તિનો ભંગ અરુણ કેમ કરી શકે? તેણે ઉષાના મસ્તક પાસે બેસીને પંખો નાખવો શરૂ કર્યો. રસોઇઆએ દ્વાર પાસે આવીને ડોકિયું કર્યું: અરુણે પૂછ્યું: “કેમ શું જોઇએ છે?”

“આપને જમવું નથી?”

“ના...મારે નથી જમવું. તારાં બહેને ખાધું કે નહિ?”

"ના...મારાં ...મોટાં બહેન તો ઘણા દિવસોથી સાંજે વાળુ કરતાં નથી."

"ત્યારે શું એક જ વખત જમે છે?"

"જી હા...એ પણ જેવું તેવું."

અરુણ નિર્વાક્ બનીને સ્થંભી ગયો. રસોઇઓ ચાલ્યો ગયો. એકાદ ક્ષણ પછી હળવો નિઃશ્વાસ નાખીને અરુણે દ્વાર બંધ કર્યું.

થોડીવાર પછી નિદ્રાના ઘેનમાં ઉષાએ પડખું બદલ્યું. તેનો એક હાથ અરુણના ખોળામાં પડ્યો. પરમ સ્નેહભર્યા ભાવથી પત્નીના હાથ પર પોતાનો હાથ મૂકી અરુણ મ્લાન વદન સામે જોઇ રહ્યો. અરુણનાં નયનોમાં આંસું ઉભરાયાં. તેનું મન પોકારી ઊઠ્યું: "આહ્! મારી એ જ ઉષા! પ્રાણ કરતાં યે પ્રિય ઉષા આજ મારા જ અનાદરના અગ્નિવડે જલીને મ્લાન થઈ ગઇ છે! તેના પ્રાણનો આનંદ મેં લૂટી લીધો છે. એક લૂંટારા માફક તેના સૌન્દર્યને મેં ધૂળમાં મેળવી દીધું છે. મારી ઉષાના કોમળ અંતઃકરણને અનેક આઘાતોવડે મેં જર્જરિત કરી નાખ્યું છે. આ એ જ મારી ઉષા છે. જેના ખાતર એક દિવસ મેં માતા-પિતાનાં સ્નેહબંધનોને પણ કાપી નાખ્યાં. નાના ભાઇની દર્દભરી હાલતને પણ ઉપેક્ષિત કરી હતી. મારી ઉષાને સુખી કરવા ખાતર એક સમયે આ વિશ્વમાં ન કરી શકાય એવું મારા માટે કશું નહોતું, અને આજે? માનવના નૈતિક ચારિત્રનું અધઃપતન કેટલી હદ સુધી થઈ શકે છે એ પુરાવો મારી પ્રિયાની ઉપેક્ષામાં જ મને મળી રહે છે! આહ્, પણ આ બધું શા માટે? તે દિવસના અરુણમાં અને આજના અરુણમાં તફાવત શો છે?" અમીમાંસિત પ્રશ્નોના પડદા પાછળ અરુણનું મન પણ થાકીને લોથ થઇ ગયું હતું.

ઉષાના ક્ષીણ શુભ્ર હાથને પોતાની બળવાન મુઠ્ઠીમાં લઇને અરુણે સ્થિરભાવે સંકલ્પ કર્યો : "જે બની ગયું છે તેનો પ્રતિકાર કરવો જ પડશે. આવતી કાલે જ સારા દાક્તરની સંભાળ નીચે ઉષાને મૂકીશ, અને ઉષાના અંતરમાંથી કદી પણ ક્ષમાનો લોપ થશે જ નહિ. મારા લાખો અપરાધની ક્ષમા માગીશ. એના અંતરમાં ગમે તેટલાં ચીરા પડ્યા હશે, ગમે તેટલી આગો લાગી હશે છતાં પણ મને એ જરૂર ક્ષમા આપશે."

એક અસ્ફૂટ યંત્રણાસૂચક શબ્દ કહીને ઉષાએ વળી પાછું પડખું ફેરવ્યું. હવે અરુણને ઉષાના સર્વ અંગ તરફ તીક્ષ્ણ દૃષ્ટિએ અવલોકન કરવાનો સુયોગ મળ્યો. એક ધ્યાને જોતાં જ તે ચમકી ઊઠ્યો. આ શું ? ઉષાનો ચ્હેરો શું આટલો બધો વિવર્ણ બની ગયો છે ? આ તો કદી જોઇ શકાયું પણ નથી ! ઉષા ક્યાં ગઇ ? આ તો ઉષાનું હાડપિંજર છે ! આમ શા માટે બન્યું ? કેવળ માનસિક અશાન્તિના કારણે શું માણસનું શરીર આવું થઇ શકતું હશે ?

અરુણને યાદ આવ્યું કે થોડા દિવસો પહેલાં જ ઉષાએ વાયુપરિવર્તન માટે માગણી કરી હતી. એ માગણીને સ્વીકારવાની એ સમયે અરુણને ફુરસદ પણ નહોતી. આટલી નિષ્ઠુરતા, આટલી અંધ મનોદશા કેમ બની ગઇ ? અને અરુણને લાગ્યું કે આ તો મારા જ પાપે ઉષા કોઇ મહારોગના જડબામાં જઇ પડી છે. એનું સોના જેવું શરીર કાળના ખડકો સાથે અથડાઇ રહ્યું છે ! આ કલ્પના આવતાં જ અરુણ કંપી ઊઠ્યો. "ત્યારે શું ઉષા નહી બચી શકે ? એ શું સંભવિત છે ?" દેહ અને મનના અસ્થિર ચાંચલ્યને અરુણ કાબૂમાં ન રાખી શક્યો. તેણે ઉષાના નિદ્રમય વદન પર પોતાનું મસ્તક છાતી પર મૂક્યું. ઉષાની નિદ્રા તૂટી ગઇ. પોતાની છાતી પર સ્વામીનું મસ્તક છે એ જોવાં છતાં પણ ઉષાના મનમાં વિશ્વાસ ન જન્મ્યો. આ

કોઇ મીઠું સ્વપ્ન તો નહી હોય ને? તે એક ધ્યાને સ્વામીનાં નયનો સામે નિહાળી રહી. અરુણે ઊર્મિભર્યા, દર્દભર્યા અને પ્રેમભર્યા સ્વરે કહ્યું: "ઉષા!"

વિહ્વળ થયેલી ઉષાનો કંઠ ચીરીને કેવળ એક જ શબ્દ બહાર નીકળ્યો:

"તમે?"

માત્ર આ એક ન્હાના શબ્દમાં કેટલી વેદના ભરી હતી? અરુણને એ સમજાતા સમય ન લાગ્યો. તેણે કહ્યું: "હા...... ઉષા, હું છું!"

ઉષા કશું ન બોલી. સ્વામીના ખોળામાં માથું છૂપાવીને તે નિ:શબ્દ બની ગઇ. અરુણ પણ અપરાધના ગુરુભાવથી સ્તબ્ધ થઈ ગયો હતો. અરુણની ચમક ભાંગી. તેના ખોળામાં વેરાયેલાં ઉષ્ણ અશ્રુઓના સ્પર્શથી તેણે ઉષાનું વદન ઊંચું કરીને જોયું તો તેના નયનોમાં આંસુનો વિરાટ સાગર ઉછળી રહ્યો હતો– કોઈ પ્રચંડ ઝંઝાવાત સાથે. જાણે કોઇ મહાપ્રલયની આગાહી એ અશ્રુઓમાં ચમકી રહી હતી.

વ્યાકુળ ભાવે અરુણ બોલ્યો: "ઉષા, હજી પણ તું રડીશ? હવે હું તારો અનાદર કદી પણ નહિ કરું. ઉષા, મને ક્ષમા કર..."

ધીરે ધીરે ઉષાનાં નયન–નીર સૂકાવાં લાગ્યાં. ઘણા દિવસો પછી તે આજ સ્વામીના હ્રદય પર મસ્તક રાખીને નિશ્ચિંતભાવે પરમ શાન્તિભરી નિદ્રા ઝીલી શકી.

એ સ્વપ્ન કેટલું મધુર હશે? એ કાવ્યમાં કેટલું સુખ હશે? એ સુરોમાં કેટલો પ્રકાશ હશે? અને......

# વ્યર્થ આશા

પ્રાત:કાળે ઉષાની નિદ્રા તૂટી. વિનોદ કમાડ પાસે ઊભો રહીને પોકારતો હતો: "બાપુજી, બાપુજી, બાપુજી."

ઉષા ઘડીભર મૌન રહી. તેણે જોયું કે અરુણ કંઈ અવાજ કરે છે કે નહિ? પણ અરુણ તો આંખો મીંચીને એમ ને એમ પડી રહ્યો.

છેવટે ઉષાએ સ્વામીને જગાડતાં કહ્યું: "સાંભળો છો? તમારો વિનોદ ક્યારનો બૂમ પાડે છે?"

અરુણે એક આળસ મરડતાં કહ્યું: "ભલે..."

ઉષાએ કહ્યું: "ના, તમે ઊઠો. એ ક્યારનો સાદ તમને પાડી રહ્યો છે."

"ઉષા...મને કશું ગમતું નથી..." કહીને અરુણે ઉષાને પોતાના તરફ ખેંચીને હૃદય સરસી નિબઠભાવે દબાવી.

વિનોદ રડતા સાદે પોતાની માતા પાસે ચાલ્યો ગયો.

સ્હવારના નિત્યકર્મથી પરવારીને અરુણ ઉષાને લઈને સારા દાકતર પાસે ચાલ્યો ગયો. એ જોઈ નિર્મળા તથા સુરેશને આશ્ચર્ય થયા વગર ન રહ્યું.

અરુણે જતાં પહેલાં જ સુરેશને કહ્યું હતું કે: " તારી ભાભીનો ચહેરો તો જો...સારા દાક્તરની ચિકિત્સા કરવી જ પડશે. કોને ખબર પ્રમાદથી કેવું પરિણામ આવે! અગાઉથી ચેતવું સારું... "

લગભગ સાડાદસ વાગે ઉષા અને અરુણ ઘેર આવી ગયાં. સુરેશે ઉષા પાસે જઇને પૂછયું: " કેમ ભાભી, દાકતરે શું કહ્યું?"

ઉષાના પાંડુ વદન પર ફીક્કું હાસ્ય ઉભરાયું. કહ્યું: " સ્વર્ગમાં સારું સ્થાન મળે એ માટે પંચગની જવું પડશે. "

સુરેશે કહ્યું: " દર્દ શું છે એ જ કહોને? "

અરુણે પાછળથી ઇશારો કરી સુરેશને ન પૂછવાનું જણાવ્યું. સુરેશ જરા વિસ્મિત થઇને પોતાના ખંડમાં ચાલ્યો ગયો.

થોડીકવાર પછી અરુણ પોતે સુરેશ પાસે ગયો. સુરેશે આશ્ચર્ય પામતાં કહ્યું: " કેમ મોટાભાઇ, કંઇ કામ છે? મને બોલાવ્યો હોત તો હું જ ત્યાં આવત. તમે...... "

પણ અરુણના ચ્હેરા પર નજર પડતાં જ સુરેશ ઠરી ગયો. અકાળ વર્ષોનું કરુણ ગાંભીર્ય અરુણના ચ્હેરા પર જામ્યું હતું.

સુરેશની ખુરશીના હાથા પર ટેકો દઈને અરુણે કહ્યું: " ભાઇ, તારી ભાભી ક્ષયમાં સપડાઇ ચૂકી છે. "

" હેં......ક્ષય? " સુરેશનો પ્રાણ રૂંધાવા લાગ્યો.

અરુણના અંતરમાં વંટોળ મચ્યો હતો. પોતાની જાતને સંભાળી રાખવાની તેનામાં શક્તિ નહોતી રહી. થોડીવારના મૌન પછી તેણે કહ્યું: " હા...ક્ષય...રાજરોગ...જીવલેણ રાક્ષસ ? "

" કફમાં લોહી પડે છે ? "

" ના, પરન્તુ ઉધરસ ઘણા વખતથી છે. મારી બેદરકારીનું જ આ પરિણામ છે. " કહેતાં કહેતાં અરુણનું ગળું ભારે થઇ ગયું. તેણે પોતાના અશ્રુને રોકતાં કહ્યું: " આખર સમયે ખબર પડી છે. જીવન આપતાં પણ એ દર્દના પ્રતિકારનો માર્ગ નથી રહ્યો. સુરેશ ! હું માણસ નથી. નહિ તો તારી ભાભીની આ દશા... " અરુણ આગળ ન બોલી શકયો. સુરેશનાં નયનો ભીનાં થઇ ગયાં હતાં. અરુણે બીજી દિશામાં મોઢું ફેરવી લીધું.

થોડીવાર પછી સુરેશે પૂછયું: " પંચગની જવાનું કયારે નક્કી કરવું છે ? "

" હું આજે જ જવા માગું છું. દસ પંદર દહાડામાં તું અહીંનું કામકાજ પતાવીને નિર્મળા સાથે સત્વર આવી પહોંચજે. મારા એકલાથી એ બધું સહન થઇ શકશે નહિ. "

સુરેશે કહ્યું: " મોટાભાઈ, આ દર્દમાં દેશી દવા લાભ આપે છે; આપણે તે કરીએ તો ? "

પ્રબળ દીર્ઘ નિઃશ્વાસ નાખતાં અરુણે કહ્યું: " ભાઈ, પ્રયત્નમાં હું જરાયે ખામી નહી રાખું, પણ દાકતરના કહેવા પરથી મને જરા ય આશા નથી. " થોડીવાર પછી અરુણે કહ્યું: " તું સઘળી તૈયારી કર. અમે આજે મેઈલમાં જ જવાના છીએ.

* * *

ઉષાને જવાનો સમય નજીક આવ્યો. બારણા પાસે મોટર આવીને ઊભી રહી.

અરુણ કપડાં પહેરીને તૈયાર થયો હતો ત્યાં વિનોદ પણ કપડાં પહેરીને આવ્યો, અને બોલ્યો: "બાપુજી, ચાલો... !"

અરુણે વિનોદને એક ચૂમી લેતાં કહ્યું: "ચાલો......"

નિર્મળાએ આવીને અરુણ તથા ઉષાને પ્રણામ કર્યા. નિર્મળાનું હૃદય પણ રડી રહ્યું હતું. પોતે એકલી આ વિશાળ મકાનમાં કેવી રીતે રહી શકશે ?

અરુણે વિનોદને નિર્મળાના હાથમાં સોંપતાં ઇશારાથી દૂર જવાનું જણાવ્યું. વિનોદ સાથે જવાની હઠ ન કરે એટલા માટે નિર્મળા તેને દૂર લઇ ગઈ.

સુરેશે કહ્યું: "મોટાભાઈ, આમ હતાશ શા માટે થાઓ છે ? પ્રયત્નનાં પરિણામ સુધી તો ધીરજ રાખો."

કરુણ કંઠ સ્વરે અરુણે કહ્યું: "પરિણામ શું આવશે એ મારા સમજવામાં આવી ગયું છે. બહુ તો એકાદ માસ......"

સુરેશનાં નયનોમાં અશ્રુ ઉભરાયાં, કશું સ્થિર કરી શક્યો નહિ. તેનાં નયન સામે ઉષા વગરના અરુણની કલ્પના બહુ ભયંકર જણાવા લાગી.

અરુણે કહ્યું: "ચાલ, હવે વાર ન કર......"

સુરેશ ભાઈની પાછળ ગયો.

ઉષાએ ગાડીમાં બેઠા પછી સુરેશને પોતાની પાસે બોલાવીને હસતા હસતા કહ્યું: "સુરેશભાઈ, આ મારા જીવનની મહા-

યાત્રા છે હો......તમે પાછા જલ્દી આવજો, નહિ તો મળી શકાશે નહિ..."

"ભાભી આવું અમંગળ શા માટે બોલો છો? મારો અંતરાત્મા કહે છે કે તમે નવું જીવન લઇને જ આવવાનાં છો..." સુરેશે રડતાં સ્વરે કહ્યું.

ઉષાના અંતરમાં આંસુ હતાં, પરન્તુ મોઢા પર હાસ્ય હતું. આજ તે પોતાના રચેલા સંસારને છોડીને જ જાય છે. કદાચ પાછી પણ ન આવે. આ બધા સ્નેહીઓને ફરી વાર પણ ન નિહાળે. ઉષાનાં હૃદયમાં આ બધા પ્રશ્નોથી ભયંકર દર્દ થતું હતું, છતાં ય એ અંતરમાં એક સંતોષ હતો. પોતાના અરુણને એ મેળવી શકી હતી. પણ એ છેલ્લી પળે તો નહીંને? ઉષાના જીવન પંથ પર આજે મહાકાળનાં નૃત્ય હતાં! છતાં ય બચવા માટે અનંત જાગૃત થઈ હતી. રૂદ્ધ સ્વરે ઉષા બોલી: "સુરભાઈ, એ આશા આ જીવન માટે નથી રહી, પરન્તુ તમે જલ્દી આવજો. તમારા ભાઇ બહુ ઉતાવળા છે. તેને તમારે જ સંભાળી રાખવા પડશે."

સુરેશે કહ્યું: "ભાભી, વિદાય વખતે આવી દર્દભરી કલ્પનાઓ ન કરો."

અરુણે ઉષાનો હાથ પકડતાં કહ્યું: "ઉષા, આવું શા માટે બોલે છે?"

ઉષાએ અતિ ધીમા સ્વરે કહ્યું: "આપણે જઇએ છીએ બે જણા અને પાછા આવશો તમે એક. કેમ?"

અરુણ અસ્થિર થઇ ગયો. બોલી ઉઠ્યો: "ઉષા...!"

મોટર રવાના થઇ. સુરેશ અને નિમુ પાછલી મોટરમાં સ્ટેશને આવવાનાં હતાં.

ઉષા અરુણની નજીક આવીને ઘણા જ દીનભાવે બોલી: “ શું તમે કોઇપણ ઉપાયે તમારી ઊષાને બચાવી નહિ શકો ? મને મરવાની જરા ય ઇચ્છા નથી. મારા અરુણને છોડીને ક્યાં જાઉં ? ”

ઉષાનો અવાજ ખરેખર રુદનથી ભાંગી પડ્યો. અરુણના ધૈર્યનો બંધ પણ તૂટી ગયો. તેણે ઉષાનું મસ્તક પોતાના હૃદય પર લઇને મક્કમ અવાજે કહ્યું: “ ઉષા, કોઈ પણ પ્રયત્ને હું તને નહિ બચાવી શકું તો હું તારી સાથે તો આવી શકીશ ! તને એકલું જવું નહિ ગમે તો મને એકલું રહેવું કેમ ગમશે ? તારી સાથે આવતાં મને કોઈ શક્તિ રોકી શકશે નહિ. ”

ઉષાના નયન કિનારે આસુનાં સાતે ય સાગર ઉછળી રહ્યા હતા. એના અંતરમાં હાહાકાર મચી રહ્યો હતો.

* * *

પંદર દિવસ પછી સુરેશ સહકુટુંબ પંચગની આવી પહોંચ્યો. ઉષાના દેહમાં પહેલાંની ઉષા કરતાં વધારે નબળાઇ બતાતી હતી. દેશી ઔષધના પ્રયોગથી પણ તે નવું જીવન મેળવવા ભાગ્યવંત ન થઇ શકી. આશા કોઈ જીવલેણ રાક્ષસ ખૂંચવી ગયો.

સુરેશે અરુણનો ફીક્કો અને કરુણતાભર્યો ચ્હેરો જોયો. સુરેશે પૂછ્યું: “ મારાં ભાભીને કેમ છે ? વૈદ્યે શું કીધું ?”

અરુણ અસ્ફૂટ સ્વરે રૂંધાતા સ્વરે બોલ્યો: “ કંઇ આશા નથી ! ”

સુરેશ આ સાંભળીને ચમક્યો. નયનમાં અશ્રુ ઉભરાયાં. ધ્રૂજતા સ્વરે બોલ્યો: “ મોટાભાઇ...! ”

ઉષાને જે ખંડમાં રાખી હતી ત્યાં સુરેશ તથા નિમુ ગયાં.

ઉષા જીવનની થોડીક પળોની મહેમાન હતી. મોઢા પર આછી છાયા, કરુણ રેખાઓ તરી આવતી હતી. આશા હોવા છતાં પણ ઉષા કોઈ જીવલેણ રાક્ષસના પંજામાં સપડાઇ ગઇ હતી. કુદરતના કોપ સામે અરુણ ઘણું લડ્યો પરન્તુ જ્યારે અરુણને લાગ્યું કે આશા વ્યર્થ છે, ત્યારે તે સદાને માટે કુદરતના કોપ પર રડવા લાગ્યો.

“ નિર્મળા...! બહેન...! ” ઉષા મંદ સ્વરે આટલું બોલી.

સુરેશનું હૃદય ભાભીના પ્રેમથી ઉભરાઇ ગયું. જીવનના આખરી પડદામાં પણ એક એક જણ આ ઘરનો ત્યાગ કરતાં જાય છે.

સુરેશને લાગ્યું કે “ આ કોઈ પ્રચંડ વાયુ આજે એની સઘળી આશાને વ્યર્થ કરી રહ્યો છે અને કોઇ આદર્શમય પ્રેમ ખુંચવી રહ્યો છે. શું આ કુદરતનો કોપ નથી ? ”

અરુણ ધીરે પગલે અંદર આવ્યો. ઉષાની શય્યા પાસે બેઠો. ઉષા ફક્ત એટલું બોલી શકી. “ વ્હાલા અરુણ...તમારી ઉષાને જવું ગમતું નથી પણ...કોઇ પ્રચંડ વાયુ ઘસડી જાય છે...! ”

અરુણની બન્ને આંખોમાંથી અશ્રુનો પ્રવાહ વહી રહ્યો હતો. તેનું હૃદય પોકારી ઊઠયું : “ ઉષા, જરૂર હું તારી પાછળ આવીશ. તારી વગર મને કેમ ગમશે ? ઉષા સદાને માટે તારો અરુણ તારી પાસે જ રહેશે. તું જ્યાં જઇશ ત્યાં તારા અંતરાત્મા પાછળ અરુણ હશે જ. ”

ઉષાનો શ્વાસ રૂંધાવા લાગ્યો. વિણાના સુદ્દ તારો ઝણઝણી

ઊઠ્યા. એ તારોના અવાજમાં રુદન હતું. ટેબલ પાસેનો દિવો બૂઝાઇ ગયો–સદાના માટે.

સંધ્યા આથમી ચૂકી. કોઇ ઘેરાં કાળાં વાદળાંઓ આ ઘર પર વિષ વર્ષાવી ગયાં. પાછળથી અટ્ટહાસ્યમય હસતાં હસતાં શાન્ત થયા–પણ વિષ વર્ષાવીને જ.

આનંદ અને ઊર્મિભર્યું ઘર સદાને માટે કરુણમય અને વિષમય બની ગયું. ખરેખર, કુદરત જ્યાં વરસે છે ત્યાં કૃત્રિમતાના ભરેલાં વાદળાંઓ સારી રીતે વર્ષીને જ શાન્ત થાય છે.

કુદરતના કોપથી એક હૃદયને કેવું થયું હશે ? કોણ કલ્પી શકે ?

# સમાજનાં બંધન

ઊર્મિભર્યા જીવનની ટોચ સુધી પહોંચતો અરુણ પાછો સદાને માટે જીવનના કોઈ વેરાન અને ઉજ્જડ પ્રદેશમાં ઘસડાઇ ગયો.

શું ઉષાને અરુણની દયા ન આવી ? પોતાના અરુણને છોડી જતાં તેના હૃદયને તે અટકાવી ન શકી– હા. અરુણની દયા જરૂર આવી હતી, પરન્તુ કુદરતના કોપને તે ન અટકાવી શકી. અરુણને સદાને માટે જર્જરિત બનાવી અને તેના જીવનમાં વિષ રેડી ઉષા ચાલી ગઇ હતી. પરન્તુ અરુણ તેની ઉષા પર તેથી ચીડાણો નહિ. ત્યારે ?

ઉષાને મળવા માટે અને સદાને માટે પોતાની પાસે

જોવા તેણે એક માર્ગ પસંદ કર્યો. ઉષાને માર્ગે જ જવાનો તેણે નિશ્ચય કર્યો. પરન્તુ અરુણ તેની ઇચ્છાને સફળ ન કરી શકયો, કારણ જે પ્રબળ ઇચ્છા પ્રગટી હતી તે ઇચ્છાએ જઇ શકવા જેટલી તેના હૃદયમાં શક્તિ નહોતી.

હરઘડી, હરપળ અરુણ ઉદાસીન રહેતો. છ–છ મહિનાનાં વ્હાણાં વીતવા છતાં અરુણ ઉષાને બીલકુલ વિસર્યો નહોતો. ઉષાની છબીને જોઇને અરુણ કલાકોના કલાકો સુધી રડતો અને બોલતો: "ઉષા! તું ક્યાં છે? તારો અરુણ તને બોલાવી રહ્યો છે. આમ તો જો. ઉષા! શું તું તારા અરુણને ભૂલી ગઈ? મેં તારો એવો શું દ્રોહ કર્યો હતો? બોલ તો ખરી. મારા જીવનને તેં વિષરૂપી બનાવ્યું પરન્તુ જો તેથી તારો આત્મા શાન્ત થયો હોય તો હું આનંદ માનીશ. પણ તારાં નયનોમાં તો અશ્રુ છે. તારી જવાની અનિચ્છા હોવા છતાં પણ અકાળે જવું પડયું. તું એ ન ભૂલતી કે તારો અરુણ તને ભૂલી ગયો છે. ના. ના. ઉષા! તારા વિના એક પળ પણ રહી શકતો નથી. તારો અરુણ તારા શ્યામરૂપી શર્માળ દેહને આલિંગન કરવા તુરત આવશે."

અરુણે કેટલાંય વિઘ્નોનો સામનો કર્યો હતો, કેટલોય પરિશ્રમ લીધો હતો પરન્તુ આ ઉષાના ત્યાગથી તેના હૃદયને મક્કમ ન બનાવી શકયો. ઑફિસે જતો નહિ, નિયમિત આહાર લેતો નહિ. દિનરાત બેચેનીમાં પસાર કરતો. અરુણ તો એની ઉષાની પ્રતિમા પાછળ ઘેલો બની ગયો હતો.

સુરેશ તથા નિર્મળા મૂંઝાતાં હતાં. મોટાભાઇની સ્થિતિ દહાડે દહાડે બગડતી જતી હતી. સુરેશથી એ ન સહેવાયું, એ ન જોઇ શકાણું. સુરેશ મોટાભાઇની તબિયત સારી કરવા ઘણા પ્રયત્નો કરતો પરન્તુ તે ઘેલો અને વિહ્વળ બનેલો અરુણ તો તેની તુલનામાં જ મસ્ત હતો. તે પોતાની ઉષા સિવાય બીજું જોતો જ નહિ.

કરુણ કાવ્યો વચ્ચે અથડાયેલો અરુણ દિવસે દિવસે સૂકાતો જતો હતો.

અરુણ જુવાન હતો, આદર્શવાદી પુરુષ હતો તેથી જ મનોહરદાસ દરરોજ અરુણને સમજાવવા આવતા. પરન્તુ અરુણ તે બાબત કશું સાંભળતો જ નહિ. તેની પાસે જ્યારે આ ચર્ચા ચર્ચાતી ત્યારે તે પોતાની પ્રિયતમાને જ દેખતો.

પરન્તુ......

મનોહરદાસના સખ્ત આગ્રહથી અને વડીલ હોવાથી અરુણને ફરજિયાત કબૂલ થવું પડયું. અરુણને તે વખતે લાગ્યું કે: " આ માર્ગે જ મારો ત્યાગ થઇ શકશે, અને સદાને માટે ઉષાની પાસે જઇ શકાશે. "

મનોહરદાસ અરુણના મર્હુમ પિતા મોતીલાલના રૂઢીચુસ્ત મિત્ર હતા. મોતીલાલની આજ હાજરી ન હોવાથી તેઓ આ કાર્ય કરતા. તેઓ પોતાનું કાર્ય પૂર્ણ કરીને જ શાન્તિ અનુભવતા. મનોહરદાસ સ્વભાવના કંજુસ અને સ્વાર્થી હતા. જે માર્ગે કલદાર મળે એમ છે તે માર્ગે ગમે તેવાં વિઘ્નો આવવા છતાં પણ તેઓ ગયા વગર રહેતા નહિ.

અરુણને એ આશા નહોતી કે: " જીવનમાં મહામૂલ્ય બીજી ઉષા મળી શકે. " જે બાળાની સાથે તેનાં લગ્ન થવાનાં હતાં તે બાળાને અરુણ બહેન જ ગણતો. લગ્ન થાય છે કે શું એ સમજવા તૈયાર નહોતો. ફક્ત સમાજના કઠીન બંધનમાં બંધાઇને તેને સઘળું કરવું પડે છે તેમ સમજતો.

સુરેશ તથા નિર્મળા સમજતાં કે: " મોટાભાઇનાં લગ્નથી મોટાભાઇ બીજું જીવન મેળવવા ભાગ્યશાળી થશે અને એ પણ ખ્યાલ હતો કે મોટાભાઇ ભૂતકાળ ભૂલી જશે. " સુરેશને એ

ખ્યાલ તો હતો જ કે: "ઉષા જેવી માયાળુ ભાભી મેળવવા પોતે ભાગ્યશાળી નથી. ઉષા તો ખરેખર પ્રતિમા સમાન હતી અને તે પ્રતિમા જેવી ભાભી ગુમાવી છે."

* * *

સુરેખા પરણીને શ્વસુરગૃહે આવી. કલ્યાણજી શેઠની એકની એક લાડકવાયી પુત્રી આજે લગ્નજીવનથી જોડાઇને અરુણની પત્ની બની. અરુણ જેવો પ્રતિષ્ઠાવાન તથા સંપત્તિવાન જમાઇ મેળવવા બદલ કલ્યાણજી શેઠના મનમાં હર્ષ થયો. સુરેખા પણ નાનપણથી માતૃહીન હતી અને શ્રીમંત પિતાના અનેક મોઝશોખમાં ઉછરી હતી. ઇંગ્લીશનો પણ અભ્યાસ કર્યો હતો. ઉષા જેટલી સરૂપવાન તો નહોતી પણ આદર્શહીન અને સુધરેલી હતી.

અરુણ સમાજનાં બંધનોમાં જકડાયો ખરો પરન્તુ પોતાના બીજા ધ્યેયથી જ. લગ્નના દિવસથી જ અરુણને તાવ ચડવા માંડ્યો અને ત્યારથી તે સદાને માટે શય્યાના આશરે પડ્યો. શા માટે? ઉષાની પાછળ જ ને?

સુરેખા પતિપ્રેમ ન મેળવી શકી, પરન્તુ તેને અરુણની સેવા કરવાનો તો લાભ મળ્યો. એ સેવામાં જ પોતાના અનંતકાળનું સુખ માનતી.

નિર્મળા અને સુરેશની ધારણા નિષ્ફળ નિવડી. લગ્નથી મોટાભાઇની તબિયત દિનપ્રતિદિન ઉગ્ર બનતી હતી. સુરેશ હરઘડી મોટાભાઈની શય્યા પાસે રહેતો. સુરેશને વિચારો આવ્યા કે: "માતા, પિતા, ભાભી જે માર્ગે ગયાં છે તે માર્ગે શું મોટાભાઇએ જવાનો નિશ્ચય તો નથી કર્યો ને? ઇશ્વર આટલી દયા કરજે! મેં તારો એવો શું દ્રોહ કર્યો છે કે તું મને પ્રચંડ સજા આપી

રહ્યો છે ? ના. ના. ઇશ્વર સાવ નિષ્ઠુર તો નથી. મોટાભાઇ જરૂર પુનઃ સારા થશે. ”

નવવધૂ બનીને આવેલી સુરેખા જીવનના મહામૂલ્ય લ્હાવા ન મેળવી શકી. તેની આશાઓનાં સ્વપ્નાંઓ પર કોઇ ઘેરાં વાદળાંઓ ફરી વળ્યાં.

અરુણ ઝાઝો ટાઇમ આ ચિરકાળની દુનિયામાં ન રહી શકયો. લગ્ન પછીના પાંચ દિવસના અંતે તે સદાને માટે તેની ઉષાની પાછળ સમાજના વિપુલ બંધનોમાંથી મુક્ત થઇ દૂર ચાલ્યો ગયો કે જ્યાં સત્કાર અને અપૂર્વ સુખ સમાયેલું છે, અને પોતાની ઉષા મળી શકે તેમ છે.

ગઇ કાલની કુમારિકા આજે સમાજની દૃષ્ટિએ વિધવા બની ચૂકી. અંતરના લ્હાવા તેના અંતરમાં હંમેશના માટે સમાઇ ગયા. સમાજની વેદી પર અને માતાપિતાની ઘેલછા પાછળ રહેલો આનંદ પાછળથી કેટલો ક્રૂર બને છે તે વડિલો જાણવા છતાં પણ એ કૂવામાં સદાને માટે પોતાની કુમળી કળીઓ ધકેલી દે છે.

પરન્તુ......

કુંવારી વિધવા બને છે અને પછી સમાજમાં સડો કરે છે તે વડીલો સહન કરી શકે છે, તે જોઈ શકે છે. દેખવા છતાં પણ કૂવો વધુ પસંદ કરે છે. સોના કરતાં કથીરમાં વધુ મોહકતા તેઓ જુવે છે. પછી ગુન્હો કોનો ?

કુંવારિકાઓનો કે વડીલોનો ?

અને એ વિધવાનું સ્થાન સમાજમાં કઈ જગ્યાએ રહ્યું ?

ગઈ કાલની સુરેખા આજે વિધવા બની ગઇ. તેના અંતરમાં

કેવી પ્રચંડ અગ્નિ ભભૂકી રહી હશે તે જોવા માટે સમાજ આવશે ખરો ? અશ્રુઓની ધારાઓને લૂછવા એ જુલ્મી સમાજ આવશે ખરો ?

વેદનામય સુરેખાને લાગ્યું કે: "આ વિશાળ પૃથ્વીમાં પોતાને લક્ષ્ય કરીને ચાલવાનું અને જોવાનું સ્થાન કોઇપણ ઠેકાણે નથી રહ્યું." થોડીક પળો બાદ મનમાં બોલી: "ઓ સમાજ ! મેં તારો એવો શું અપરાધ કર્યો હતો કે તું આજ મારું સુખ ખૂંચવી ગયો ? હા. કદાચ તારો દ્રોહ કર્યો હોય તો તે માટે આ જ શિક્ષા હતી ? ખરેખર તારાં બંધનો કઠીન છે."

# સડતી ભીતરમાં

જિંદગીના નેપથ્યમાં સદાને માટે કોણ રહી શક્યું છે? સુરેખા સમાજની દૃષ્ટિએ વિધવા બની ચૂકી હતી, પરન્તુ તેના ઊર્મિભર્યા સ્નેહાળ હૃદયમાં જીવનના મહાન્ લ્હાવા લેવાના અંકિતો બાકી હતા. ક્યાં સુધી એ અંકિતો દબાવી શકે? સમાજ પર તેને તિરસ્કાર ઉપજ્યો પરન્તુ તે એકલી સમૂહબળ સામે ટકી શકવાને શક્તિમાન નહોતી. એ આશા નિર્વિવાદ હતી છતાં તે એ આશાને પ્રબળ બનાવવા વધુ ઉગ્ર બની. યૌવન વચ્ચે સમાજની દૃષ્ટિએ દેખાતું વૈધવ્ય સુરેખાની નજરે આડું ન આવી શક્યું. તેણે તો પોતાની ફરજ બજાવવી શરૂ કરી.

સુરેશ મોટાભાઇનાં મૃત્યુથી નિરાશામય રહેતો. ભાઇની ઑફિસનું કામકાજ તે કરતો પરન્તુ કામ દરરોજ
૧૫ અવ્યવસ્થિત રહેતું. તે સમજ્યો હતો કે: "કોઇ ક્રૂર કોપ આ ઘર જ પર પૂરી રીતે વરસ્યો છે, અને જોઈતાં બલિદાનો લઇ ગયો છે અને કદાચ હજી બાકી હશે તો પૂરું કરીને શાન્ત થશે."

સુરેખા પ્રત્યે સુરેશ તથા નિર્મળા માનની દૃષ્ટિથી જોતાં અને બ્હેન ગણી સત્કારતાં.

કલ્યાણજી શેઠ પુત્રીનાં નસીબનો દોષ ગણીને ધૂતકારી કાઢતા. તેના મનમાં પ્રચંડ અગ્નિ ઝઝુમી રહ્યો હતો છતાં તે તેને વધુ ઉગ્ર બનાવવા અડગ થઇને ઊભા ન હોય તેમ ભાસતું હતું.

એક દિવસ સુરેખા ઝરુખા પર બેઠી હતી ત્યારે એક 'વર' પાડોશીને ત્યાં ચોથી વખત પરણવા આવતો હતો. કન્યા તેર વર્ષની અને વરરાજા તેનાથી ચારગણી મોટી ઉમરના હતા. એ જોઇ તેને વિચાર આવ્યો કે : "આ વૃદ્ધ ચોથી વખત પણ નિર્વિઘ્ને પરણી શકે છે અને સમાજનાં માણસો તેમાં અપૂર્વ આનંદ લે છે, પણ કદાચ આ વૃદ્ધને સ્થાને કોઇ સ્ત્રી પુનર્લગ્ન કરે તો...સમાજ તેની સામે બંડ ઉઠાવશે જ. એ અન્યાયને ન્યાય બનાવી દેશે. મારા જેવી કેટલી કુમારિકાઓનો આ માર્ગે આત્મ-ભોગો અપાતા હશે? ખેર! પણ એ સમાજની સામે બંડ ન ઉઠાવી શકાય? જરૂર ઉઠાવી શકાય. સમાજને બતાવી આપવું જોઇએ કે તું તારી ઘેલછા પાછળ કેટલાયનાં બલિદાનો લઇ રહ્યો છે, હું જરૂર બંડ ઉઠાવીશ. મન કઠણ નહિ હોય તો પત્થર મારી ક્રૂર બનાવીશ. ક્રૂરની સામે ક્રૂરતા જ કરવી જોઇએ. મારા જીવનને આ માર્ગે બેઠા બેઠા પૂર્ણ નહિ કરું, પરન્તુ એ જડ-સમાજને સંપૂર્ણ બતાવીશ. કદાચ મારી પાછળ રહેલી કુમળી બહેનોને આત્મબલિદાનો ન આપવાં પડે." ઉપરના વિચારો સુરેખાને ઉગ્ર બનાવી ગયા.

સુરેખાને સમાજમાં તો રહેવું હતું અને વિધવા તરીકે, પરન્તુ તેણી એ સમાજની દૃષ્ટિએ મનાતું વૈધવ્ય ઝાઝો વખત ન નિભાવી શકી. જીવનને સદા મહાન્ અલંકારોથી સુશોભિત–

કરવાની તમન્ના જાગી અને છેવટે એક રાતના સદાને માટે તેણે તેનો પંથ ખુલ્લો કરી દીધો. સડતી ભીતરના નેપથ્યમાં સદાને માટે અલોપ થઇ ગઇ–ઊર્મિભર્યા હૈયે, આશામય તમન્નાઓથી અને હસતે વદને.

મુંબઇ શહેરના આલિશાન ભાગમાં સુરેખાએ પોતાની જગ્યા ખોળી કાઢી કે જ્યાં શ્વેત વસ્ત્રોમાં સજ્જ થયેલ અનેક શ્રીમંતો અને કોટ પાટલુનમાં સજ્જ થયેલ ટોપાવાળાઓ આવતા, પરન્તુ તેને આ સાથે કશી નિસ્બત નહોતી. તેના હ્રદયમાં ફક્ત એક જ આશા હતી અને તે આશાના પગથિયે ચડવા આતુર હતી.

સુરેખાને એ પણ જાણવાનું મળ્યું કે: “સમાજમાં સારા દેખાતાં અને ઊજળા થઈ ફરતાં માનવીઓ રઝળતાં રઝળતાં આ આંગણાઓના શરણે આવે છે. ત્યારે ? સમાજ એ જોવા ઈન્તેજાર છે કે સંખ્યામાં દરરોજ વધારો થાય. સમાજ એ સઘળું જોઇ શકે છે. પણ...તે એ નથી જોવા ઈચ્છતો કે જે માર્ગમાં જનકલ્યાણ સમાયેલું છે. વાહ ! સમાજ તારો ન્યાય તું સારી રીતે આપે છે.

સુરેખા હવે ભૂતકાળની સુરેખા જેવી નહોતી રહી. મહાન્ અલંકારોથી અને મહામૂલ્ય વસ્ત્રોથી સજ્જ બની ગઈ હતી.

હ્રદયમાં રહેલી આશા અંતે એક દિવસ જાગૃત થઈ. સુરેખા ઝરુખે બેઠી હતી. માનવીઓ આશાતુર હૈયે ચારે કોર બારીઓ તરફ નજર ફેંકી ચાલતા હતા. મનોહરદાસની પર તેની નજર પડી. સુરેખા એકદમ વિસ્મય પામી ગઇ. તેના મનમાં અનેક શંકાઓ જાગૃત થઇ. “મનોહરદાસ શું આ ઉમરે પણ આ માર્ગે આવતા હશે ? કદાચ કામસર નીકળ્યા હોય. ના...ના... આ માર્ગે નીકળવાનું બીજું કારણ શું હોઈ શકે ?”

સુરેખા હવે ઓળખાય તેમ નહોતી. મનોહરદાસની નજર તેની પર પડી. તેની પર તુરત મુગ્ધ થઇ ગયા. તેણે સરૂપવાન કુમારિકા આ માર્ગે આજ સુધીમાં નહોતી જોઈ. તેના જ આંગણે અંતે તેની આશાઓ પૂરી કરવા તેના જ લગ્નના દલાલ આજ મસ્ત બની આવ્યા.

સુરેખાએ માનથી સત્કાર કર્યો. મનોહરદાસ તેને ઓળખી ન શકયા. સુરેખા જાણુતી જ હતી અને તેથી જ આંગણે સપડાયેલા કાળા નાગને જોઇને તેનો અંતર્આત્મા શાન્ત થયો હતો. આશાની વેલડીના પગથિયા ચણાવા શરૂ થયાં.

સુરેખાના અંતરમાં જ્યારે અનેક અવનવી ઊર્મિઓ પેદા થતી અને જ્યારે તેણી વિધવા છે તે પુનઃ યાદ આવતાં મનને સંકોચી લેતી. પરન્તુ સંકોચ કેટલો વખત ટકી શકે ?

આજે આશાના ડુંગર પર અડગ થઇને ઉન્નત મસ્તકે ખડી છે અને સમાજને તેનો બદલો આપી રહી છે.

દિનપ્રતિદિન મનોહરદાસ સુરેખાને ત્યાં દરરોજ આવવા લાગ્યા. કંજુસાઈથી ભેગું કરેલું દ્રવ્ય અહીં છૂટા હાથે વાપરતા. તેણે મનોહરદાસને એવી રીતે જાળમાં સપડાવ્યા હતા કે એક પળ પણ દૂર ન જઈ શકે.

આજે એ જ વડીલ અને એ જ લગનના દલાલ સુરેખાને ત્યાં પત્થરની માફક ઠોકરો ખાઇ રહ્યા છે અને પોતાનું સ્થાન સમાજમાં હલકું કરી રહ્યા છે.

જ્યારે મનુષ્યની આશા જેમ જેમ સફળ થતી જાય છે તેમ તેમ તેના અંતરની વ્યથા દિનપ્રતિદિન જાગૃત થતી જાય છે. જીવનના આરે ઊભેલો માનવી એ અંતરની વ્યથામાં ભાન ભૂલીને

સદાના માટે આશાના ડુંગર તળે કચરાઇ જાય છે. ઇશ્વર તેને તે જ માર્ગે તેના કરેલા પાપનો બદલો આપે છે.

સુરેખાએ આ સંસારમાં પગલાં પાડીને તેણે જે દિશામાં દૃષ્ટિ કરી તે દિશામાં તેને દેખાયું કે, શ્રાવણના કાળાં વાદળાંઓ એકઠાં થઇને રડી રહ્યાં છે. વૈધવ્ય તેના તરફ ઝેર વર્ષાવી રહ્યું છે અને સંસારની વિશાળ કુંજમાં તેનું સ્થાન રહ્યું નથી.

* * *

બાર બાર મહિનાનાં વ્હાણાં વીતી ચૂકયાં. મનોહરદાસ હવે ધીમે ધીમે ઓછા આવવા લાગ્યા, પરન્તુ સુરેખા સમજી ગઇ હતી કે તેઓ છટકવા માગે છે. જેમ એક ભમરો એક ફૂલનો રસ ચૂસી લઇને બીજા ફૂલની શોધ કરે છે તેમ મનોહરદાસ પણ બીજાની શોધ કરી રહ્યા હતા.

સમાજમાં પ્રખ્યાત અને ઊજળા થઇ ફરતા શેઠ મનોહરદાસ કેવા છે તે સમાજને ખ્યાલ નહોતો ત્યારે હવે એ સમાજ જાણશે કે આવા કીડાઓનો સદાને માટે નાશ કરવો જોઇએ.

આજે ઘણા દિન બાદ મનોહરદાસ સુરેખાને ત્યાં આવ્યા હતા. તે આજે તેનો અંત સદાને માટે લાવવા માગતી હતી. મૃત્યુની શય્યા પર પડેલી સુરેખા આજે વિહ્વળ બની ગઇ. કરુણ સ્વરે બોલી : “ કેમ શેઠ, આજે ઘણા દહાડા પછી ? ”

મનોહરદાસ સ્નિગ્ધ સ્વરે બોલ્યા : “ કુસુમ ! હમણા બહુ કામ રહે છે તેથી અવાતું નથી ! ”

કુસુમના નામથી સંબોધતા મનોહરદાસને સુરેખાએ ઉગ્ર સ્વરે કહ્યું : “ યાદ છે ને ? આપે આપેલું વચન કે ‘ હું તને મારી

સહચરી પત્ની બનાવીશ ? શેઠ હવે આપની પોલ ઝાઝા દહાડા નહિ ચાલે. આપને સારી રીતે ઓળખું છું."

મનોહરદાસ વચમાં બોલી ઊઠ્યા : "કુસુમ, તું કોની સાથે વાત કરે છે તેનું ભાન છે ?"

"કોની સાથે ? એક વૃદ્ધ સાથે. શેઠ ! એ ન ભૂલતા કે તમે આ બદનસીબ વર્તન કોની સાથે કર્યું છે. યાદ છે ને ? આજથી દોઢ વરસ પહેલા અરુણની અનિચ્છા હોવા છતાં પણ મારાં લગ્ન તેની સાથે કર્યાં હતાં. આજ તે જ સુરેખાની સાથે આપે આ વર્તન કર્યું છે. હું ઇચ્છતી હતી તે આજે સફળ કરી ચૂકી છું."

મનોહરદાસ ધ્રુજતા સ્વરે બોલ્યા : "કોણ ? સુરેખા."

"હા. આપ એ નામથી ડરો છો કેમ ? હવે શરમ આવે છે ને ? મને એ ખબર નહોતી કે આપની જેવા ઊજળા થઇ ફરતાં શ્રીમંતો આ માર્ગે દોરાતા હશે. પરન્તુ આજે સંપૂર્ણ રીતે જાણી ચૂકી છું." થોડીક પળો બાદ પુનઃ બોલી : "આ પુત્ર આપનો છે, આપે તેને લઇ જવો પડશે અને સંપત્તિનો માલીક કરવો પડશે. આપ તેમ નહિ કરો તો મારે તમને અદાલતનાં પગથિયાં ચડાવવા પડશે." વધુ આગળ તે ન બોલી શકી. ગળું સૂકાઇ ગયું.

મનોહરદાસ કંઇ બોલી શકયા નહિ. સુરેખાના ડરથી અને સમાજની બીકથી તેને અંતે તેમ કરવું પડયું.

આજે સુરેખા તે જોઇને ઘણી ખુશ થઈ છે. સુરેખાનું વદન આજે વધુ પ્રફુલ્લિત છે. જીવનના સામે કિનારે આજે મૃત્યુની

બંસરી વાગી રહી છે ત્યારે સુરેખાના વદન પર જીવનની મહત્વાકાંક્ષાનું તેજ પ્રગટયું છે ! સડતી ભીતરમાં બાર–બાર મહિનાઓ પોતાની તમન્નાઓ પૂરી કરવા પાછળ પૂરા કર્યા અને આજે તે પોતાની તમન્નાઓ પૂરી કરીને મૃત્યુની શય્યા પર મીઠી નિંદ લઈ રહી છે અને તે નિદ્રામાં પરમાત્માને નિહાળી રહી છે.

Sha. Chandulal Gangji Gala.

Nana. asmbia Cutch

